॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# આપણું વડતાલધામ


**લેખક :** સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી
(સાહિત્ય-વિશારદ)





**પ્રસિદ્ધ કર્તા :**
શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલધામ





આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# આપણું વડતાલધામ



**લેખક**

સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ) - વડતાલધામ

**સંપાદક**

સ્વામી શ્યામવલ્લભદાસજી : વડતાલધામ

**પ્રકાશક**

શ્રીસ્વામિનારાયણ મંદિર : વડતાલધામ

# આપણું વડતાલધામ

**લેખક :** સદ્ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

**પ્રકાશક :** શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ
મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા. પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬.
E-mail : vadtaldhamvikas@gmail.com
Web : www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** સં. ૨૦૭૬, કાર્તિકી સમૈયો, તા. ૬ થી ૧૨ નવેમ્બર, ૨૦૧૯
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ
''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે''

**આવૃત્તિ :** પ્રથમ (ઈ.સ. ૨૦૧૯)

**પ્રત:** ૩૦૦૦

**કિંમત :** ₹ ૧૩૦/- (સૌજન્યને આભારી વેચાણ કિંમત ₹ ૫૦/-)

**સૌજન્ય :** પ.ભ. શ્રી અમિતકુમાર દિલીપભાઈ પટેલ -વડતાલ

**ISBN : 978-81-940549-4-8**

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ.
ફોન. (૦૭૯) ૨૬૪૪૧૫૨૨ (મો.) ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬
E-mail : shreejiart@gmail.com, Web : www.shreejiarts.org


॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥



**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ૫૬/૨૦૭૫ — ता. ૦૭-૧૦-૨૦૧૯

## આશીર્વાદપત્ર

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણમહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદીના પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

સદ્.સ્વા.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી (સાહિત્ય વિશારદ) વડતાલધામ દ્વારા સંશોધિત અને સ્વા.શ્રી શ્યામવલ્લભદાસજી દ્વારા સંપાદિત **“આપણું વડતાલધામ”** નામક પુસ્તક જયારે વચનામૃત દ્વિશતાબ્દી મહામોહત્સવ અંતર્ગત પ્રકાશીત થવા જઈ રહ્યું છે. તેનો અમો આનંદ વ્યક્ત કરીએ છીએ.

**વૃતપુર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય ।**
**વૃષસુત તણી મુખ્ય ગાદી જ્યા છે, ત્રિભુવન તત્વ અનેક તીર્થ ત્યા છે ॥**

આવો અગાધ મહિમા જે ધામનો છે એવા વડતાલધામના મહિમાનું આચમન કરવાનો પુણ્ય અવસર આ પુસ્તકના માધ્યમે સહુને મળશે. દર્શનાર્થે આવતા યાત્રાળુઓ જયારે મહિમા જાણીને દર્શન કરશે; ત્યારે તેના મનમાં વિશેષ આનંદ થશે. પ્રસ્તુત પુસ્તકનાં વાંચન મનન તથા વડતાલધામનાં દર્શનથી ભક્તોને ભક્તિ,ઉપાસના, મહિમા પુષ્ટી થનાર છે. આપ દ્વારા પૂર્વે ઘણા મનનીય પુસ્તકોનું લેખન-સંશોધન થયું છે. અમોને શ્રધ્ધા છે કે, પ્રસ્તુત પુસ્તક દ્વારા ભક્તોનાં હૃદયમાં વડતાલધામનો મહિમા વિશેષ દ્રઢ થશે. આ પુસ્તક પ્રકાશનમાં સહયોગ આપનાર તમામ ભક્તોનું વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ મંગલ વિસ્તારે તેવી તેમનાં ચરણ કમળમાં પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ

આચાર્ય મહારાજ શ્રી

## શુભાશિષ

**''ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત રે;**
**ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જ્યાં હરિ ફર્યા બહુવાર રે.**
**બહુ પેરે ઉઘાડ્યા છે બાર રે, અક્ષરધામે જાવા આ વાર રે;**
**તે તો પુરુષોત્તમ પ્રતાપે રે, બહુ ઉદ્ધારિયા જન આપે રે.''**

**– પુરુષોત્તમ પ્રકાશ : ૨૬**

હે વહાલા સંતો-ભક્તો ! વડતાલધામને અનંતકોટિ બ્રહ્માંડોમાં કોઈની ઉપમા ન આપી શકાય; કારણ કે અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાને સ્વયં પોતાનું સ્વરૂપ પોતાના હાથે જ વડતાલધામમાં પધરાવેલ છે, માટે અક્ષરધામ સિવાય કોઈ પણ ધામને એની ઉપમા ન દઈ શકાય.

હે ભક્તો ! આવા સર્વોપરી ધામમાં જેને રહેવા મળ્યું હોય, એનાં મોટાં ભાગ્ય સમજવાં, તેમજ જેને દર્શન કરવાં મળ્યાં હોય, એનાં પણ મોટાં ભાગ્ય જાણવાં, કારણ કે સ્વયં અક્ષરાધિપતિ શ્રીહરિકૃષ્ણ મહારાજ રૂપે પ્રત્યક્ષ દર્શન આપીને મોક્ષનું અભયદાન આપી રહ્યા છે.

હે ભક્તો ! ઘેર એક માળા કરો કે એક રૂપિયાનું દાન કરો કે અધ્યાત્મ સંબંધી કોઈ પણ શુભ કાર્યો કરો, એનું ફળ શાસ્ત્રમાં લખ્યા મુજબ મળી રહે છે; પરંતુ જો એટલી જ સંખ્યામાં પ્રસાદીનાં સ્થાન એવાં વડતાલધામમાં ઉપરોક્ત કહ્યા મુજબ કરવામાં આવે તો અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે અને અધ્યાત્મમાર્ગે આગળ વધી શકાય છે.

હે ભક્તો ! આ પુસ્તક **''આપણું વડતાલધામ''** અમારા મંડળના સ્વામી **બ્રહ્મસ્વરૂપદાસે** લખ્યું છે, તે માટે અમો શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે એમને પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપે અને રાજી થાય એ સાથે અમો અમારા અંતરના આશિષ પાઠવીએ છીએ.

**લિ. શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીના**
હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ
શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ
મુખ્ય કોઠારી વડતાલ - સંસ્થાન્





જયતિ જયતિ ધન્યં ગ્રામ વૃત્તાલયાખ્યં ।
જયતિ જયતિ ધન્યં ધામ વૃત્તાલયાખ્યમ્ ॥
જયતિ જયતિ ધન્યં તત્સ્થિતં દેવ વૃન્દં ।
જયતિ જયતિ ધન્યં તત્સ્થિતં સાધુ વૃન્દમ્ ॥

## લેખક તરફથી.....

હે વહાલા સંતો-ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી 'અર્ચાવતાર સ્તોત્ર'માં વડતાલનો મહિમા લખતા જણાવે છે કે, ''વડતાલ ગામ ધન્ય છે. વડતાલ ધામ ધન્ય છે. વડતાલ ધામમાં રહેલા સમગ્ર દેવવૃંદને ધન્ય છે અને વડતાલ ધામમાં રહેલા સમગ્ર સંતવૃંદને પણ ધન્ય છે. આ દરેક સર્વત્ર જયકારી પ્રવર્તે છે, જયકારી પ્રવર્તે છે.

હે ભક્તો ! જે માણસ પ્રયાગરાજમાં જઈને એક વર્ષ પર્યંત જપ, તપ, વ્રત કરે તથા એક વર્ષ પર્યંત ત્રિવેણી સંગમમાં સ્નાન કરે, તેને જે ફળ મળે - જે પુણ્ય મળે, તે ફળ અને તે પુણ્ય વડતાલનાં પ્રસાદીનાં સ્થાનોનાં મહિમા સહિત દર્શન કરનારાઓને મળે છે; કારણ કે આ ભૂમિ પ્રગટ પ્રભુનાં પાવન પગલાંથી પવિત્ર બનેલ છે. પ્રગટ પ્રભુના સ્પર્શથી અને દૃષ્ટિથી પ્રસાદીની બનેલ છે.

હે ભક્તો ! આ વડતાલધામ એટલે પૃથ્વી પરનું અક્ષરધામ; કારણ કે અહીં સર્વાવતારી શ્રી હરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષરૂપે દર્શન આપી રહ્યા છે. વડતાલધામ એટલે વૈકુંઠધામ; કારણ કે અહીં શ્રીલક્ષ્મીનારાયણદેવ સાક્ષાત્ દર્શન દઈ રહ્યાં છે અને વડતાલધામ એટલે ગોલોકધામ; કારણ કે દ્વારિકાથી રણછોડરાય તીર્થો સહિત અહીં પધાર્યા છે.

હે ભક્તો ! આવા ત્રિપલધામનાં એક જ સ્થાને દર્શન આખા બ્રહ્માંડમાં ક્યાંય પણ ન મળે. માટે આવો મહિમા સમજી જરૂર ને જરૂર વડતાલધામમાં ભજન-ભક્તિ કરવા, દર્શન કરવા, સેવા કરવા, દાન કરવા, અનુષ્ઠાન કરવા અને **'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ૨૦૭૬'** માં મોક્ષનું ભાતું ભરવા આવવું જોઈએ.

હે ભક્તો ! પુસ્તક લખવાની પ્રેરણા વડતાલ સંસ્થાના સક્રિય કાર્યકર્તા એવા મારા ગુરુબંધુ **સ્વામી શ્યામવલ્લભદાસજી**એ કરી હતી. તેમજ વડતાલ મંદિરના આ. કોઠારી એવા મારા ગુરુભાઈ **ડો. શાસ્ત્રી સંતવલ્લભ સ્વામી** (PH.D., D.LITT) એ આ પુસ્તકનું નામાભિધાન **''આપણું વડતાલધામ''** કરેલ છે તથા આ પુસ્તકનું ફાઈનલ પ્રૂફ જોવાની સેવા ગુરુબંધુ **શા. અમૃતવલ્લભદાસજી**એ કરેલ છે. આ ત્રણેય ગુરુભાઈઓને શ્રીહરિકૃષ્ણ મહારાજ પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપે એવી મારી પ્રાર્થના છે.

હે ભક્તો ! અંતમાં એટલું જ લખીશ કે, આ પુસ્તક એટલે કે **''આપણું વડતાલધામ''** લખવાના કારણે વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણદેવ, પ.પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ, વડતાલ મંદિરના મુખ્ય કોઠારી, પ.પૂ. મારા ગુરુ સ.ગુ. શા. ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી, વડતાલ મંદિરના ચેરમેન પ.પૂ. દેવપ્રકાશદાસજી સ્વામી તેમજ દરેક સંતો-ભક્તો મારા ઉપર રાજી થાય અને શુભાશિષ આપે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

**લિ. સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના ઘણા**
**હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.**

તા. ૧૫-૮-૨૦૧૯
શ્રાવણ સુદ-પૂનમ
વડતાલધામ

## પ્રકાશકીયમ્.....

આજના ઘોંઘાટભર્યા વાતાવરણમાં કોઈ જો **''વડતાલધામ''** શબ્દ સાંભળે તો તેના કાનમાં અમૃત રેડીએ; એટલો આનંદ થાય છે કારણ કે; અહીં કારણના કારણ; ઈશ્વરના પણ ઈશ્વર પરબ્રહ્મ પરમાત્મા ભગવાનશ્રી સ્વામિનારાયણ; **''શ્રીહરિકૃષ્ણ મહારાજ''** સ્વરૂપે સાક્ષાત્ બિરાજમાન છે. એટલે જ ધરતી પરનુ અક્ષરધામ વડતાલ ગામ છે. આ અક્ષરભૂમિના કણ કણમાં સહજાનંદ અને પાંચસો પરમહંસોની પદરજના સ્પંદનો ગુંજી રહ્યા છે.

આ દિવ્ય ગુંજનનો રણકાર મહિમાભરી આંખોમાં મૂર્તિમંત બનીને નદીમાં નાંખેલા ફુલની જેમ તરતો રહ્યો છે, રહે છે અને રહેશે. આ ગ્રંથ વાંચતા પ્રત્યેક પ્રસંગો નજર સમક્ષ ઊપસી આવે છે. એટલે આજ આ નાનકડો ગ્રંથ બહુમૂલ્યવાન બની રહેશે; એવો વિશ્વાસ વ્યક્ત કરુ છું.

આ સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોચ્ચ તીર્થસ્થાન છે.

આ લક્ષાવધિ આત્માઓનું આસ્થા કેન્દ્ર છે.

આ આપણું ઉપાસનાનું આગવું અને અનોખું કેન્દ્ર છે.

શ્રીહરિકૃષ્ણ મહારાજ અહીં સાક્ષાત્ બિરાજે છે.

આ આપણું આજ્ઞાકેન્દ્ર પણ છે, શિક્ષાપત્રી અહીં જ લખાણી છે.

અહીં સદેહ રહેવાથી વિદેહ મુક્ત જેવું સુખ મળે છે. અહીં તન, મન, ધનની સેવા કરવાનો અવસર; એજ પ્રાપ્ત કરે છે જેના પર ભગવાન શ્રીહરિ કૃપા કળશ ઢોળે છે.

આજ વડતાલની સરળ અને સચોટ મહિમાસભર માહિતી પુસ્તિકાની જરૂર વારંવાર જણાતી હતી. નાના મોટા સંઘ આવે; વડતાલની વિગત જાણવા માહિતી માંગે ત્યારે આ વિચાર આવ્યા કરતો હતો. એક દિવસ અચાનક જ પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામી યાદ આવ્યા. પૂ. શ્યામ સ્વામીએ જરૂરી વિગતો સાથે આ પુસ્તિકા તૈયાર કરવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ આ સેવા સહર્ષ સ્વીકારી અને અલ્પ સમયમાં મહત્ સાહિત્યના સારરૂપ એવું **''આપણું વડતાલધામ''** નામક પુસ્તક લખીને તૈયાર કર્યું છે.

આપણા સત્સંગના ઈતિહાસમાં અશ્રુતપૂર્વ પ્રસંગ એટલે આગામી **''વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ-૨૦૭૬''** પ્રસંગે આ પુસ્તક પ્રકાશિત કરવાનું નિરધાર્યું છે.

આ ગ્રંથના લેખનકાર્યથી લેખકની કલમ ધન્ય બની છે. સૌજન્ય દ્વારા દાતાની લક્ષ્મી સાર્થક બની છે. આ ગ્રંથ વાંચીને આપના હૃદયમાં વડતાલધામ પ્રત્યે સદ્‌ભાવ વધે; પ્રકાશન પણ સાર્થક બની રહેશે; એજ આશા સાથે આ કાર્યમાં સહયોગી **પૂ.શ્યામ સ્વામી; પૂ.અમૃત સ્વામી, નિકિત** વગેરે પર **પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજ; મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી; ચેરમેન પ.પૂ. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી** વગેરેનો રાજીપો રહે; એજ અભ્યર્થના.

**ડો. શાસ્ત્રી સંતવલ્લભદાસ (PH.D., D.LITT)**
**આ. કોઠારી વડતાલધામ મંદિર**



## હાર્દિક અભિનંદન

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી

**શ્રી હરિકૃષ્ણ મહારાજ** તથા **શ્રી લક્ષ્મીનારાયણ આદિ દેવોની પ્રસન્નતાર્થે તથા**

સદ્‌ગુરૂ શ્રી મંજુકેશાનંદ સ્વામીની પરંપરાના મહાન સંત

**પ.પૂ. સદ્. પુજારીશ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી - અથાણાવાળા - વડતાલની**

પુણ્ય સ્મૃતિમાં

વડતાલ-મંદિરના મુખ્ય કોઠારી

**સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

ના સેવક આ.કો. સંતવલ્લભ સ્વામીની પ્રેરણાથી

પ.ભ. અ.નિ. દિલીપભાઈ રામભાઈ પટેલ

અ.નિ. ગં.સ્વ. અંજનાબેન દિલીપભાઈ પટેલ

હસ્તે.

**સુપુત્ર** : પ.ભ. શ્રી અમિતકુમાર દિલીપભાઈ પટેલ

**પુત્રવધુ** : અ.સૌ. શ્રીમતી દિગીશાબેન અમિતકુમાર પટેલ

આર. એસ. પરિવાર - ગામ : વડતાલ

તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

તેમના સહયોગથી આ પુસ્તકનું પ્રકાશન થયું છે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | વડતાલધામ એટલે ? | ૧૩ |
| ૨ | વડતાલ મંદિર એટલે ? | ૧૫ |
| ૩ | વડતાલધામ તીર્થરાજ | ૧૬ |
| ૪ | પ્રસાદીનાં સ્થાનનો મહિમા | ૧૭ |
| ૫ | વડતાલધામની વિશેષતાઓ | ૧૮ |
| ૬ | લક્ષ્મીજીનું સાધના સ્થળ | ૧૯ |
| ૭ | વર્ણિવેષે વડતાલમાં - ઘેલા હનુમાન | ૨૧ |
| ૮ | બદરિકાશ્રમના મુનિ વડતાલમાં | ૨૨ |
| ૯ | બાપુભાઈને ઘેર શ્રીજી પધાર્યા | ૨૩ |
| ૧૦ | ભક્તરાજ વાસણ સુતાર | ૨૪ |
| ૧૧ | આદર્શ ભક્ત જોબનપગી | ૨૫ |
| ૧૨ | મેડીએ બેઠા મહારાજ | ૨૬ |
| ૧૩ | બામરોલીની રાયણ | ૨૮ |
| ૧૪ | રાયણે અનેક વખત ઝૂલ્યા | ૨૯ |
| ૧૫ | બામરોલીની કોઠીનો ઈતિહાસ | ૩૦ |
| ૧૬ | પ્રસાદીનાં વડેઉ માતા | ૩૨ |
| ૧૭ | સોનાર કુઈ | ૩૪ |
| ૧૮ | ગોપી તળાવ | ૩૫ |
| ૧૯ | તાડણ તળાવ | ૩૬ |
| ૨૦ | ધના તળાવ - ચંદન તલાવડી | ૩૭ |
| ૨૧ | ગંગાજળીયો કૂવો | ૩૮ |
| ૨૨ | જ્ઞાન કૂવો | ૩૯ |
| ૨૩ | સુંદર પગીનો કૂવો | ૪૦ |
| ૨૪ | પ્રસાદીનાં ખોડિયાર માતા | ૪૨ |
| ૨૫ | જ્ઞાનબાગ - બેઠક | ૪૩ |
| ૨૬ | બાર બારણાંના હિંડોળે ઝૂલ્યા | ૪૪ |
| ૨૭ | જ્ઞાનબાગમાં ભવ્ય રંગોત્સવ | ૪૫ |
| ૨૮ | વડતાલ મંદિર ખાતમુહૂર્ત | ૪૭ |
| ૨૯ | બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા | ૪૮ |
| ૩૦ | શ્રીહરિજી ૩૭ ઈંટો ઉપાડીને લાવ્યા | ૪૯ |
| ૩૧ | લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ લાવ્યા | ૫૦ |
| ૩૨ | પ્રભુએ પૂતળાં નચાવ્યાં | ૫૨ |
| ૩૩ | નારાયણનાં આયુધો સવળાં થયાં ! | ૫૪ |
| ૩૪ | અઢાર મૂર્તિઓની સ્થાપના | ૫૫ |
| ૩૫ | શ્રીહરિજીએ ૧૧ રૂપો ધારણ કર્યાં ! | ૫૬ |
| ૩૬ | વાસુદેવ અને હરિકૃષ્ણની એકતા | ૫૭ |
| ૩૭ | શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ છે | ૫૯ |
| ૩૮ | શ્રીહરિકૃષ્ણ મહારાજ બોલ્યા | ૬૧ |
| ૩૯ | પ્રસાદીના દેવોનો મહિમા | ૬૨ |
| ૪૦ | લક્ષ્મીજીએ આવીને બ્રહ્મચારીને ઊભા કર્યા ! | ૬૩ |
| ૪૧ | સૂર્યનારાયણ વડતાલ પધાર્યા | ૬૪ |
| ૪૨ | દ્વારિકાધીશ વડતાલ પધાર્યા ! | ૬૫ |
| ૪૩ | ગોમતીજી વડતાલ પધાર્યા | ૬૬ |
| ૪૪ | શ્રીહરિજીએ ગોમતીજીનો મહિમા કહ્યો | ૬૭ |
| ૪૫ | તપ્તમુદ્રા મહિમા | ૬૮ |
| ૪૬ | પ્રસાદીના હનુમાનજી - ગણપતિજી | ૬૯ |
| ૪૭ | નારાયણમોલ | ૭૦ |
| ૪૮ | શ્રીહરિમંડપ | ૭૧ |
| ૪૯ | શિક્ષાપત્રી - લેખન | ૭૨ |
| ૫૦ | વડતાલમાં વીશ વચનામૃત | ૭૩ |
| ૫૧ | આચાર્ય - સ્થાપના | ૭૪ |
| ૫૨ | સંતોની - ધર્મશાળા | ૭૫ |

| | | |
|---|---|---|
| ૫૩ | અક્ષર-ભૂવન | ૭૬ |
| ૫૪ | રણછોડરાયની પ્રતિષ્ઠા | ૭૮ |
| ૫૫ | પ્રસાદીનો લીમડો | ૭૯ |
| ૫૬ | પ્રસાદીનો બુરજ | ૮૦ |
| ૫૭ | પ્રદક્ષિણાની છત્રી | ૮૧ |
| ૫૮ | પ્રસાદીનો ગાદીવાળો મેડો | ૮૨ |
| ૫૯ | વિશાળ સભામંડપ | ૮૩ |
| ૬૦ | પ્રસાદીનો નારાયણબાગ અને કૂવો | ૮૪ |
| ૬૧ | શમી-પૂજન | ૮૫ |
| ૬૨ | ગોમતીજી વચ્ચેની છત્રી | ૮૬ |
| ૬૩ | ગોમતીજી કિનારેનાં વચનામૃતો | ૮૭ |
| ૬૪ | કેદારેશ્વર મહાદેવજી | ૮૮ |
| ૬૫ | ગોમતીજીના સામે કિનારેની છત્રી | ૮૯ |
| ૬૬ | ગોમતીજી કિનારે ઓટો | ૯૦ |
| ૬૭ | રઘુવીર બાગ - (વાડી) | ૯૧ |
| ૬૮ | વાંદરાઓ પાસે માળા ફેરવાવી | ૯૨ |
| ૬૯ | બ્રાહ્મી વનસ્પતિ | ૯૩ |
| ૭૦ | આચાર્યશ્રી સ્મૃતિ મંદિર | ૯૩ |
| ૭૧ | ઉપસંહાર | ૯૪ |




॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

**''સર્વાવતાર ધર્તારં ભુક્તિ મુક્તિ પ્રદાયકમ્ ।
વંદેऽહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણં મનોહરમ્ ॥''**

## ''પૂર્વ-ભૂમિકા''

હે વહાલા સંતો-ભક્તો ! અઢારમી સદી એટલે અંધાધુંધ અને અરાજકતાનો આકરો સમય. 'મારે એની તલવાર' 'સુંડલે ઉચાળા' એવી પરિસ્થિતિ હતી. ચોરી, લૂંટફાટ, અનીતિ અને અત્યાચારોની આગથી ગુજરાતની ધરતી સળગી રહી હતી. રક્ષક રાજાઓ જ ભક્ષક બન્યા હતા. પ્રજાનું પુત્રની જેમ પોષણ કરવાને બદલે શોષણ કરતા હતા. અંધશ્રદ્ધા અને વહેમોની ચુંગાલમાં મોટા ભાગના માનવીઓ ઘેરાયેલા હતા. આસુરીવૃત્તિવાળા બાવાઓના ત્રાસથી સંતો અને સજ્જન પીડાઈ રહ્યા હતા.



ભક્તો ! આવા કપરાકાળમાં અને આવી વિકટ વેળાએ અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતી, કુટાતી માનવજાતના ઉત્થાન માટે અને ઉદ્ધાર માટે અનંતકોટિ બ્રહ્માંડોના મહાનાયક-અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ, સર્વોપરી-સર્વાવતારી જે આદિનારાયણ ભગવાન કહેવાય છે, તે જ મહાપ્રભુ આ પૃથ્વી પર પ્રગટ થઈ સ્વામિનારાયણ ભગવાન તરીકે ઓળખાયા.

**''જે હરિ અક્ષરબ્રહ્મ આધાર કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેખ સહસ્ત્ર મુખ ગાય, નિગમ નેતી કહે રે લોલ.''
– પ્રેમાનંદ સ્વામી**

હે ભક્તો ! ધરતી પર અવતાર ધારણ કરવાનું પરબ્રહ્મ પરમાત્માનું મુખ્ય કારણ તો પોતાના પ્રેમી ભક્તોની મનોકામના પૂરી કરી તેઓને લાડ લડાવવા અને અન્ય અનંત મુમુક્ષુઓ ઉપર અકારણ કરુણા કરી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી અંતે અક્ષરધામમાં લઈ જઈ પોતાની મૂર્તિના સુખે સુખિયા કરવા એ જ છે.

હે ભક્તો ! ભગવાન સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮ માં વચનામૃતમાં સ્વયં કહે છે કે, ''અક્ષરાતીત ને મન-વાણી થકી અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, 'જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુલોકના મનુષ્ય તે સર્વે મને દેખો.'' એમ ધારીને સત્ય સંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે. આ અહૈતુકી કરૂણા જ આ બ્રહ્માંડમાં તેઓના પ્રાગટ્યનું નિમિત્ત બની છે. તેથી તો વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ શ્રીહરિજીની અહૈતુકી કરૂણાની ઝાંખી કરાવતા પોતાની કલમે કંડારે છે કે,



**''આપ ઈચ્છાએ આવિયા, કરવા કોટિકોટિનાં કલ્યાણ;**
**દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ.**
**લેરી આવ્યા આજ લે'રમાં, મે'ર કરી મેરબાન;**
**અનેક જીવ આશ્રિતોને, આપવા અભયદાન.**
**– ભક્તનિધિ કડવું-૧**

હે ભક્તો ! આ કળિયુગનાં નરનારીઓ ઉપર અપાર કરૂણા કરી મહાપ્રભુ શ્રીહરિજી મહારાજ ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાના છપૈયા ગામમાં સંવત્ ૧૮૩૭ ચૈત્ર સુદ નવમી તા. ૨-૪-૧૭૮૧ ની રાત્રીની દસ ઘડી વીત્યા બાદ (૧૦/૧૦ કલાકે) પ્રગટ થયા હતા.

હે ભક્તો ! છપૈયા ગામમાં ત્રણ વર્ષ સુધી બાળલીલા કરીને પોતાનાં માતા-પિતા ધર્મદેવ અને ભક્તિમાતા સાથે અયોધ્યામાં આવ્યા. ત્યાં પોતાની ઉંમર ૧૧ વર્ષ ૩ માસ અને ૧ દિવસની થઈ ત્યાં સુધી રોકાયા બાદ તપને નિમિત્ત કરી તીર્થોને વિશેષ તીર્થત્વ આપવા અને અનેક મુમુક્ષુઓને દર્શન દેવા અયોધ્યા નગરીનો ત્યાગ કરી વનની વાટ લીધી.

હે ભક્તો ! ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ સુધી વન-વિચરણ અને તીર્થાટન કરી લોજપુરમાં આવી રોકાયા. ત્યાં સદ્ગુરુ રામાનંદ સ્વામીનો ગુરુ તરીકે સ્વીકાર કરી પીપલાણા ગામે તેઓ પાસેથી દીક્ષા લીધી. ત્યાર પછી જેતપુરમાં ગુરુએ ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય તરીકે ગાદીએ બેસાડ્યા.

હે ભક્તો ! જેતપુરથી પ્રગટ પ્રભુ ફરેણી ગામ પધાર્યા. ત્યાં ગુરુદેવ રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા. તેઓના ચૌદમાને દિવસે સંવત્ ૧૮૫૮ના માગસર વદ એકાદશી તા. ૩૧-૧૨-૧૮૦૧ ના પવિત્ર દિવસે જાહેર સભાને સંબોધી પોતાના સ્વામિનારાયણ નામની ઘોષણા કરી તે જ નામને જપવાની સંપ્રદાયના સર્વે અનુયાયીઓને આજ્ઞા કરી. ત્યારબાદ ઉદ્ધવ સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે જાણીતો થયો.

હે ભક્તો ! ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય બન્યા પછી સોરઠ, કાઠિયાવાડ, કાનમ, ઝાલાવાડ વગેરે પ્રદેશોમાં વિચરણ કરતા કરતા પ્રગટ પ્રભુ ચરોતર પ્રદેશમાં આવેલ વડતાલ ગામને 'વડતાલધામ' બનાવવા પધાર્યા.



## (૧) વડતાલધામ એટલે ?



| |
|---|
| વડતાલધામ એટલે પૃથ્વી પરનું અક્ષરધામ. |
| વડતાલધામ એટલે સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની. |
| વડતાલધામ એટલે પ્રગટ પ્રભુનાં પાવન પગલાંથી પવિત્ર થયેલ ભૂમિ. |
| વડતાલધામ એટલે શ્રીહરિકૃષ્ણ મહારાજને હંમેશાં રહેવાનું નિવાસસ્થાન. |
| વડતાલધામ એટલે શિક્ષાપત્રી શાસ્ત્રનું પ્રાગટ્ય સ્થાન. |
| વડતાલધામ એટલે આજ્ઞા અને ઉપાસનાનું મુખ્ય કેન્દ્ર. |



**શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ**

| |
|---|
| વડતાલધામ એટલે સ્વામિનારાયણ ભગવાનનું વહાલું ધામ. |
| વડતાલધામ એટલે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીનું પ્રિય ધામ. |
| વડતાલધામ એટલે મહાલક્ષ્મી માતાએ તપશ્ચર્યા કરેલ સ્થાન. |
| વડતાલધામ એટલે દ્વારિકાધીશે આવીને કાયમ માટે નિવાસ કરેલ ધામ. |
| વડતાલધામ એટલે પ્રગટ પ્રભુએ પોતાનું સ્વરૂપ સ્વહસ્તે પધરાવેલ એકમાત્ર ધામ. |
| વડતાલધામ એટલે નવનિયુક્ત આચાર્ય મહારાજશ્રીનું સ્થાન. |
| વડતાલધામ એટલે મુમુક્ષુ પાર્ષદોને સંત-દીક્ષા લેવાનું સ્થાન. |
| વડતાલધામ એટલે ભક્તરાજ જોબનપગીનું જન્મ સ્થાન. |
| વડતાલધામ એટલે ભક્તરાજ બાપુભાઈની જન્મભૂમિ-કર્મભૂમિ. |
| વડતાલધામ એટલે સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીનું સંગ્રહ સ્થાન. |
| વડતાલધામ એટલે મહામુક્ત મુક્તાનંદ સ્વામી દ્વારા કરાવેલ સત્સંગનું ગામ. |
| વડતાલધામ એટલે પવિત્ર પરમહંસોનાં પાવન પગલાં પડેલ પરમ ધામ. |
| વડતાલધામ એટલે પ્રસાદીનાં અનેક સ્થાનોથી શોભતું પવિત્ર ધામ. |
| વડતાલધામ એટલે વીશ વચનામૃતોની પ્રાગટ્યભૂમિનું સ્થાન. |
| વડતાલધામ એટલે દ્વારિકાથી આવેલ ગોમતીજીનું નિવાસસથાન. |
| વડતાલધામ એટલે સ્વામિનારાયણ મહામંત્રથી અખંડ ગુંજતું ધામ. |

**''વસ્યા જહાં અક્ષરના નિવાસી, તે તુલ્યતા કોણ કહેજ કાશી;**
**માહાત્મ્ય તેનું મનમાં વિચારે, દ્વારાવતીને વળતી વિસારે.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૫**

**''વૃતપુર મહિમા કહ્યો ન જાય, કદી મુખ શેષ સહસ્ત્ર કલ્પ ગાય;**
**વૃષસુત તણી મુખ્ય ગાદી જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યા છે.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૩**



## (૨) વડતાલ મંદિર એટલે...



વડતાલ મંદિર એટલે શ્રીહરિજીની આજ્ઞાથી બનાવવામાં આવેલ મંદિર.
વડતાલ મંદિર એટલે શ્રીહરિજી દ્વારા ભૂમિપૂજન કરાયેલ મંદિર.
વડતાલ મંદિર એટલે બ્રહ્માનંદ સ્વામી દ્વારા બાંધવામાં આવેલ ભવ્ય મંદિર.
વડતાલ મંદિર એટલે શ્રીહરિજીની દેખરેખ નીચે તૈયાર થયેલ મંદિર.
વડતાલ મંદિર એટલે નવ લાખ ઈંટો દ્વારા પાયો પુરાયેલ મહા મંદિર.
વડતાલ મંદિર એટલે નવ શિખર દ્વારા કમળાકાર શોભતું સુંદર મંદિર.
વડતાલ મંદિર એટલે શ્રીહરિજી દ્વારા પ્રતિષ્ઠિત લક્ષ્મીનારાયણ દેવનું દર્શનીય મંદિર.
વડતાલ મંદિર એટલે ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજનું નયનરમ્ય મંદિર.
વડતાલ મંદિર એટલે શ્રીહરિજી દ્વારા લાવવામાં આવેલ ઈંટોથી ઓપતું મંદિર.
વડતાલ મંદિર એટલે સંતો-પાર્ષદો અને સત્સંગીઓની સેવાથી તૈયાર થયેલ મંદિર.
વડતાલ મંદિર એટલે અનેક અવતારોનાં સ્થાનોથી શોભી રહેલ મહામંદિર.
વડતાલ મંદિર એટલે શ્રીહરિજી દ્વારા નૃત્ય કરવાયેલ પુતળાંથી શોભતું મંદિર.
વડતાલ મંદિર એટલે શ્રીહરિજીએ એક સાથે અનેકરૂપ ધારણ કરી આરતી ઉતારેલ મંદિર.
વડતાલ મંદિર એટલે મુમુક્ષુઓ માટે મુક્તિનું સદાવ્રત આપતું મંદિર.

## (૩) ''વડતાલધામ તીર્થરાજ'

**''એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે;**
**ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૩, કડી.૬૧**



હે ભક્તો ! હિન્દુસ્તાન એ તીર્થોનો અણમોલ ખજાનો છે. વિશ્વના અનેક દેશોમાં ભૌતિકતાની બોલબાલા છે, પરંતુ ત્યાં તીર્થો જોવાં મળતાં નથી. ત્યાં મોટી મોટી ૬૬૭૧ કિલોમીટર જેટલી નાઈલ જેવી નદીઓ લાંબી છે; પણ એને કોઈ તીર્થ કહેતું નથી, કારણ કે તેના પાણીમાં પ્રગટ પ્રભુએ ક્યારેય સ્નાન કરેલ નથી. પરંતુ વડતાલધામમાં આવેલ ગોમતી તળાવ છે, તેમાં તો પ્રગટ ભગવાન સ્વામિનારાયણે અનેકવાર સ્નાન કરી તેને વિશેષ તીર્થત્વ આપેલ છે, તેથી તેને તૂલ્ય નાઈલ કે એમેઝોન જેવી લાંબી લાંબી નદીઓ કે વિક્ટોરિયા અને મિસિગન જેવાં વિશાળ સરોવરો આવે નહિ.

હે ભક્તો ! ભારત દેશની પવિત્ર ભૂમિમાં ભગવાન અને પવિત્ર સંતોનાં પાવન પગલાંને કારણે ઠેર-ઠેર તીર્થ-ક્ષેત્રો પથરાયેલાં છે. એવાં તીર્થોમાં પણ અમુક તીર્થો તો એવાં છે કે જેનું વર્ણન શેષજી પણ હજારમુખે વર્ણન ન કરી શકે અને એ તીર્થ એટલે વરતાલધામ ! કારણ કે વડતાલ ગામમાં સ્વયં પ્રગટ પ્રભુ ભગવાન સ્વામિનારાયણે ૪૫ વાર પધારી આખા ગામની ધરતીને પોતાના પાવન પદારવિંદથી પવિત્ર કરેલ છે. તેના કારણે વરતાલ ગામને વડતાલધામ અને તીર્થરાજ પણ કહેવાય છે.

હે ભક્તો ! ભારતમાં અનેક તીર્થો છે. તેમાં પણ અડસઠ તીર્થો મુખ્ય ગણાય છે. તેમાંય પણ અયોધ્યા, મથુરા, હરિદ્વાર, કાશી, કાંચી, ઉજ્જૈન અને દ્વારિકા આ સાત પુરી શ્રેષ્ઠ મનાય છે. એમાં પણ સૌથી મોટાં તીર્થો રામેશ્વરમ્ - બદરીનાથ - જગન્નાથપુરી અને દ્વારિકા આ ચારધામ કહેવાય છે.

હે ભક્તો ! ૬૮ તીર્થો, ૭ પુરી અને ૪ ધામ આ સર્વે તીર્થોમાં જેની ગણના ઉત્તમ તીર્થોમાં થાય છે તે છે દ્વારિકા તીર્થ. તે તીર્થના આરાધ્યદેવ રણછોડરાય સ્વયં આપણા સંત સચ્ચિદાનંદ સ્વામીની વિનંતીથી દ્વારિકાના ગોમતી વગેરે તીર્થો સહિત વડતાલમાં નિવાસ કરીને રહે છે; એટલે વડતાલધામને તીર્થરાજ કહેવું એ અતિશયોક્તિ નહિ કહેવાય.



## (૪) પ્રસાદીનાં સ્થાનનો મહિમા

**''પ્રભુપદ રજ હોય જેહ ઠામે, અજ ભવ આદિ તહાં સ્વશીશ નામે;**
**પુનિત કરણ તીર્થ ત્યાં ગણાય, બહુ મહિમા મુખથી કહ્યો ન જાય.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૬, કડી.૭૨**

હે ભક્તો ! સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદથી જે પૃથ્વી પાવન થયેલ છે, તેનું નામ છે વડતાલધામ. તેનાં ભાગ્યની તો શું વાત કરવી ? એટલા માટે તો આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે કે, ''પ્રભુચરણની રજ જે સ્થાનમાં પડેલી હોય તે સ્થાનમાં સૃષ્ટિકર્તા સ્વયં બ્રહ્માજી અને સંહારના દેવતા મહાદેવ પણ તે પવિત્ર ભૂમિમાં આવી મહિમા-પૂર્વક વંદન કરી તે ભૂમિની ચરણરજ પોતાનાં મસ્તક ઉપર ચડાવી પોતાનું પરમ સૌભાગ્ય સમજે છે. તેથી તો સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પણ પ્રભુની ચરણરજનો મહિમા વર્ણવતા પુરુષોત્તમ પ્રકાશમાં લખે છે કે,...

**''ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત રે;**
**ધન્ય ધન્ય એ સેરી બજાર રે, જીયાં હરિ ફર્યા બહુવાર રે.**
**ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જીયાં પગલાં થયાં પ્રભુતણા રે;**
**જુવે સર્વ સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે.**
**ચરણરજે ભર્યાં ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે;**
**તિયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે.''**
**– પુરુષોત્તમ પ્રકાશ ૨૬/૨૯**

હે ભક્તો ! ઉપરોક્ત પંક્તિઓમાં કહ્યા પ્રમાણે જ વડતાલ ગામની ધરતીનો એક પણ ખુણો પ્રસાદી વિનાનો નહિ હોય. ગમે તેવો પાપી હોય અને તે પ્રભુના પ્રસાદીનાં સ્થાનમાં જો મૃત્યુ પામે તો પણ તેની અધોગતિ ન થાય, પણ સદ્ગતિ થાય એવું નિષ્કુળાનંદ સ્વામી લખે છે. આવાં પવિત્ર સ્થાનમાં જેને રહેવા મળ્યું હોય તેમણે તો શ્રીહરિકૃષ્ણ મહારાજને વારંવાર થેંક્યું કહેવું જોઈએ.

હે ભક્તો ! વરતાલધામમાં ૪૫ વખત સ્વામિનારાયણ ભગવાને પધારી ઘણા દિવસો સુધી રોકાઈને ઘેર ઘેર પધરામણીઓ કરીને તેમજ ગામના ખેતરોમાં પણ પધારીને બધી જ પૃથ્વી પ્રસાદીની કરી આપેલ છે, માટે વડતાલમાં રહીને કે આવીને પ્રસાદીનાં સ્થાનનો અવશ્ય લાભ લેવો.



શમી પૂજનની છત્રી



જળક્રીડાની છત્રી



ગોમતી કાંઠે પ્રસાદની છત્રી



પ્રસાદની છત્રી



શ્રી હરિકૃષ્ણ મહારાજ
વડતાલધામ

## (૫) વડતાલધામની વિશેષતાઓ

હે ભક્તો ! દુનિયાનો કોઈ પણ ધર્મ હોય કે કોઈ પણ સંપ્રદાય હોય, દરેકમાં કંઈકને કંઈક પોતાની આગવી વિશેષતા હોય છે. હિન્દુ ધર્મમાં અનેકાનેક સંપ્રદાયો આવેલા છે અને તે તે સંપ્રદાયોમાં પણ પોતપોતાની અલગ ઓળખાણ હોય છે. એક સંપ્રદાય હોય તોપણ તેનાં જુદાં જુદાં સ્થાનોમાં પણ નાની-મોટી વિશેષતાઓ હોય છે. તે અનુસાર સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ વડતાલધામની જે જે વિશેષતાઓ છે તે આપની સમક્ષ રજૂ કરું છું.

હે ભક્તો ! ભગવાન સ્વામિનારાયણે પોતાની આજ્ઞાથી મોટાં છ મંદિરો બંધાવેલાં છે. દરેક મંદિરોમાં અલગ-અલગ દેવો પધરાવ્યા છે, પરંતુ પોતાનું સ્વરૂપ ‘શ્રીહરિકૃષ્ણ મહારાજ’ કોઈ પણ મંદિરમાં પધરાવેલ નથી. એ ફક્ત વડતાલધામમાં જ સ્વહસ્તે પધરાવેલ છે. એ વડતાલની વિશેષ વિશેષતા છે.

હે ભક્તો ! બીજી વિશેષતા જોઈએ તો આચાર્યોની સ્થાપના વડતાલમાં જ કરેલ છે. ત્રીજી વિશેષતા જોઈએ તો શિક્ષાપત્રી ગ્રંથની રચના પણ વડતાલધામમાં કરી છે. ચોથી વિશેષતા જોઈએ તો દ્વારિકાધીશ રણછોડરાયજી દ્વારિકાથી ગોમતીજી વગેરે તીર્થોને લઈ વડતાલમાં પધારીને નારાયણની મૂર્તિમાં નિવાસ કરીને રહ્યા છે અને ગોમતીજી પણ ધારુ તળાવમાં વાસ કરીને રહે છે, તેથી તે તળાવને ગોમતીજી કહેવાય છે. પાંચમી વિશેષતા એ છે કે, તપ્તમુદ્રાની છાપો લેવાની આજ્ઞા પણ વડતાલમાં જ કરી છે. હરિલીલામૃત ગ્રંથમાં તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે : શ્રીજી મહારાજ સૌ સંતો-ભક્તોને આજ્ઞા આપતા કહે છે :

**‘‘વૃત્તાલય દ્વારામતિથી વિશેષ, છે લક્ષ્મીનારાયણ દ્વારિકેશ;**
**આ ગોમતી ઉત્તમ તીર્થદેવી, આંહી જ શંખાદિક છાપ લેવી.**
**જે તપ્તમુદ્રા આંહિ આવી લેશે, દૂરે ડરીને જમડા રહેશે;**
**તેને જ સત્સંગી ગણીશ મારો, માટે તમે સૌ જન છાપ ધારો.’’**
**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૪૪**

હે ભક્તો ! છઠ્ઠી વિશેષતા એ છે કે, કાર્તિકી અને ચૈત્રી આ બે સમૈયા વડતાલમાં જ કરવાની આજ્ઞા છે. તેથી તો અમદાવાદથી રામપ્રતાપભાઈ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ સંતો-ભક્તો સાથે વડતાલધામમાં બે સમૈયા કરવા આવતા હતા.



## (૬) લક્ષ્મીજીનું સાધના સ્થળ

હે ભક્તો ! વડતાલધામમાં સ્વામિનારાયણ ભગવાને કમળાકાર મંદિર બનાવી શ્રીલક્ષ્મીનારાયણદેવ જ શા માટે પધરાવ્યા ? એની પાછળ જે ઈતિહાસ છે તે આપની આગળ જણાવું છું. તે સાંભળીને વડતાલનો મહિમા વિશેષ સમજાશે.

હે ભક્તો ! પૂર્વકાળમાં બ્રહ્માજીના માનસપુત્ર ભૃગુઋષિ અને તેમનાં પત્ની ખ્યાતાદેવી નર્મદા કિનારે (ભરૂચમાં) પોતાના આશ્રમની નજીક વનમાં રહી મહાલક્ષ્મી માતાની આરાધના કરવા લાગ્યા. તેથી પ્રસન્ન થઈ લક્ષ્મીજીએ વરદાન માગવા કહ્યું તેથી બન્નેએ માગ્યું કે ‘અમારે ત્યાં આપ પુત્રીરૂપે અવતાર ધારણ કરો. ત્યારે લક્ષ્મીજીએ તથાસ્તુ કહ્યું.

હે ભક્તો ! સમય જતાં લક્ષ્મીજી ભૃગુઋષિનાં ધર્મપત્ની ખ્યાતા દેવીને ત્યાં પુત્રીરૂપે પ્રગટ્યાં. પરંતુ ભગવાનની માયાને કારણે બન્ને ભૂલી ગયાં કે, પોતાની પુત્રી સાક્ષાત્ મહાલક્ષ્મી માતા છે. પુત્રી યુવાન થઈ ત્યારે નારદજી તેઓના આશ્રમે આવ્યા. તેથી બન્નેએ પુત્રીના ભવિષ્ય વિષે પૂછ્યું. જાણે કે સ્વયં લક્ષ્મીજી પણ માયાના આવરણમાં આવી ગયા હોયને શું ? એમ નારદજીને પૂછવાં લાગ્યાં :



શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલધામ

**‘‘રમા નારદને પગે લાગી, વર જોડ પોતા તુલ્ય માગી;**
**ત્યારે બોલ્યા નારદ ઋષિરાય, તુંજ યોગ્ય તો વિષ્ણુ ગણાય.**
**તપ ઉગ્ર કર્યું હોય જ્યારે, તેને વિષ્ણુ મળે વર ત્યારે;**
**કહે લક્ષ્મી કહ્યું તમે ખરું, કહો ક્યાં જઈને તપ કરું ?**
**કહે નારદ સાંભળ બાઈ, કહું ક્ષેત્ર અક્ષય ફળ દાઈ;**
**મહિસાગર ને વેત્રવતી, ત્રીજી સાભ્રમતી કરે ગતિ,**
**તેહ ત્રણેના મધ્યે પવન, પાવન હિતકારી છે હેડંબા વન;**
**તમે ત્યાં રહીને તપ કરો, હૈયે ધ્યાન શ્રીકૃષ્ણનું ધરો.’’**
**– શ્રીહરિલીલામૃત ક.૫, વિ.૨૦**



હે ભક્તો ! નારદજીએ ઉપરોક્ત સ્થળ બતાવ્યું એ જ આજનું વડતાલધામનું મંદિર ! લક્ષ્મીજી હેડંબા વનમાં (વડતાલમાં) આવ્યાં અને એક વિશાળ બોરડી નીચે (આજે મંદિર છે તે સ્થાનમાં) બેસી તપ કરવા લાગ્યા. તેથી નારાયણે પ્રગટ થઈ વરદાન માગવા કહ્યું. ત્યારે લક્ષ્મી માતાએ માગ્યું :''મારી સાથે લગ્ન કરો અને કાયમ આપની સેવામાં રાખો.''

હે ભક્તો ! લક્ષ્મીજી પર પ્રસન્ન થઈ નારાયણે બીજું વરદાન માગવા કહ્યું. ત્યારે લક્ષ્મીજી કહેવા લાગ્યાં:

**''કમળા કહે કરુણા નિધાન, મને વાલું લાગે છે આ સ્થાન;**
**આંહી મંદિર મોટું રચાય, તેમાં આપણી મૂર્તિ થપાય.**
**તીર્થ સર્વોપરી આ ગણાય, કરે પુણ્ય અક્ષય ફળ થાય;**
**કરે ઈચ્છાથી જો અનુષ્ઠાન, પામે તે ધન ધાન્ય સંતાન.**
**મુનિ મોટા આશ્રમ કરી રહે, તીર્થ કરવા બ્રહ્માદિક ચહે;**
**કરે ભક્તિ ઠરીને આ ઠામે, મોક્ષાર્થી તે મોક્ષને પામે.''**
**— શ્રીહરિલીલામૃત ક.૫, વિ.૨૦**

હે ભક્તો ! લક્ષ્મીજીની આવી અલૌકીક માંગણી સાંભળી ભગવાન નારાયણ રાજી થયા અને બોલ્યા :''જ્યારે કળિયુગ ચાલતો હશે ત્યારે અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી પર પ્રગટ થઈ ધર્મનું સ્થાપન કરશે અને આ સ્થાને જ મોટું મંદિર કરાવી આપણી બન્નેની મૂર્તિ એ મંદિરમાં પધરાવશે.''

હે ભક્તો ! નારાયણના વરદાન પ્રમાણે અને લક્ષ્મીજીની માગણીને સત્ય કરવા માટે જ સ્વામિનારાયણ ભગવાને એ બોરડીના સ્થાને ભવ્ય મંદિર બંધાવ્યું છે, અને એમાં 'શ્રીલક્ષ્મીનારાયણદેવ' પધરાવેલ છે. આજે આ મંદિર જગ પ્રસિદ્ધ બની ગયું છે. નામ છે 'વડતાલધામ સ્વામિનારાયણ મંદિર', પણ મંદિરના મધ્ય ભાગમાં મુખ્ય શિખર નીચે શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા છે, કારણ કે લક્ષ્મીજી અને નારાયણ બન્નેની ઈચ્છા આ સ્થાનમાં નિવાસ કરવાની હતી.



## (૭) વર્ણિવેષે વડતાલમાં - ઘેલા હનુમાન



હે ભક્તો ! ભગવાન સ્વામિનારાયણ બાળવયે હિમાલયમાં તપ કરી ઉત્તર, પૂર્વ અને દક્ષિણનાં તીર્થોને પાવન કરતા કરતા ગુજરાતના ચરોતર પ્રદેશના વડતાલ ગામમાં સંવત્ ૧૮૫૫ ના ફાગણ સુદ ૧૨ ને સોમવારે સવારે મંદિરથી ઉગમણું તળાવ છે, તેને કાંઠે હનુમાનજીનું મંદિર છે, ત્યાં પ્રથમવાર પધાર્યા હતા. ત્યારે વર્ણિ પ્રભુની ઉંમર ફક્ત ૧૮ વર્ષની હતી.

હે ભક્તો ! વર્ણીરાજ હનુમાનજીનાં દર્શન કરી ત્યાં બેઠા હતા, તે સમયે ત્યાં જગ-વિખ્યાત લુંટારા તરીકે જેમની ગણના થતી હતી એવા વડતાલ ગામના જ વતની એવા જોબનપગી ત્યાં આવ્યા. જોબનપગી ધાડપાડુ હોવા છતાં તેમને સાધુ-સંતો પ્રત્યે પૂજ્યભાવ હતો, તેથી તેઓએ વર્ણિરાજને વંદન કરીને કહ્યું: ''જોગીરાજ ! જો તમો અમારા ગામમાં રહો તો તમોને રહેવા માટે હું ઓરડો બનાવી દઉં.'' આવું સાંભળી વર્ણિરાજ કહેવા લાગ્યા-

**''સુણી શ્રીહરિ લાગ્યા ઉચરવા, મારે જાવું છે તીરથ કરવા;**
**અમે આવશું વળતાં જ્યારે, ગામ રહેશું તમારે જ ત્યારે.**
**પછી જઈ તે પગીને ભવન, ભાવે રાંધીને કીધું ભોજન;**
**દેવકરણ પગી તણે ઘેર, પોઢ્યા એકાંતની જાણી પેર.''**
**— શ્રીહરિલીલામૃત ક.૩, વિ.૧૭**

હે ભક્તો ! પછી તો પ્રભુ સત્સંગમાં સ્થિર થયા અને ૪૫ વાર વડતાલ પધાર્યા હતા. એક વખત તો શ્રીજી મહારાજ તે હનુમાનજીના મંદિરે પધાર્યા હતા અને હનુમાનજીના માથે પોતાના બન્ને હાથ મૂકી તેમને પ્રસાદીના કર્યા હતા. તેથી આ હનુમાનજી પણ પ્રસાદીના છે. તેની બાજુમાં આવેલ તળાવ પણ પ્રસાદીનું છે. તેમાં શ્રીજી મહારાજે ઘણીવાર સ્નાન કરેલ છે. તેનું વર્ણન શ્રીહરિલીલામૃત ગ્રંથમાં આ પ્રમાણે કરવામાં આવ્યું છે:



**''ગામથી પૂર્વ દિશનું તળાવ, તેમાં નાહ્યા મનોહર માવ;**
**ઘણી વાર ત્યાં નટવર નાથે, જળ કેળી કરી સખા સાથે.**
**હનુમાનની દેરી છે તીર, તહાં બેઠા છે શ્યામ શરીર;**
**હનુમાન પ્રસાદીના કર્યા, તેની મૂરતિ ઉપર કર ધર્યા.**
**સમૈયાને દિને એકવાર, આવ્યા દર્શને લોક અપાર;**
**હનુમાનને ધાબે બિરાજી, કૃષ્ણે દર્શન સૌને દીધાંજી.**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૮**

## (૮) બદરિકાશ્રમના મુનિ વડતાલમાં



હે ભક્તો ! એક વખત બદરિકાશ્રમના એક સિદ્ધ મુનિ સંન્યાસીનો વેષ ધારણ કરી તીર્થાટન કરવા ગયા. અનેક તીર્થોમાં દર્શન કરતા કરતા તેઓ વડતાલ પધાર્યા. તે મુનિ હાલ મંદિર છે ત્યાં આવ્યા. તે સમયે તે સ્થાને એક વિશાળ બોરડી હતી. તેને જોઈને તે મુનિ તેની નીચે રોકાયા; કારણ કે તેમને ત્રિકાળજ્ઞાન હોવાથી બોરડીનો ભૂતકાળ અને ભવિષ્યકાળ બન્ને જાણતા હતા.

હે ભક્તો ! વડતાલ ગામમાં બાપુભાઈ ઉર્ફે કુબેરદાસ પટેલ તથા તેમના પુત્ર રણછોડભાઈ બન્ને મુમુક્ષુ હતા. તેઓને પ્રગટ ભગવાન મેળવવાની ખૂબ તમન્ના હોવાથી કોઈ પણ સાધુ-સંત આવે તેમની સેવા કરીને પ્રગટ પ્રભુ મળે એવા આશીર્વાદ માગતા હતા. તેમણે વાત સાંભળી એટલે બાપ-દીકરો તુરંત બોરડીએ આવ્યા અને સંન્યાસીને વિનંતી કરી પોતાના ઘેર લઈ જઈ ખડકી ઉપર ઉતારો આપી બન્ને મહિમાથી સેવા કરવા લાગ્યા.

હે ભક્તો ! બદરિકાશ્રમના આ સંન્યાસી મુનિ રાત્રિએ બાપુભાઈની મેડીએ સૂતા અને દિવસે બોરડી નીચે બેસી કથા-વાર્તા કરી પવિત્ર બ્રાહ્મણને ઘેર જઈ જમી આવતા. એકવાર ભગવાનદાસ નામના અંધ માણસે સંન્યાસી પાસે આવી પોતાને દેખતો કરવાની વિનંતી કરી. તેથી તેમણે દેખતો કર્યો ! આવા સમર્થ મુનિ જાણી બાપુભાઈ અને રણછોડભાઈ બન્ને તેઓની વિશેષ સેવા કરવા લાગ્યા. પિતા-પુત્રની સેવા જોઈને સંન્યાસીએ તેમને વરદાન માગવાનું કહ્યું. તેથી બન્નેએ માગ્યુ: ''અમને પ્રગટ ભગવાન મળે, એવા આશીર્વાદ આપો. અમારે માયિક સુખ નથી જોઈતું.'' ત્યારે સંન્યાસી બોલ્યા:

**''કોટિ બ્રહ્માંડના કરનાર, તેણે લીધો છે નર અવતાર;**
**આજ સોરઠમાં વિચરે છે, કોટિ જનના કલ્યાણ કરે છે.**
**થોડા માસમાં સુંદર શ્યામ, આવશે બોચાસણ ગામ;**
**સોળ ચિહ્ન ચરણમાં જણાય, તેથી જાણજો તે જગરાય.''**
**– શ્રીહરિલીલામૃત ક.૫, વિ.૧૮**



## (૯) બાપુભાઈને ઘેર શ્રીજી પધાર્યા



હે ભક્તો ! વરદાન આપ્યા પછી તે મુનિ કોઈને કહ્યા વિના જ પાછા બદરિકાશ્રમ જતા રહ્યા. આ બાજુ વડતાલમાં રહ્યા થકા બન્ને ભક્તો વારંવાર બોચાસણ જઈને જોઈ આવે છે : 'પ્રભુ પધાર્યા કે નહિ ?' ત્યાંતો ખબર મળ્યા કે બોચાસણમાં કાશીદાસભાઈને ત્યાં એમના ભગવાન સ્વામિનારાયણ પધાર્યા છે. તુરંત બાપુભાઈ અને રણછોડદાસ બન્ને બોચાસણ ગયા અને શ્રીજી મહારાજને દંડવત-પ્રણામ કરીને બેઠા. ત્યાંતો પ્રભુએ લાંબા ચરણ કર્યા એટલે બન્નેને સોળ ચિહ્નનાં દર્શન થયાં !

હે ભક્તો ! દિવ્ય સોળ ચિહ્નોનાં દર્શન થયાં, તેથી બન્નેને શ્રીજી મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય પાકો થઈ ગયો. તે સમયે મૂળજી બ્રહ્મચારી જમવા બોલાવ્યા આવ્યા, એટલે મહારાજ જમવા પધાર્યા. ત્યાં આ બન્ને ભક્તોને બોલાવ્યા અને પ્રસાદીનો થાળ આપ્યો. જમ્યા પછી સભા થઈ અને ત્યારબાદ પ્રભુ પોઢી ગયા. સવારે સભામાં આવી શ્રીજી પ્રભુ બિરાજમાન થયા. તે સમયે પ્રભુની ઈચ્છાથી...

**''જુવે છે વરતાલ નિવાસી, તેજોમય પ્રભુની છબી ભાસી;**
**તેઓ બેયને થૈ ત્યાં સમાધિ, જેમ જોગકળા હોય સાધી.**
**જૈને જોઈયું અક્ષરધામ, દીઠાં ત્યાં પણ શ્રીઘનશ્યામ;**
**નર અક્ષર સમ કોટિ દાસ, ઊભા સેવામાં શ્રીહરિપાસ.**
**બ્રહ્મા વિષ્ણુ ને રુદ્ર ગણાય, એવાને તો ન દર્શન થાય;**
**– શ્રીહરિલીલામૃત ક.૫, વિ.૧૯**

હે ભક્તો ! પછી બન્નેને સમાધિ ઉતરી અને સભામાં બેઠેલા સૌ ભક્તોને અક્ષરધામની વાત કરી, તેથી સૌ આશ્ચર્ય પામ્યા. ત્યારબાદ બન્ને ભક્તોએ શ્રીજી મહારાજને વડતાલ પધારવા વિનંતી કરી. ત્યારે મહારાજે કહ્યું: ''તમો આજે વડતાલ જાઓ, અમો કાલે આવીશું.''

હે ભક્તો ! વડતાલ આવી બન્ને પિતા-પુત્રે સંપૂર્ણ તૈયારી કરી દીધી. ત્યાંતો પ્રગટ પ્રભુ વડતાલ પધાર્યા. અને બોરડી નીચે ઉતરી ગંગાજળિયા કૂવામાં સંતો સહિત સ્નાન કરી ફરીને બોરડીની છાયામાં બેઠા. પછી બોરડીનાં ફળ (બોર) લાલજીને ધરાવી !! શ્રીજી મહારાજ જમ્યા. એ સમયે વડતાલના લોકોને લઈ વાજીંત્રો સાથે બાપુભાઈ ત્યાં આવ્યા અને સંતો સહિત પ્રભુની શોભાયાત્રા કાઢી પોતાના ઘેર લઈ જઈ મેડા ઉપર ઉતારો કરાવ્યો.

હે ભક્તો ! વડતાલમાં શ્રીજી મહારાજ પ્રથમ વર્ણિવેષે સં. ૧૮૫૫ માં પધાર્યા હતા, પરંતુ ત્યારે તેમને કોઈ ભગવાન માનતું ન હતું. ત્યારબાદ પાંચ વર્ષ વ્યતીત થઈ ગયા અને સં. ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪)માં ફરીને આ વખતે બાપુભાઈને ત્યાં પધાર્યા હતા. આ સમયે તો ગુજરાતમાં ચારે તરફ સ્વામિનારાયણ મહાપ્રભુને ભગવાન તરીકે માનનારાઓની સંખ્યા હજારોએ પહોંચી ગઈ હતી અને તે સંખ્યામાં દિન-પ્રતિદિન સેંકડો લોકોનો વધારો થતો હતો.

હે ભક્તો ! બાપુભાઈને આઠ દીકરાઓ હતા. તેઓ બધા જ સત્સંગી થયા હતા. વડતાલમાં સૌ પ્રથમ બાપુભાઈ સત્સંગી થયા હતા અને સ્વામિનારાયણ ભગવાનને વડતાલમાં સૌ પ્રથમ તેઓ જ લાવ્યા હતા. તેમના ઘેર પ્રભુ અનેકવાર રોકાયા હતા. તેઓએ શ્રીહરિજી અને સંતોની તન-મન અને ધનથી ખૂબ સેવા કરી હતી.

## (૧૦) ભક્તરાજ વાસણ સુતાર

**''સારા સુતાર વાસણ નામ, આવ્યા તે કથા સુણવા કામ;**
**દેવી જીવ મુમુક્ષુ છે તેહ, થયા તરત જ આશ્રિત એહ.**
**કર જોડીને વિનંતી કરી, મારે ઘેર પધારો શ્રીહરિ;**
**ત્યારે ભક્તવત્સલ ભગવાન, ગયા તેહ સુતારને સ્થાન.''**
**– શ્રીહરિલીલામૃત ક.૫, વિ.૧૯**

હે ભક્તો ! વાસણ સુતાર આ વખતે સત્સંગી થયા હતા. પછી તો શ્રીજી મહારાજ અનેક વખત તેઓના ઘેર ઉતરતા હતા. તેથી તેમનું ઘર અતિ પ્રસાદીનું કહેવાય. તેઓ ઉપર શ્રીજી મહારાજ બહુ રાજી હતા. વાસણ સુતારે વૃદ્ધાવસ્થામાં પોતાનું પ્રસાદીનું ઘર શ્રીજી મહારાજને સમર્પણ કરી દીધું હતું. હાલમાં આ પ્રસાદીની જગ્યાએ સાંખ્યયોગી બહેનો રહીને ભજન-ભક્તિ કરે છે.

હે ભક્તો ! જ્યાં શ્રીહરિજી બિરાજમાન હતા ત્યાં સિંહાસન મુકાયું છે. અને તેમાં શ્રીજીની ચિત્રપ્રતિમા પ્રતિષ્ઠિત કરાઈ છે. પ્રભુની પાદુકાઓ પણ ત્યાં પધરાવવામાં આવી છે. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનાં ધર્મપત્ની વિરજાદેવી જે ચરણારવિંદની પૂજા કરતાં હતાં, તે પણ ત્યાં પધરાવવામાં આવેલ છે. એટલા માટે તો આ ઘરને ગઢપુરના વાસુદેવ નારાયણના ઓરડા સાથે શ્રીહરિલીલામૃતમાં સરખાવવામાં આવેલ છે :




**''વળી વાસણ નામે સુતાર, પ્રસાદીનું છે એનું અગાર;**
**વાસુદેવ નારાયણ કેરો, જે છે ઓરડો પુનીત ઘણેરો.**
**ગઢપુર માંહિ તે તો પ્રમાણો, એવું વાસણનું ઘર જાણો.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૭**



## (૧૧) આદર્શ ભક્ત જોબનપગી



હે ભક્તો ! ગરવી ગુજરાતના ચરોતર પ્રાંતમાં વડતાલધામને સંભારતા અસંખ્ય નરનારીઓનાં અંતરમાં શાંતિ થાય છે, કારણ કે ત્યાં સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રગટ બિરાજે છે. એનો મુખ્ય યશ જોબનપગી અને બાપુભાઈ આદિક ભક્તોના ફાળે જાય છે. આજે દુનિયામાં ''નરસિંહ મહેતાની કરતાલ, ગાંધીજીની હડતાલ અને ભગવાન સ્વામિનારાયણનું વડતાલ'' પ્રસિદ્ધ છે.

હે ભક્તો ! વડતાલના જોબનપગી જેવા ખુંખાર લૂંટારા હતા, એવા જ પછી આદર્શ ભક્ત બન્યા હતા. તેના પૂર્વજન્મની કથા ''ઉન્મત્ત ગંગા માહાત્મ્ય'' ગ્રંથના ૧૨૩ માં અધ્યાયમાં લખેલ છે, ત્યાંથી વિસ્તાર જાણી લેવો. અહીં તો સંક્ષેપમાં જણાવું છું.

હે ભક્તો ! ગયા જન્મમાં પણ તેઓ સજ્જન ક્ષત્રિય હતા, પણ કુસંગના યોગે કરી કુસંગી બની ગયા હતા. પછી પાપનો પસ્તાવો થતાં એક પવિત્ર સંતના આશીર્વાદ મળ્યા કે, ''આવતાં જન્મમાં તને પ્રગટ ભગવાન મળશે.''

હે ભક્તો ! બીજા જન્મમાં તેનો જન્મ વડતાલ ગામમાં ભાયા ભાઈ પગીનાં પત્ની વખતબાની કૂખે સંવત્ ૧૮૩૧માં થયો અને જોબન નામ પાડ્યું. મોટા થતા વડતાલમાં આવેલા વામાચારી બાવાઓનો સંગ થતા કુસંગને કારણે ચોરી, લૂંટફાટ અને હિંસાના માર્ગે વળ્યાં.

હે ભક્તો ! સં. ૧૮૫૫માં તેમને વડતાલમાં જ પ્રથમ વખત નીલકંઠ પ્રભુનાં દર્શન થયા હતા, પણ જીવન પરિવર્તન ન થયું. બીજી વાર સં. ૧૮૬૦માં વડતાલમાં બાપુભાઈ પાટીદારને ત્યાં સ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા, ત્યારે રાત્રીના સમયે જોબનપગી પ્રભુની ઘોડી ચોરવા આવ્યા હતા, પણ રાયજીભાઈને કારણે ઘોડી લઈ ન શક્યા.

હે ભક્તો ! સમય જતા મહામુક્ત મુક્તાનંદ સ્વામી વડતાલ પધાર્યા અને વડેઉ માતાના મંદિરમાં ઉતર્યા. ત્યાં જોબનપગી આવેલા, ત્યારે સ્વામીએ તેમને થાળની પ્રસાદી આપીને જમાડ્યા અને કથા-વાર્તા સંભળાવી. પથ્થરને પણ પીગાળી નાખે એવી મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળી અનેકનાં જીવન પરિવર્તન થઈ ગયા અને સત્સંગી થયા.

# (૧૨) મેડીએ બેઠા મહારાજ

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીનો ગુણ આવ્યો એટલે જોબનપગીએ સ્વામીને ગુરુ કર્યા; પણ તેમના પાપને તોડવા હજી મોટી તોપની જરૂર હતી. કેમ કે બહુ ઝાઝાં પાપ કર્યાં હતાં તેથી તેને અધ્યાત્મ માર્ગે આગળ વધતા વાર લાગે એમ હતી.

હે ભક્તો ! સમય જતા સં. ૧૮૬૬માં સ્વામિનારાયણ ભગવાન ડભાણ ગામમાં મોટો યજ્ઞ કરતા હતા. ત્યાં જોબનપગી રાત્રીના સમયે ઘોડા ચોરવા ગયા, પરંતુ ઘોડે-ઘોડે ભગવાનને ઊભેલા જોયા ! સતત ત્રણ રાત્રી સુધી પ્રયત્નો કર્યા, પરંતુ જ્યાં ઘોડી કે ઘોડો છોડવા જાય, ત્યાં તેમને શ્રીહરિજી દેખાય. ક્યાંક શ્રીહરિ ઘોડાને હાથ ફેરવતા હોય તો કોઈક ઘોડીને ખવડાવતા હોય. કોઈક ઘોડીને માલિશ કરતા હોય તો કોઈ ઘોડાને પાણી પાતા હોય ! આ પ્રસંગની નોંધ નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

**''ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા, નયણે નિદ્રા નવ કરી;**
**આવીને જુએ અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દિઠ્યા હરિ.''**

**– ભક્તચિંતામણિ : ૫૯**








હે ભક્તો ! પછી પોષ સુદ ૧૦ ની સવારે જોબનપગી સભામાં ગયા અને શ્રીહરિજી પાસેથી વર્તમાન ધરાવી પાકા સત્સંગી બની ગયા. પછી ઘેર આવતા રસ્તામાં મન ડગમગ્યું ને કહેવા લાગ્યા: ''હું વડતાલ પહોંચું અને મારી મેડીની બારીએ શ્રીજી મહારાજ બેઠા હોય એવાં દર્શન થાય તો એ ભગવાન સાચા !

**''મારી મેડીની બારીયે શામ, બેઠા દેખું જઈ મુજ ગામ;**
**તો હું અત્યંત આનંદ પામી, જાણું એહને અંતરજામી.**
**પછી જ્યાં નિજ શેરીમાં પેઠા, દીઠા શ્રીહરિ બારિયે બેઠા;**
**રોમહર્ષ થયો આખે અંગે, આવ્યાં પ્રેમનાં આંસુ ઉમંગે.**

**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૧૨**

હે ભક્તો ! જોબનપગી સાથીદારો સાથે વડતાલ આવ્યા ને જ્યાં પોતાની મેડી પાસે આવ્યા ત્યાંતો મેડીની બારીએ શ્રીહરિજીને બેઠેલા જોયા ! તેથી આંખમાંથી પ્રેમનાં આંસુ વહેવાં લાગ્યાં. પછી તો એવો નિશ્ચય થઈ ગયો કે, તન-મન અને ધન બધું જ શ્રીહરિજીને સમર્પણ કરી એકાંતિક ભક્ત બની ગયા. એના પ્રસંગો સંપ્રદાયના ગ્રંથોમાં આલેખાયા છે. વિશેષપણે કુંડલ ધામથી પ્રકાશિત થયેલ ''ભક્ત-આખ્યાન'' નામના ગ્રંથમાં છે.

**''હરિભક્ત તણાં આખ્યાન, સુણીયે થઈને સાવધાન;**
**તેથી તેના જેવા ગુણ આવે, પ્રીતિ પ્રભુપદમાં ઉપજાવે.**
**એવા ભક્તનું આખ્યાન ગાય, એનું અંતર નિર્મળ થાય;**
**એવા થાય હરિજન જેહ, તેનો સુફળ થયો નરદેહ.**

**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૭૬, ક.૩, વિ.૧૬**



## (૧૩) બામરોલીની રાયણ



હે ભક્તો ! બામરોલી ગામ વડતાલની બાજુમાં આવેલ છે. ત્યાં તખાપગી સારા સત્સંગી થયા હતા. સંવત્ ૧૮૬૦માં મુક્તાનંદ સ્વામી વડતાલમાં સત્સંગ પ્રચાર કરવા આવેલા, ત્યારે તખાપગી સત્સંગી થયા હતા. પછી તેઓ મુક્તાનંદ સ્વામીને બામરોલી ગામ લઈ ગયા હતા. ત્યાં પણ સ્વામીના સમાગમના કારણે અનેક નવા સત્સંગી થયા હતા.

હે ભક્તો ! તખા ભક્તની વિનંતીને કારણે સ્વામિનારાયણ ભગવાન અનેકવાર બામરોલી પધારેલા છે. સંવત્ ૧૮૬૨માં શ્રીહરિજી પ્રથમવાર બામરોલી પધાર્યા હતા. ત્યાં તખા પગીના ખેતરમાં એક રાયણનું મોટું ઝાડ હતું, ત્યાં ઉતરીને સવારનો સમય હોવાથી દાતણ કર્યું હતું. ત્યારબાદ શ્રીહરિજી ત્યાં રહેલ કૂવાના પાણીથી સ્નાન કરી નિત્યવિધિ કરી હતી.

હે ભક્તો ! પ્રભુએ સ્નાન કરેલ પ્રસાદીના પાણીને તખાપગીએ લઈ તે કૂવામાં નાખ્યું હતું, તેથી તે કૂવો પ્રસાદીનો છે. તે કૂવામાંથી બામરોલીનાં નરનારીઓ પાણી કાઢીને પીતાં હતાં, તેના કારણે ઘણાં નરનારીઓ તે પ્રસાદીનું પાણી પીવાથી સત્સંગી થયેલાં છે.

હે ભક્તો ! નિત્યવિધિ કરી શ્રીહરિજી તે રાયણ નીચે પલંગ પર બિરાજમાન થઈ કથા-વાર્તા કરી હતી. પછી તખા પગીએ પ્રભુને જમવાનો આગ્રહ કરેલ, પણ વડતાલ જલદી આવવાનું હોવાથી મહારાજને ના કહેલ. તેથી તખા ભક્ત કેરીઓના ટોપલા લઈ આવ્યા અને પ્રભુને જમવા વિનંતી કરી. તેનો ભાવ જોઈ ભગવાન જમ્યા અને બીજી કેરીઓ સાથે આવેલા સંતોને વહેંચી આપી હતી.

હે ભક્તો ! સં. ૧૮૬૬માં શ્રીહરિજી બામરોલી પધાર્યા હતા અને તખા પગીને ત્યાં પધરામણી કરી મહુડિયાપરા પધાર્યા હતા. સં. ૧૮૭૦માં પણ તખા પગીના આગ્રહને કારણે બામરોલી જઈ રસપોળીની રસોઈ જમ્યા હતા અને સાથે આવેલા સંતો-ભક્તોને પણ તાણ કરી ખૂબ જમાડ્યા હતા.

સં. ૧૮૭૧ના આસો મહિનામાં પણ શ્રીહરિજીએ બામરોલી પધારી શરદપૂર્ણિમાનો ઉત્સવ કરી નવા ડાંગરના પૌંઆ દૂધ સાકર સાથે જમ્યા હતા અને સૌને જમાડ્યા હતા. ત્યારબાદ રાયણ નીચે હિંડોળો બાંધી શ્રીહરિને ઝૂલાવ્યા હતા અને સંતોએ ગરબી લઈને ઉત્સવનાં કીર્તનો ગાયાં હતાં.



## (૧૪) રાયણે અનેક વખત ઝૂલ્યા



હે ભક્તો ! સં. ૧૮૭૨માં વડતાલમાં ભવ્ય ફૂલદોલનો ઉત્સવ કરી તખા પગીની વિનંતીને કારણે શ્રીહરિજી બામરોલી પધાર્યા હતા અને ત્યાં રાયણના વૃક્ષની ડાળીએ હિંડોળો બાંધી સંતો-ભક્તોએ હરિવરને ખૂબ ઝૂલાવ્યા હતા અને ત્યારબાદ શ્રીહરિ ત્યાં સંતો-ભક્તો સાથે ખૂબ રંગે રમ્યા હતા. ત્યારબાદ પૂર્વ દિશામાં આવેલ કૂવાના જળથી સ્નાન કરી તે કૂવાને પ્રસાદીનો કર્યો હતો.

હે ભક્તો ! એ જ વર્ષમાં વૈશાખ માસમાં તખા પગીના ભાવને કારણે ભગવાન શ્રીહરિ બામરોલી પધાર્યા હતા અને ત્યારે પણ પ્રેમીભક્તોએ રાયણની ડાળે હિંચકો બાંધી પ્રગટ પ્રભુને ખૂબ ઝૂલાવી રાજીપો લીધો હતો. તે સમયે થાળ તૈયાર થતા શ્રીહરિજી રસ-રોટલીનો થાળ જમી થોડીવાર પલંગે પોઢી ગયા હતા. જાગ્યા ત્યારે તખા પગીએ વિનંતી કરીને કહ્યું: ‘‘મહારાજ ! અહીં રાસોત્સવ કરવા આઠ ગાડાં ભરીને કેરીઓ લાવ્યા હતા. તે સૌ સંતો-ભક્તો જમ્યા છે, પણ કેરીઓ ઘણી વધી છે, માટે આપ એ કેરીઓ આપના હાથથી પ્રસાદીની કરીને સૌ સંતો-ભક્તોને ફરીથી આપો.’’ પછી તે કેરીઓ શ્રીહરિજીએ સૌ સંતો-ભક્તોને વહેંચી આપી.

હે ભક્તો ! સંવત્ ૧૮૭૯માં વડતાલ મંદિરનું કામ બરાબર ચાલતું હતું. ત્યારે શ્રીહરિજીએ દેશદેશાંતરથી સત્સંગીઓને તેડાવી વસંતપંચમીનો મોટો સમૈયો કર્યો હતો. તે સમયે બામરોલીથી આવેલા તખા પગીએ શ્રીહરિજીને હેતથી કહ્યું: ‘‘હે કૃપાનાથ ! આપ બામરોલી ચાલો અને ભક્તોના મનોરથ પૂરા કરો. આપ મારા ગામમાં લીલા કરો, તેથી તે લીલાઓ શાસ્ત્રોમાં લખાય અને તેથી અમારા ગામને પ્રસાદીનું તીર્થ જાણી ભવિષ્યમાં પણ અહીં સંતો-ભક્તો લીલા-સ્થાનોનાં દર્શને આવે, તેથી અમારા ગામના લોકોને તેમનાં દર્શનનો અને સેવાનો લાભ મળે.’’

હે ભક્તો ! તખા પગીના હેતનાં વચનો સાંભળી શ્રીહરિજી વડતાલ આવેલા સર્વે સત્સંગીના સંઘને લઈ બામરોલી પધાર્યા અને રાયણના વૃક્ષ નીચે ભવ્ય રંગોત્સવ કર્યો. પછી શ્રીહરિજી મહુડિયાપરામાં જાલમજી પગીને ત્યાં પધાર્યા હતા. આ પ્રમાણે અનેકવાર શ્રીહરિજી બામરોલી પધારી રાયણ નીચે બિરાજમાન થઈ હિંચકેલા છે, માટે તે સ્થાન મહાપ્રસાદીનું હોવાથી ત્યાં દર્શન કરવા અવશ્ય જવું જોઈએ.

# (૧૫) બામરોલીની કોઠીનો ઈતિહાસ



હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનનો સ્વભાવ ખૂબ દયાળુ હતો. તેઓ કોઈપણનું દુઃખ જોઈ શકતા નહિ. બિનસત્સંગીનું દુઃખ જોઈને પણ તેઓ દ્રવી જતા, તો પછી સત્સંગીઓનાં દુઃખને તો ક્યાંથી જોઈ શકે ?

હે ભક્તો ! સંવત્ ૧૮૬૯ના દુષ્કાળને સંપ્રદાયના ગ્રંથોમાં ઓગણોતેરો કાળ કહેવામાં આવે છે. તે કાળ પડવાનો હતો એના આગલા વર્ષે આખા સત્સંગમાં વિચરણ કરી શ્રીહરિજી સત્સંગી-કુસંગી સૌને કહેતા હતા કે, ''આવતા વર્ષે ભયંકર દુષ્કાળ પડવાનો છે, માટે ઘરેણાં વેચીને કે પશુઓ વેચીને પણ અનાજનો સંગ્રહ કરજો.''

હે ભક્તો ! શ્રીહરિજીનાં વચનમાં જેને જેને વિશ્વાસ આવ્યો તેણે તેણે અન્નનો સંગ્રહ કરી લીધો. આ સમયે બામરોલીના ભક્ત તખા પગીને પણ અનાજનો સંગ્રહ કરવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેમણે વિચાર્યું કે, ''હજુ તો ઘણી વાર છે, પછી અનાજનો સંગ્રહ કરીશું.'' આ પ્રમાણે ગાફલાઈમાં વરસ જતું રહ્યું અને દુષ્કાળ શરૂ થઈ ગયો ! ઘરમાં રહેલ અનાજ ધીરે ધીરે ઓછું થવા લાગ્યું, તેથી પરિવાર સહિત તેઓ ચિંતા કરવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે ભક્તવત્સલ શ્રીહરિજી બામરોલી પધાર્યા અને તખા પગીના ઘેર જઈ અનાજ બાબત પૂછ્યું. ત્યારે તેમની દીકરીએ કહ્યું: ''મહારાજ ! અડધો મણ બાજરી છે.'' ત્યારે દયાળુ પ્રભુએ કહ્યું: ''આ કોઠીનું ઉપરનું ઢાંકણ બંધ કરી છાણથી લીંપી નાખો. તેને ક્યારેય ખોલશો નહિ. અને કોઠીના સાણેથી બાજરી કાઢીને વાપરજો તેમજ કોઈ અન્નાર્થી આવે તો આપજો. હવેથી આ કોઠીમાં બાજરી ક્યારેય નહિ ખૂટે; પણ ઉપરથી ક્યારેય ખોલશો નહિ.'' આ પ્રમાણે વરદાન આપી શ્રીહરિજીએ એ કોઠી ઉપર પોતાના બન્ને હાથ મૂકી પ્રસાદીની કરી દીધી અને વડતાલ પધાર્યા. તખા પગી તો આવું જોઈ ભાવવિભોર બની ગયા અને વિશેષપણે પ્રગટ પ્રભુની ભક્તિ કરવા લાગ્યા.

હે ભક્તો ! શ્રીહરિજીના વરદાન મુજબ આખું વરસ તેમાંથી બાજરી કાઢ્યા કરી, પણ ખૂટી નહિ. બીજા વર્ષે વરસાદ થયો અને અનાજ પાક્યું તેથી તખા પગીએ બીજી કોઠીઓ અનાજની ભરી દીધી.





હે ભક્તો ! દુષ્કાળ સમયે શ્રીહરિજીએ બે-ચાર સત્સંગીઓને આ પ્રમાણે કોઠીમાં અનાજ ભરાવી ઉપરથી છાંદી દેવાનું કહ્યું હતું અને એ પ્રમાણે જ તેઓ કરતા હતા, પણ સારું વર્ષ થતાં જ શ્રીહરિજીની ઈચ્છાથી જ એ બધા જ ભક્તોના મનમાં કોઠી ખોલવાના વિચાર આવેલા અને ખોલેલી પણ, કારણ કે શ્રીહરિજીને એમ થયું હશે કે મારા ભક્તોને કાયમ માટે આ રીતે અનાજ આપવાનું ચાલું રાખીશ તો તે આળસુ બની જશે, માટે મહેનત કરીને અનાજ પકવે તો શરીર પણ સારું રહેશે અને મહેનતનો રોટલો પણ મીઠો લાગશે.''

હે ભક્તો ! શ્રીહરિજીના આ સંકલ્પ મુજબ તખા પગીને પણ એવો સંકલ્પ થયો કે, ''હજુ આ નાનકડી કોઠીમાં કેટલો બાજરો ભર્યો છે ? તે જોઈ લઉં.'' તેથી તેમણે કોઠી ઉપરનું ઢાંકણ ખોલીને જોયું તો એક વરસ પહેલાં અડધો મણ બાજરી હતી એટલી જ ભરેલી હતી ! પણ પછી તે બાજરી ખૂટી ગઈ !

હે ભક્તો ! આવી વરદાની કોઠી હાલમાં બામરોલી મંદિરમાં દર્શનાર્થે રાખવામાં આવી છે અને ઘણા ભક્તો તેના અને રાયણનાં દર્શન કરવાં જાય છે, માટે ક્યારેક ક્યારેક જરૂર દર્શન કરવા જવું. બામરોલી ગામ વડતાલથી આશરે બે કિ.મી. દૂર આવેલ છે.

# (૧૬) પ્રસાદીનાં વડેઉ માતા



**‘‘ધર્મશાળા વડેઉ માતાની, પ્રસાદીની છે તે નથી છાની;**
**મુક્તાનંદ આદિક મુનિરાય, ઘણી વાર ઉતરતા ત્યાંય.**
**નારાયણગર બાવાનો મઠ, પ્રસાદીનો છે તે તો ઝપટ;**
**ઘણીવાર બિરાજ્યા છે સ્વામી, સહજાનંદ અંતરજામી.**
**ઘણીવાર જમ્યા ગિરિધારી, ઘણીવાર સભા સજી સારી;**
**ભાળી ગોસાઈનો ભાવ સારો, મુક્તાનંદાદિ કરતા ઉતારો.**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૭**

હે ભક્તો ! ઉપરોક્ત લખ્યા મુજબ વડેઉ માતા અને એ જગ્યાના મહંત નારાયણગિરિનો મઠ બન્ને પ્રસાદીના છે. વડેઉ માતાની ધર્મશાળા અને ગિરિનો મઠ બન્ને જગ્યા, આપણા મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી બહાર નીકળતાં જમણી તરફ પૂર્વ તરફના માર્ગે જતાં આવે છે. આ માતાની મૂર્તિને શ્રીહરિજીએ રંગથી નવડાવી પૂજા કરી, પ્રસાદીની કરેલ છે. જ્યારે આપણા મંદિરની જગ્યા ન હતી ત્યારે સંતોના ઉતારા તરીકે આ ધર્મશાળાનો ઉપયોગ થતો હતો.

હે ભક્તો ! આ વડેઉ માતાની પૂજા ગોંસાઈ ભક્ત નારાયણગિરિ કરતા હતા. માતાના મંદિરની બાજુની જગ્યા તેમના મઠ તરીકે ઓળખાતી હતી. નારાયણગિરિ સ્વામિનારાયણ ભગવાનને ઈષ્ટદેવ તરીકે માનતા હતા અને પ્રભુની આજ્ઞા પ્રમાણે જ તેઓ વર્તતા હતા. આપણું વડતાલનું મંદિર બંધાયું છે, તેમાં તેવોનું સૌથી વધારે આર્થિક યોગદાન છે.

હે ભક્તો ! સંવત્ ૧૮૬૨ના ચૈત્રી સમૈયો કરવા શ્રીહરિજી વડતાલ પધાર્યા હતા ત્યારે નારાયણગિરિએ પોતાના મઠમાં પધરાવી શ્રીહરિજી અને સંતોને માલપુડાં અને દૂધપાકની રસોઈ પણ આપી હતી. પછી ગિરિએ શ્રીહરિજીને હિંડોળા પર બેસાડી કેસર-ચંદનથી પૂજા કરી ફૂલહાર પહેરાવી મઠમાં કંકુનાં પગલાં પડાવ્યાં હતાં.



હે ભક્તો ! શ્રીહરિજી એકવાર ગઢપુરથી વડતાલ પધાર્યા ત્યારે નારાયણગિરિના મઠમાં ઉતર્યા હતા. તેનું વર્ણન શ્રીહરિલીલામૃત ગ્રંથના સાતમાં કળશના ૪૭માં વિશ્રામમાં કરવામાં આવેલ છે, તે જોઈએ:

**‘‘નારાયણ ગર બાવાની મેડી, તહાં લઈ ગયા સૌ જન તેડી;**
**કર્યો ત્યાં રૂડી રીતે ઉતારો, રીઝ્યા જોઈને ધર્મદુલારો.’’**

હે ભક્તો ! શ્રીહરિજી નારાયણગિરિને ત્યાં રોકાયા હતા, ત્યારનો એક પ્રસંગ સાંભળો. વડતાલ ગામનું જે તળાવ ઘેલા હનુમાન પાસે હતું ત્યાંથી ઈશાન બાજુ એક આંબે સુંદર હિંડોળો બાંધી પ્રભુને ઝૂલવા વિનંતી કરી. પણ જ્યાં હરિજી બેસવા ગયા ત્યાંતો હિંડોળો નાનો પડ્યો. તુરંત શ્રીહરિજીએ પણ પોતાનું શરીર નાનું કરી દીધું !! અને ઝૂલે બેસી હિંચકવા લાગ્યા.

**‘‘હતો હિંડોળો નાનો હે ભૂપ, નાથે ત્યાં ધર્યું નાનુ સ્વરૂપ;**
**જોઈ જનમન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય.**
**એવાં પાવનકારી પવિત્ર, કરે નાથ વિચિત્ર ચરિત્ર;**
**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૭**



## (૧૭) સોનાઈ કૂઈ



**''એક સોનાર કૂઈ છે સારી, પ્રસાદીની કરી છે મુરારી;**
**વળી ત્યાં છે રૂડા વડ બેય, જાણો તેહ પ્રસાદીના છેય.**
**ઉમરેઠથી આવતા જ્યારે, વડ હેઠે ઉતરતા ત્યારે;**
**એ જ કૂઈ તણું જળ પીતા, તેથી જાણવી પરમ પુનિતા.**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૮**

હે ભક્તો ! મંદિરથી ઉગમણી તરફ બે-ત્રણ કિલોમીટર દૂર એક કૂઈ છે. તેનું નામ સોનારકૂઈ છે. તે કૂઈનું જળ સ્વામિનારાયણ ભગવાને ઘણીવાર પીધું છે. તેની બાજુમાં બે મોટા વડલા હતા. તેની નીચે પણ શ્રીજી મહારાજ બેઠેલા છે. ઉમરેઠ તરફથી જ્યારે જ્યારે મહારાજ વડતાલ પધારતા, ત્યારે ત્યારે તે વડલા નીચે બેસીને વિસામો લેતા હતા, અને એ કૂઈનું પાણી પીતા હતા, માટે તે કૂઈ પરમ પવિત્ર છે તથા દર્શન કરવા યોગ્ય છે, માટે તેનાં દર્શન કરવાં પણ જરૂર જવું જોઈએ.

**''ઝમકુબા સોનારકૂઈ આવ્યાં હતાં''**

હે ભક્તો ! ઝમકુબા ઉદેપુરથી ગુજરાતમાં શ્રીહરિજીનાં દર્શન કરવાં માટે આવ્યાં હતાં. અને શ્રીહરિજીને પ્રથમ ક્યાં મળ્યાં હતાં, તેનાં મંતવ્યો સંપ્રદાયના અલગ-અલગ ગ્રંથોમાં લખેલ છે. તેમાં 'અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો'માં આ પ્રસંગ વડતાલ વિષે લખાયેલ છે.

હે ભક્તો ! અદ્‌ભૂતાનંદ સ્વામી લખે છે કે, ''ઝમકુબાને રસ્તામાં એક બ્રાહ્મણ મળ્યો અને કહે જે, ''મારે પણ ગુજરાતમાં જાવું છે. ચાલો આપણે બન્ને સાથે ચાલીએ.'' એમ સંગાથ કરીને પોતે ભેળા ચાલ્યા ને ટાણે-ટાણે ખાધા-પીધાની સર્વે ખબર રાખતા થકા થોડા દિવસમાં વડતાલના સીમાડામાં 'સોનારકૂઈ' આગળ તલાવડી છે ત્યાં આવીને બેઠા.

હે ભક્તો ! બ્રાહ્મણનો વેશ લઈને શ્રીજી મહારાજ સ્વયં જ ઝમકુબાને સોનારકૂઈ સુધી લાવ્યા અને બોલ્યા: ''તમે આ રસ્તે જતાં આગળ થોડેક છેટે વડતાલ ગામ આવે છે ને તેમાં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે. તે તમે ત્યાં જાવ ને હું પણ નાહી-ધોઈને ત્યાં આવું છું.' (આ પ્રમાણે કહીને પછી બ્રાહ્મણના વેષમાં રહેલા શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા.)



## (૧૮) ગોપી તળાવ



**''ત્યાંથી ઉત્તરે ગોપી તળાવ, તેમાં નાહ્યા મનોહર માવ;**
**પૌંવા દૂધ સંતોને જમાડ્યા, વળી રાત્રિયે રાસ રમાડ્યા.**
**એવી લીલા કરી છે અમૂલ્ય, તેથી તે તો વૃંદાવન તૂલ્ય.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૮**

હે ભક્તો ! સોનાર કૂઈથી ઉત્તર દિશામાં ગોપી તળાવ આવેલ છે. તેમાં પણ સ્વામિનારાયણ ભગવાને ઘણીવાર સ્નાન કર્યું છે. મહારાજ જ્યારે શરદ પૂનમનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા હતા ત્યારે સંતો-ભક્તોને શ્રીહરિજી ગોપી તળાવ લઈ ગયા હતા અને તેના કિનારે માંડવી બાંધી ઠાકોરજીની પાંચ આરતી કરી સંતોને રાસ રમવાની આજ્ઞા કરી હતી. તેથી સંતો શરદ પૂનમનાં કીર્તનો ગાઈને રાત્રીએ રાસ રમ્યા હતા.

હે ભક્તો ! ગોપી તળાવની જગ્યાને વૃંદાવનની ઉપમા આપવામાં આવી છે; કારણ કે વૃંદાવનમાં ૫૧૦૦ વર્ષ પહેલાં શ્રીકૃષ્ણચંદ્ર શરદ પૂર્ણિમાની રાત્રિએ ગોપીઓ સાથે મહારાસ રમ્યા હતા. એ જ રીતે વડતાલમાં આવેલ ગોપી તળાવે પણ શ્રીહરિજી સંતો સાથે રાસ રમ્યા હતા. તેથી સંતોને ગોપીની ઉપમા આપી અને તે સ્થાનને વૃંદાવનની ઉપમા આપવામાં આવી છે.

## (૧૯) તાડણ તળાવ



**''રસ્તે આવે જતાં જોળ્ય ગામ, સરોવર શુભ ટાડણ નામ;**
**તેમાં સંત સખા લઈ સાથ, ઘણી વાર નાહ્યા મુનિ નાથ.**
**તેનો પશ્ચિમનો જે કિનારો, મધ્યભાગ કિનારાનો સારો;**
**ધર્મકુળ તણો પ્રથમ મેળાપ, કર્યો તે સ્થળમાં પ્રભુ આપ.**
**માટે તે સ્થળ માહાત્મ્ય મોટું, નથી પુષ્કર રાજથી છોટું;**
**પંપા સરોવર તે શા હિસાબે ? માન સરોવરને પણ દાબે.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૯**

હે ભક્તો ! વડતાલ ગામના ઉગમણા પાદરના તળાવથી દક્ષિણ તરફ જોળ ગામનો રસ્તો છે. ત્યાં રસ્તામાં તાડણ (ટાડણ) તળાવ આવ્યું છે. તેમાં સંતો-ભક્તો સાથે શ્રીહરિજી ઘણી વાર નાહ્યા છે.

હે ભક્તો ! દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણ જ્યારે બાળપણમાં વૃંદાવન રહેતા હતા, ત્યારે ભાદરવા સુદ એકાદશીના દિવસે તેમણે મથુરા માખણ વેચવા જતી ગોપીઓ પાસેથી દાણ (ટેક્સ)ના રૂપમાં માખણ લીધું હતું અને એની ખુશાલીમાં ગોપ-બાળકોએ કનૈયાને હોડકામાં બેસાડી યમુના નદીમાં નૌકાવિહાર કરાવ્યો હતો અને યમુના કિનારે ઉગેલ ચીભડાના વેલામાંથી કાકડી તોડીને ગોવાળિયાઓએ કાનાને આપી હતી. પછી તે કાકડી કનૈયાએ બાળકો ઉપર ઉડાડી હતી. તેથી બાળકો કાકડી ઝીલીને ખાતા હતા.

હે ભક્તો ! એ લીલાને શ્રીહરિજીએ ઉત્સવનું રૂપ આપીને દર વર્ષે જળઝીલણી ઉત્સવ શરૂ કર્યો હતો. શ્રીહરિજી પણ દર વર્ષે નાના લાલજીને લઈ નદી કે તળાવે લઈ જઈ હોડકામાં બેસાડી નદી-તળાવમાં રાઉન્ડ લગાવી પાંચ આરતી કરી કાકડી લાલજીને ધરાવી સંતો-ભક્તો ઉપર ફેંકતા હતા.

હે ભક્તો ! એ પરંપરા પ્રમાણે ભાદરવા મહિનામાં શ્રીહરિજી વડતાલમાં હોવાથી ઠાકોરજીને લઈને તાડણ તળાવે પધાર્યા હતા. તેનું વર્ણન શ્રીહરિલીલામૃતમાં લેવામાં આવ્યું છે તે જોઈએ.

**''આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વસી;**
**સારી રીતે સજી અસવારી, ગયા ટાડણસર ગિરધારી.**
**કર્યું મજ્જન તેમા ઉમંગે, જળકેળી કરી સખા સંગે;**
**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૮**

હે ભક્તો ! આ સિવાય તાડણ તળાવનો બીજો ઈતિહાસ એ છે કે, છપૈયા-અયોધ્યાથી ધર્મકુળનો પરિવાર પ્રથમ વખત જ્યારે વડતાલ આવેલો ત્યારે શ્રીહરિજી તેમનું સ્વાગત કરવા મંદિરમાંથી ચાલીને તાડણ તળાવ આવેલા અને પરિવારને મળેલા. એના કારણે પણ તાડણ તળાવ ડબ્બલ પ્રસાદીનું કહેવાય; માટે તે સ્થાનને પણ પ્રસાદીનું જાણીને દર્શન કરવા જવું.



## (૨૦) ધના તળાવ - ચંદન તલાવડી

**''ભલો માસ ભાદરવો આવ્યો, ચંદ્ર હસ્ત નક્ષત્રે સુહાવ્યો;**
**ઉપાકર્મ ક્રિયા કરવાને, શોધી એકાંત શ્રી ભગવાને.**
**તેવું જાણિયું ધના તળાવ, ગયા ત્યાં મનમોહન માવ.**
**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૮**



હે ભક્તો ! હિન્દુ ધર્મમાં ચાર વેદ છે. તેમાં યજુર્વેદ, અથર્વવેદ, ઋગ્વેદ અને સામવેદ. આ ચાર વેદમાં જેનો સામવેદ હોય એવા સંતો અને બ્રાહ્મણો ભાદરવા સુદ ત્રીજના દિવસે જનોઈ બદલે છે. બાકીના બ્રાહ્મણો શ્રાવણી પૂનમે અર્થાત્ બળેવના દિવસે જનોઈ બદલે છે.

હે ભક્તો ! ઉપરની પંક્તિમાં જણાવ્યા મુજબ શ્રીહરિજી ભાદરવા મહિનામાં વડતાલમાં છે, તેથી ઉપાકર્મ કરવા (જનોઈ બદલવા) એકાંત જગ્યા શોધી રહ્યા હતા. એ સ્થાન શ્રીહરિજીને મળી ગયું 'ધના તળાવ'. જેનું બીજું નામ ચંદન તલાવડી પણ છે. કારણ કે ધર્મદેવનો વેદ સામવેદ છે અને શ્રીહરિજી તેમના ઘેર પુત્રરૂપે પ્રગટ થયા હતા. તેથી જનોઈ બદલવાનો વિધિ કરવા માટે પ્રભુ ધના તળાવ પધાર્યા હતા. આ ધના તળાવમાં પણ શ્રીહરિજી સંતો સાથે અનેકવાર નાયા છે.

હે ભક્તો ! આ તળાવે એકવાર જોબનપગીએ શ્રીહરિજી અને સંતોને રસોઈ આપી હતી. તેથી આ સ્થળે સંતોએ થાળ બનાવ્યો હતો. પછી ત્યાં શ્રીહરિજી જમ્યા હતા અને ત્યારબાદ સંતો પણ જમ્યા હતા.

હે ભક્તો ! એકવાર શ્રીહરિજી વેલડું જોડી તેમાં મુક્તાનંદ સ્વામી અને અન્ય સદ્ગુરુઓને તેમાં બેસાડી પોતે બળદ-ગાડું ચલાવીને ધના-તળાવે લાવ્યા હતા અને તેમાં સંતોને સ્નાન કરાવ્યું હતું. એકવાર શ્રીહરિજી મંદિરથી ધૂન કરતા કરતા અને તાળી પાડતા પાડતા સંતો સાથે ચાલતા ચાલતા ધના તળાવ આવ્યા હતા અને બપોર સુધી સંતો પાસે કીર્તનો ગવડાવ્યાં હતાં. પછી તેમાં સ્નાન કરી સંતો સાથે જળક્રીડા કરી મંદિરમાં પાછા આવ્યા હતા. માટે ધના તળાવ પણ દર્શનીય અને સ્નાન કરવા જેવું પ્રસાદીનું તીર્થ છે, માટે ત્યાં પણ સ્નાન કરવા અને દર્શન કરવા જવું જોઈએ. આ ધના તળાવ ટાડણ તળાવથી પશ્ચિમ તરફ થોડે દૂર આવેલ છે.

**''ધન્ય ધન્ય તે ધના તળાવ, ના'યા જે વિષે નટવર નાવ;**
**જળ કેરી કરી સખા સંગે, કોરાં વસ્ત્રો ધર્યા પછી અંગે.''**
**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૭**

## (૨૧) ગંગાજળીયો કૂવો




હે ભક્તો ! પ્રસાદીની નદીઓ અને પ્રસાદીના કૂવામાં બહુ જ ફેર હોય છે. નાની-નાની નદીઓમાં શ્રીહરિજીએ સ્નાન કરેલ હોય, પરંતુ ઉનાળાની ઋતુમાં તે નદીનું પાણી સુકાઈ જતું હોય છે, તેથી તે નદી કેવળ પ્રસાદીની કહેવાય, પરંતુ ચોમાસામાં વરસાદને કારણે ફરીને નદીમાં પાણી આવે એટલે સૌ તેમાં પ્રસાદીનું જાણી સ્નાન કરતા હોય છે. પરંતુ ખરેખર તટસ્થ રીતે જોઈએ તો એ પાણી તો પ્રસાદીનું છે જ નહિ, કેવળ નદી જ પ્રસાદીની હોય છે; પરંતુ પ્રસાદીના કૂવામાં એવું હોતું નથી. જો તે કૂવામાં પાણી ખૂટ્યું ન હોય તો તે કૂવો અને એનું ઓરિજનલ પાણી એ બન્ને પ્રસાદીના ગણાય છે, માટે સૂકાઈ ગયેલ પાણી વિનાની પ્રસાદીની નદી કરતાં પ્રસાદીનું પાણી જે કૂવામાં હોય એ કૂવાનું સ્નાન શ્રેષ્ઠ મનાય છે, કારણ કે તે પાણી પ્રસાદીનું હોય છે.

હે ભક્તો ! પ્રસાદીના કૂવા અને તે કૂવામાં રહેલ પ્રસાદીનું પાણી સંપ્રદાયના અમુક-અમુક કૂવાઓમાં શ્રીહરિજીએ બસો વર્ષ પહેલાં સ્નાન કરેલ એ જ પાણી હાલમાં પણ છે; એવા કૂવા માહિલો એક કૂવો એટલે 'ગંગા જળીયો કૂવો'. એમાં આજ દિન પર્યંત પાણી ખૂટ્યું નથી. અર્થાત્ એનું એ પ્રસાદીનું પાણી છે.

હે ભક્તો ! મંદિરના સભામંડપની પાછળ આ ગંગાજળીયો કૂવો આવેલ છે. જ્યારે મંદિરમાં પાણીની સગવડ ન હતી ત્યારે ત્યાંથી પાણી લાવવામાં આવતું હતું. સંવત્ ૧૮૬૯માં ઓગણોતેરો કાળ પડ્યો ત્યારે ગંગાજળીયાનું પાણી ઘડો ડૂબે એટલું જ રહ્યું હતું, તેથી પાણી બાબત સંતો ચિંતા કરવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે શ્રીહરિજી ગઢપુરથી વડતાલ પધાર્યા અને ગંગાજળીયે જઈને બેઠા. સંતોએ કૂવામાંથી ખેંચીને જળ કાઢી પ્રભુને નવડાવ્યા. પછી બાજુમાં આવેલ બળિયાદેવની ડેરી પાસે શ્રીહરિજી ધ્યાન મુદ્રામાં બેઠા. એ સમયે જ કૂવામાંથી અચાનક જળનો ફૂવારો છૂટ્યો ને કૂવો પાણીથી છલકાઈ ગયો અને ફરી પાછું કૂવામાં સમાઈ ગયું.

હે ભક્તો ! ત્યારે શ્રીહરિજીને પૂછતા તેઓ બોલ્યા: ''અમારો સંકલ્પ જાણીને કૂવામાં ગંગાજી પધાર્યા છે. હવે આ કૂવામાં ક્યારેય પાણી નહિ ખૂટે. હવેથી આનું નામ ગંગાજળીયો કૂવો પાડું છું.'' આ કૂવો અતિ પ્રસાદીનો છે.



## (૨૨) જ્ઞાન કૂવો



**''ચોકમાં જ્ઞાનકૂપ છે જેહ, મહારાજે ખોદાવ્યો છે તેહ;**
**ભાઈ રામદાસે નિજ હાથ, નવરાવ્યા કૂપોદકે નાથ;**
**ચરણામૃત તે બધું લઈ, જ્ઞાનકૂપમાં નાખિયું જઈ;**
**ધન્ય ધન્ય કહુ જ્ઞાનકૂપ, એ તો ઉત્તમ તીર્થ અનૂપ.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫**

હે ભક્તો ! જ્યાં સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ગ્રંથનું લેખન કાર્ય કર્યું છે, એવા ''શ્રીહરિ મંડપ''ની ઉત્તર બાજુમાં મંદિરના પાછળના ચોકમાં શ્રીહરિજીએ સ્વયં એક કૂવો ખોદાવ્યો હતો અને એનું નામ ''જ્ઞાનકૂપ'' રાખવામાં આવ્યું હતું.

હે ભક્તો ! કૂવામાં પાણી આવ્યું એટલે રામાનંદ સ્વામીના પ્રથમ દિક્ષિત સંત એવા ભાઈ રામદાસ સ્વામીએ તે જ્ઞાનકૂપમાંથી જળ કાઢીને પોતાના હાથથી જ શ્રીહરિજીને નવડાવી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. મહારાજ સ્નાન કરી રહ્યા એટલે નાયેલું પાણી વાસણમાં ભરી તે પાણી ફરીને જ્ઞાનકૂપમાં નાખ્યું હતું. એના કારણે તે 'જ્ઞાનકૂવો' તીર્થ બની ગયો છે, માટે તેના પણ દર્શન ભાવથી કરવા.

## (૨૩) સુંદર પગીનો કૂવો

**''પગી જોબનની બારીમાંય, બહુનામી બિરાજીને ત્યાંય;**
**રંગ ખેલ કર્યો સખા સંગે, પછી નાવાને ચાલ્યા ઉમંગે.**
**પગી સુંદરનો કૂવો જ્યાંય, વિચર્યા વૃષનંદન ત્યાંય;**
**નાહ્યા થાળામાં બેસીને નાથ, ગાય કીર્તન મુનિજન સાથ.**
**કૃપાનાથે કોરાં વસ્ત્ર ધર્યાં, રંગવાળાં થાળામાં ઉતાર્યાં;**
**હરિભક્તોએ થાળાનું પાણી, નાખ્યું કૂપમાં પ્રસાદી જાણી.**
**— શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૦**



હે ભક્તો !એકવાર શ્રીહરિજી ગઢપુરમાં ફૂલદોલ ઉત્સવ કરીને વડતાલ પધાર્યા અને જોબનપગીની મેડીએ ઉતારો કર્યો. શ્રીહરિજી વડતાલ પધારવાના હતા, એ વાત જાણીને ચરોતરનાં ગામડાંઓમાંથી સત્સંગીઓ વડતાલ આવી ગયા હતા.

હે ભક્તો !સૌની ઈચ્છા રંગોત્સવ કરવાની હતી. તેથી જોબન ભક્તે રંગ તૈયાર કરાવી રાખ્યો હતો. પછી મહારાજને વિનંતી કરી એટલે તૈયાર થઈ ગયા અને ફાગણ વદ રંગ સાતમને દિવસે સવારે પ્રભુ જોબનપગીની મેડીની બારીએ બેસી ગયા અને ચોકમાં ઉભેલા સંતો-ભક્તો ઉપર અબીલ-ગુલાલ ઉડાડીને પછી રંગની પીચકારીઓ ભરી સૌને ખૂબ જ રંગ્યા હતા.

હે ભક્તો ! જોબન ભક્તના ઘર આગળ રંગોત્સવ કરીને ભીનાં વસ્ત્રોમાં જ સંતો-ભક્તો સાથે શ્રીહરિજી જોબનપગીના ભાઈ સુંદર પગીના ખેતરમાં જઈ તેના કૂવાના થાળામાં બેસીને નાહ્યા હતા. એ સમયે



સંતોએ કીર્તન ભક્તિ કરીને મહારાજને રાજી કર્યા હતા.

હે ભક્તો ! શ્રીહરિજી નાહ્યા પછી વસ્ત્રો બદલી કોરાં વસ્ત્રો પહેર્યાં અને ભીનાં વસ્ત્રો સુંદરજી પગી માટે ત્યાં થાળામાં જ રહેવાં દીધાં હતાં. પ્રગટ પ્રભુએ ત્યાં સ્નાન કર્યું એટલે તે પ્રસાદીનું પાણી થાળામાંથી લઈ હરિભક્તોએ કૂવામાં નાખી તે કૂવો પ્રસાદીનો કર્યો હતો.

હે ભક્તો !આ સુંદર પગીનો પ્રસાદીનો કૂવો વડતાલ રેલ્વે સ્ટેશનથી ઉત્તર તરફ નજીકમાં જ છે. તે પ્રસાદીનું થાળું આજે પણ દર્શન માટે રાખેલ છે. આ સ્થળે સ્મૃતિ માટે ઓટો કરાવ્યો છે, માટે ત્યાં પણ દર્શન કરવા અવશ્ય જવું જોઈએ.

હે ભક્તો ! વડતાલની સીમમાં ઘણા બધા કૂવાઓ પ્રસાદીના છે. ત્યાં શ્રીહરિજી મહારાજે સંતો સાથે સ્નાન કરેલ છે. તેનો ટૂંકમાં પરિચય આપું છું.

**''શાવજી કૂવો છે વળી સારો, કરતા પ્રભુ ત્યાં તો ઉતારો;**
**પછી ત્યાંથી સજી અસવારી, આવતા વરતાલ મુરારી.**
**એક કર્ણા પગી તણો કૂવો, બીજો અંટોળ દાસનો જૂવો;**
**ત્રીજો જંડિયો જે કહેવાય, ફાજીવાળો તે ચોથો ગણાય.**
**તેને બોરડીવાળો કહે છે, કૂવા સર્વે પ્રસાદીના એ છે.''**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૯**



# (૨૪) પ્રસાદીનાં ખોડિયાર માતા



**''રૂડી સોનારકુઈ જે કહી, ત્યાંથી દક્ષિણમાં જુઓ સહી;**
**ખરી માતા છે ત્યાં ખોડિયાર, તહાં વિચર્યા છે ધર્મકુમાર.**
**રંગ ઉત્સવ ગામમાં કરી, ઘોડે બેસી પધારીયા હરિ;**
**પગી જોબન આદિક મિત્ર, હતા સાથે તે પરમ પવિત્ર.**
**છાંટ્યો જૈ ખોડિયારને રંગ, કર્યું રંગમાં રસબસ અંગ;**
**તેથી ભક્ત થઈ તે તો દેવી, તેની વાત સુણો કહું કેવી.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૯**

હે ભક્તો ! મંદિરથી ઉગમણી (પૂર્વ) તરફ બે કિ.મી. દૂર 'સોનારકૂઈ' છે. ત્યાંથી દક્ષિણ તરફ જોબનપગીના કુળદેવી ખોડિયાર માતાનું નાનું એવું સ્થાનક છે. ત્યાં પણ શ્રીહરિજી ઘણીવાર પધારેલા છે.

એકવાર ભવ્ય રંગોત્સવ કરીને રંગવાળાં વસ્ત્રે સહિત શ્રીહરિજી સંતો-ભક્તોને સાથે લઈ જોબનપગીની વાડીએ પધાર્યા હતા. ત્યાં માતાને જોઈ મહારાજે જોબનપગીને પૂછતા તેમણે કહ્યું: ''પ્રભુ ! આ અમારી કુળ પરંપરાથી આવતાં કુળદેવી ખોડિયાર માતા છે. ત્યારે પ્રભુ બોલ્યા : ''જોબન ભગત ! આજે અમો આ માતાને સત્સંગી કરીએ છીએ.'' આ પ્રમાણે કહી તે માતા ઉપર મહારાજે હાથ મૂક્યા અને રંગથી લથબથ થયેલાં વસ્ત્રોમાંથી રંગ નીચોવીને માતા ઉપર નાખ્યો અને પ્રસાદીના રંગથી નવડાવ્યાં ! તેથી તે ખોડિયાર દેવી ભક્ત બન્યાં !

હે ભક્તો ! થોડા સમય બાદ એક ભીલે માનતા માની કે, ''જો આ મારી ઈચ્છા પૂર્ણ થશે તો હું માતા આગળ પશુ બલી ચડાવીશ !'' આ પ્રમાણે માનતા માની રાત્રે સૂઈ ગયો. ત્યારે રાત્રે સ્વપ્નામાં ખોડિયાર માતા આવીને કહેવાં લાગ્યાં : ''ભીલ ભક્ત ! સાંભળ. હવે હું સ્વામિનારાયણ ભગવાનની ભક્ત બની છું; કારણ કે પ્રભુએ મારી ઉપર રંગ છાંટી મને સત્સંગી કરી છે, માટે હવે જો તું મારી આગળ પશુને મારી બલી ચડાવીશ તો હું તારું ધનોત-પનોત કાઢી નાખીશ.''

**''હવે હિંસા કરે મુજ પાસ, તેનું કાઢીશ હું સત્યાનાશ;**
**ઈચ્છા એવી દેવી તણી જોઈ, તહાં હિંસા કરે નહિ કોઈ.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૯**



# (૨૫) જ્ઞાનબાગ - બેઠક



**''જ્ઞાનબાગમાં આમલો સારો, જોઈ સંતે કર્યો તો ઉતારો;**
**તહાં હિંડોળો એક બંધાવ્યો, ભાળતાં ભક્ત સર્વને ભાવ્યો.**
**સંતે વિનંતી કરી હરિ પાસ, અહો નાથ અજર અવિનાશ;**
**કૃષ્ણ જન્મ સમો થાય જ્યારે, ત્યારે આવી અમારે ઉતારે.**
**હિંડોળામાં ઝુલો હરિરાય, પુરો એવી અમારી ઈચ્છાય;**
**સુણી શ્રીહરિએ માની વાત, પછી જ્યારે ગઈ અર્ધ રાત.**
**જ્ઞાનબાગે આવ્યા ગિરિધારી, ઝૂલ્યા હિંડોળે વિશ્વવિહારી;**
**સૌએ હિંડોળામાં તેહ વાર, દીઠો અકળિત તેજ અંબાર.**
**જાણે એ જ છે અક્ષરધામ, દેખે તે રીતે લોક તમામ;**
**તેજમાં દિસે મૂર્તિ અનૂપ, પુરુષોત્તમ પ્રગટ સ્વરૂપ.''**
**– શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૮**

હે ભક્તો ! જ્ઞાનબાગ મંદિરથી પૂર્વ તરફ એક કિ.મી. દૂર આવેલ છે. ત્યાં શ્રીહરિજીએ અનેક ઉત્સવો કરેલા છે. તેમાં જન્માષ્ટમીનો એક ઉત્સવ આપની આગળ જણાવું છું.

હે ભક્તો ! ગઢપુરથી શ્રીહરિજી જન્માષ્ટમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા હતા. પ્રભુ એ વખતે નારાયણગિરિના મઠમાં રહેતા અને જમવા માટે વાસણ સુતારને ઘેર જતા હતા. સંતોના ઉતારા જ્ઞાનબાગમાં હતા. તે સમયે જન્માષ્ટમી આવી. ત્યારે સંતોએ જ્ઞાનબાગમાં એક મોટા આંબલે સરસ હિંડોળો બાંધ્યો અને શ્રીહરિજીને શ્રીકૃષ્ણ પ્રાગટ્ય સમયે ત્યાં પધારવા વિનંતી કરી, તેથી પ્રભુ ત્યાં પધાર્યા અને હિંડોળે બેસી ઝૂલવા લાગ્યા.

હે ભક્તો ! જન્માષ્ટમીની અડધી રાત્રે સંતો-ભક્તોએ હિંડોળે હીંચકતા શ્રીહરિજીની મૂર્તિને તેજોમય જોઈ ! સૌએ ત્યાં તેજ ફેલાયેલ જોયું, જાણે કે સાક્ષાત્ અક્ષરધામ જ તેજનું રૂપ લઈને આવ્યું હોયને શું ?! એમ સૌને દેખાવા લાગ્યું. અને એ તેજમાં શ્રીહરિજી પણ દિવ્યરૂપે દેખાવા લાગ્યા ! એ સમયે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી તે પણ સૌ સંતો-ભક્તોને દેખાવા લાગ્યું.

હે ભક્તો ! સૌને આ મહારાજનો જ પ્રતાપ જણાયો. પછી સૌ સંતો હિંડોળા ફરતા ફરીને ગરબીઓ ગાઈને રાસ લેવા લાગ્યા અને જાગરણ કરવા લાગ્યા. તેથી શ્રીહરિજી તેમના ઉપર ખૂબ જ રાજી થયા.

## (૨૬) બાર બારણાંના હિંડોળે ઝૂલ્યા



**"હે નૃપ આવી હુતાશની, તેહ વાસરની કહુ વાત;**
**બની શોભા જ્ઞાનબાગમાં, ધામ અક્ષર સમ સાક્ષાત.**
**છે આજ છત્રી જે સ્થળે, એથી અગ્નિ દિશા મોઝાર;**
**ઉત્તમ બે આંબા હતા, એક એક તણે અનુસાર.**
**મોભ મુક્યો તે ઉપરે, હેતે બાંધ્યો હિંડોળો ત્યાંય;**
**નિષ્કુળાનંદે નેહથી, તેની રચી હતી રચનાય.**
**— શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૫૯**

હે ભક્તો ! જ્ઞાનબાગમાં હુતાસનીના ઉત્સવ ઉપર મોટો સમૈયો કરવા સંતો-ભક્તો તડામાર તૈયારીઓ કરવા મંડી પડ્યા હતા. તેમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ તો અદ્‌ભૂત કોતરણીવાળો બાર દ્વારનો હિંડોળો બનાવ્યો હતો. જ્ઞાનબાગમાં મોટા બે આંબા હતા. તેની મોટી ડાળો ઉપર સ્વામીએ લાકડાનો આડો મોભ મૂકી બાર બારણાંવાળો હિંડોળો ગોઠવી દીધો હતો.

હે ભક્તો ! પછી નિષ્કુળાનંદ સ્વામી ગામમાં જોબનપગીને ઘેર આવીને શ્રીહરિજીને કહેવા લાગ્યા: ''મહારાજ ! આપ માટે હિંડોળો બાંધીને તૈયાર કર્યો છે, માટે ત્યાં પધારી તેમાં ઝૂલી સૌને દર્શન આપો. સૌ સંતો-ભક્તો આપની રાહ જુએ છે.'' સ્વામીની વાત સાંભળી મહારાજ તુરંત તૈયાર થયા અને વાજિંત્રો સહિત શોભાયાત્રા સાથે વાજતે-ગાજતે જ્ઞાનબાગ પધાર્યા અને હિંડોળે બિરાજમાન થયા. એ સમયે ચિદાનંદ સ્વામીએ નોબત વગાડી એટલે તુરંત હરિભક્તોના સંઘ ઉતાવળા ચાલીને પ્રભુનાં દર્શન કરવા આવવા લાગ્યા.

હે ભક્તો ! ત્યારબાદ સુરત-વડોદરા અને અમદાવાદ વગેરે પ્રદેશોમાંથી સત્સંગીઓ આવ્યા હતા. તેમણે સૌએ શ્રીહરિજીનું પૂજન કર્યું અને પછી મુક્તાનંદ સ્વામી હીરની દોરી હાથમાં લૈ પ્રભુને ઝૂલાવવા લાગ્યા અને સંતો હિંડોળાનાં પદ ગાવાં લાગ્યા.

હે ભક્તો ! એ સમયે શ્રીહરિજીએ બાર બારણાંના હિંડોળે બાર સ્વરૂપ ધારણ કરી હજારો ભક્તોના હાર અર્પણ કરી દિવ્ય દર્શન આપી સૌની પૂજા અંગીકાર કરી હતી. તે હિંડોળો હાલ વડતાલ અક્ષરભૂવનમાં દર્શનાર્થે રાખવામાં આવેલ છે.



## (૨૭) જ્ઞાનબાગમાં ભવ્ય રંગોત્સવ

**"પુષ્પદોલ તહાં જ બંધાવી, નરનારાયણ પધરાવી;**
**ડાહ્યો મે'તો નાથા વનમાળી, ભણેલા બેય બ્રાહ્મણ ભાળી.**
**મહારાજે કહ્યું દ્વિજ આવો, બદરીશની પૂજા કરાવો;**
**એના ઉત્સવનો દિન આજ, કર્યો તૈયાર છે સર્વ સાજ.**
**— શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૬૦**



હે ભક્તો ! પુષ્પદોલોત્સવ એટલે બદરિકાશ્રમમાં પ્રગટ થયેલા નરનારાયણદેવનો પ્રાગટ્યદિન. ફાગણ વદ પડવાનો દિવસ હોવાથી શ્રીહરિજીએ ફૂલના હિંડોળામાં નરનારાયણની મૂર્તિ પધરાવી બ્રાહ્મણો દ્વારા પૂજન કરાવ્યું અને પછી મહારાજે ઝૂલાવ્યા.

હે ભક્તો ! જ્ઞાનબાગમાં સંતો-ભક્તોએ હોજ બનાવી રંગથી ભરી દીધા. પૂર્વના કુંડનું નામ સંતકુંડ હતું અને પશ્ચિમના કુંડનું નામ હરિકુંડ રાખવામાં આવ્યું હતું. પિચકારીઓનો મોટો ઢગલો કરવામાં આવ્યો હતો. જોબનપગી અને નારાયણગિરિએ ૧૪૦૦ પીચકારીઓ તૈયાર કરાવી હતી ! અને અબીલ-ગુલાલનો તો કોઈ પાર જ ન હતો. જોબનપગી વગેરે ભક્તોએ અનેક ગાડાં ભરીને ગુલાલ મંગાવ્યો હતો.

હે ભક્તો ! રંગે રમવાની સંપૂર્ણ તૈયારી કરી સંતો શ્રીહરિજીને બોલાવી લાવ્યા અને જોબનપગીએ સોનાની પીચકારી મહારાજના હાથમાં આપી. ફરીને આગેવાન ભક્તોએ મહારાજનું પૂજન કર્યું અને ફૂલના હિંડોળે શ્રીહરિજીને બેસાડી પછી ઝૂલાવી મુક્તાનંદ સ્વામીએ આરતી ઉતારી.

હે ભક્તો ! પછી સંતો શ્રીહરિજીને રંગોના કુંડે લઈ ગયા અને રંગે રમવા વિનંતી કરી. ત્યારે મહારાજે હરિકુંડે ઊભા રહી પીચકારી ભરી સંતો ઉપર રંગ નાખ્યો. તેથી સંતકુંડે રહેલા સંતોએ પણ પીચકારીમાં રંગ ભરી શ્રીહરિજી ઉપર નાખ્યો. પછી સૌ રંગે રમવા લાગ્યા.

**"છોળ્યો રંગની ઉછળે એવી, મહામેઘની ધારાઓ જેવી;**
**અન્યો અન્ય ઉડાડે ગુલાલ, દીસે અવની ને આકાશ લાલ.**
**રમ્યા એવી રીતે ઘણી વાર, પછી બોલિયા પ્રાણ આધાર;**
**હવે બે બે તણી થાઓ જોડ, કરો ખેલ ધરી મનકોડ.**
**— શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૬૧**

હે ભક્તો ! આ ઉત્સવમાં એટલા બધા સત્સંગીઓ આવ્યા હતા કે, વડતાલ ગામ મટીને મોટું શહેર બની ગયું હતું. આ ઉત્સવનો હરિલીલામૃતમાં વિસ્તાર કરવામાં આવેલ છે.



## (૨૮) વડતાલ મંદિર ખાતમુહૂર્ત

''વિત્યો સમૈયો જે સમે, સહુ સંઘ ગયા નિજ ગામ;
ભક્ત મળી વડતાલના, કહે પ્રભુને કરીને પ્રણામ.
હે પ્રભુ આપે કહ્યું હતું, વડું મંદિર થશે વરતાલ;
આવશું ચૈતર માસમાં, કરાવશું આદર તે કાળ.
કરો આદર કરુણાનિધિ, પાળો વચન વિશ્વાધાર;
શ્યામે તે વિનંતી સાંભળી, કર્યો મંદિર કરવા વિચાર.''
— શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૬

હે ભક્તો ! સંવત્ ૧૮૭૮માં શ્રીહરિજી ચૈત્રી સમૈયો કરવા વડતાલ પધાર્યા હતા. સમૈયામાં હજારો હરિભક્તો આવ્યા હતા. સમૈયો પૂરો થયો ત્યારે વડતાલના આગેવાન ભક્તો જોબનપગી, બાપુભાઈ, વાસણ સુથાર અને નારાયણગિરિ વગેરે સાથે મળી શ્રીહરિજી પાસે આવ્યા અને વિનંતી કરી કહેવા લાગ્યા : ''પ્રભુ ! આપે વડતાલમાં મોટું મંદિર કરવાનું કહ્યું હતું, માટે હવે મંદિર બનાવવા માટે ખાતમુહૂર્ત કરો.''

હે ભક્તો ! વડતાલના ભક્તોએ અગાઉની યાદી એટલા માટે દેવડાવી કે, સંવત્ ૧૮૭૨માં શ્રીહરિજી વડતાલ પધાર્યા હતા ત્યારે મહારાજના કહેવાથી ભક્તોએ મંદિર માટે પોણા ચાર વિઘા જમીન ભેટ આપી હતી. ત્યારે પ્રભુ એવું બોલેલા કે, ''આ જમીન ઉપર મોટું મંદિર કરાવીશું, એટલે હજારો નરનારીઓ સુખેથી ભજન-ભક્તિ કરી શકે.''

હે ભક્તો ! વડતાલના ભક્તોની તીવ્ર ઈચ્છા જોઈ શ્રીહરિજીએ કેરીયાવી ગામના ગોવિંદરામ જોષીને બોલાવી શિલારોપણ વિધિ માટે શુભ મુહૂર્ત જોઈ દેવા કહ્યું. તેથી જોષીએ જોઈને ચૈત્ર સુદ તેરશનું કહ્યું.

હે ભક્તો ! સંવત્ ૧૮૭૮ના ચૈત્ર સુદ ૧૩ના શુભ દિને સવારમાં જેના હાથે વિશ્વનો પાયો નંખાયો છે એવા વિશ્વેશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં મંદિર કરવા વેદોક્ત વિધિ પ્રમાણે શિલારોપણની પાંચ ઈંટો મૂકીને ખાત-પૂજન કર્યું. એ પ્રસંગે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા મોટા સદ્‌ગુરુઓ હાજર હતા. તેમજ વડતાલના અને સંપ્રદાયના આગેવાન ભક્તોની પણ હાજરી હતી.

## (૨૯) બ્રહ્માનંદ સ્વામીને મોકલ્યા



હે ભક્તો ! ખાત-પૂજન કર્યા બાદ શ્રીહરિજી ગઢપુર પધાર્યા અને ત્યાં સભા કરીને બોલ્યા: ''વડતાલમાં મંદિર કરવા કોને મોકલશું ?'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીનું નામ આપ્યું, તેથી શ્રીહરિજીએ સ્વામીને મંડળ સહિત વડતાલ મોકલ્યા અને ખર્ચી માટે ફક્ત બાર રૂપિયા હરજી ઠક્કર પાસેથી અપાવ્યા. તેમજ તેમની મદદમાં આનંદાનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામીને મોકલ્યા.

હે ભક્તો ! શ્રીહરિજીની આજ્ઞા થતા બ્રહ્માનંદ સ્વામી અને સંતો વડતાલ આવ્યા અને વડેઉ માતાની ધર્મશાળામાં ઉતર્યા. પછી સ્વામીએ સત્સંગના આગેવાનોને બોલાવીને કહ્યું : ''શ્રીજી મહારાજે અમોને મંદિર કરવા મોકલ્યા છે.'' ત્યારે બાપુભાઈ (કુબેરભાઈ) જોબનપગી, નારાયણગિરિ અને વાસણ સુતાર આદિકે કહ્યું: ''સ્વામી ! અમારું જે ધન અને ધરા છે તે તમારું જ છે તેમ માનજો. તમે જેમ કહેશો તેમ અમે કરીશું.'' હે ભક્તો ! પછી હાલમાં જ્ઞાનબાગ છે તેની નજીક નવ લાખ ઈંટો પાડવા નવ ઈંટવાડા બનાવ્યા ! (અને પાછળથી એક લાખ વધુ ઈંટો પાડી હતી.) ગઢપુરમાં શ્રીજી મહારાજે સ્વામીને કહેલું કે, 'વડતાલમાં ઘેલા હનુમાનનું મંદિર છે, એવડું મંદિર બનાવજો.' પરંતુ સ્વામીએ તો ભવ્ય મંદિર બનાવવાનું નક્કી કર્યું અને ઊંડાં પાયા ગળાવી નવ લાખ ઈંટો પાયામાં પૂરી !

હે ભક્તો ! આ વાતનો ખ્યાલ મહારાજને ગઢપુરમાં આવ્યો, એટલે એક પત્ર લખીને પાર્ષદને વડતાલ મોકલ્યા. પત્ર લઈને પેલા પાર્ષદ વડતાલ આવ્યા ને બ્રહ્માનંદ સ્વામીને આપ્યો. તેથી પત્ર ખોલી સ્વામી વાંચવા લાગ્યા. તે પત્રમાં શ્રીહરિજીએ લખ્યું હતું કે,

**''આપકી પહોંચ બિચાર કે કરીયે તેતી દોડ;**
**એતા પાવ પસારીયે, જેતી લંબી સોડ.'**

હે ભક્તો ! પત્ર વાંચીને સ્વામીએ એના ઉત્તરમાં બીજો પત્ર લખ્યો ને પાર્ષદને આપીને રવાના કર્યા. પાર્ષદે આવીને ગઢપુરમાં શ્રીહરિજીને આપ્યો. પત્ર ખોલીને મહારાજ વાંચવા લાગ્યા. તે પત્રમાં લખ્યું હતું:-

**''સાહેબ સરીખા શેઠીયા, બસે નગરકી માંય;**
**તાકો ધનકી ક્યા કમી ? જ્યાકી હુંડી ચલે નવખંડમાંય.''**

હે ભક્તો ! પત્ર સાંભળી જીવુબા બોલ્યાં: ''મહારાજ ! સ્વામીની ઈચ્છા મોટું મંદિર કરવાની છે, માટે કરવા દો.'' ત્યારે પ્રભુ બોલ્યા: ''હવે મંદિર પુરું થઈ જશે, કારણ કે લક્ષ્મીજીએ અનુમતિ આપી છે.''



## (૩૦) શ્રીહરિજી ૩૭ ઈંટો ઉપાડીને લાવ્યા

**''શ્રીજી પંડે જઈ ઈંટો લાવે, અન્યને જોઈ ઉમંગ આવે; મુખ્ય દેવના મંદિર કાજ, લાવ્યા પંડે ઈંટો મહારાજ.**
**ગણી સંતે તે તો સાડત્રીશ, પડઘીમાં ચણી પાંતરીશ; એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે.**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૪**

હે ભક્તો ! શ્રીહરિજી તરફથી મોટું મંદિર કરવાના વીઝા મળી ગયા એટલે બ્રહ્માનંદ સ્વામીએ પૂરજોશમાં મંદિરનું કામ શરૂ કરી દીધું. થોડા દિવસો બાદ શ્રીહરિજી વડતાલ પધાર્યા, તેથી સૌ સંતો-ભક્તો ઉત્સાહથી સેવા કરવા લાગ્યા.



હે ભક્તો ! એક દિવસ જ્ઞાનબાગ પાસે ઈંટવાડામાં જઈને શ્રીહરિજી પોતાની પાઘ ઉપર ઈંટો મૂકીને લાવતા હતા, ત્યારે સંતો-ભક્તોએ તે ઈંટો લઈ લેવા પ્રયત્નો કર્યા, પણ મહારાજે ઈંટો ન આપી. પોતે માથે ઉપાડીને જ્ઞાનબાગથી ઠેઠ મંદિર સુધી લાવ્યા. આ રીતે તે દિવસે અનેક વખત ઈંટવાડે જઈને પ્રભુ માથે ઈંટો ઉપાડીને મંદિરે લાવ્યા. તે સર્વે ઈંટોને સંતોએ ગણી તો સાડત્રીશ ઈંટો થઈ હતી. તેમાંથી ૩૫ ઈંટો પડઘીમાં ચણી અને બે ઈંટો પાછળના ગોખલામાં ચણી હતી.

હે ભક્તો ! ઈંટવાડાથી શ્રીહરિજી સાથે નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતો પણ ઈંટો ઉપાડીને લાવ્યા હતા. તે દૃશ્ય જોઈને મોટા ધનવાન સત્સંગી પણ નિર્માની થઈ ઈંટો ઉપાડવા લાગ્યા હતા.

હે ભક્તો ! આ રીતે વડતાલ ગામના અને શ્રીહરિજીનાં દર્શન કરવા આવેલાં અન્ય ગામડાંઓનાં સત્સંગી બહેનો અને ભાઈઓ પણ મંદિરની સેવામાં લાગી ગયા હતા. તેઓને સેવા કરતા જોઈને પ્રભુ ખૂબ રાજી થઈને આશીર્વાદ આપતા હતા. સંતોને સેવા કરતા જોઈને તો ભગવાન તેમને ભેટી પડ્યા હતા !

**''થાય મંદિરનો પરથાર, કામે લાગીયા સંત અપાર; કોઈ સંત તો ત્યાં ઈંટો ચાંપે, કોઈ ગારો ભરી ભરી આપે.**
**થાય ગારાળાં વસ્ત્ર ને અંગ, તોય ભક્તિ કર્યાનો ઉમંગ; જોઈ રીઝે તે કરુણા નિધાન, ભુજા ભીડી ભેટે ભગવાન.**
**કોઈ સંત કહે જોડી હાથ, ગારો ધોઉં પછી મળો નાથ; કહે કૃષ્ણ રીઝ્યું મન મારું, નહિ ગારો તે ચંદન ધારું.**
**ગારો વળગ્યો હશે જેને અંગ, હું તો તેને જ ભેટું ઉમંગે; એવા શબ્દ જ્યાં શ્યામે સુણાવ્યા, ગારો ચોપડીને કૈંક આવ્યા.**
**સૌને ભેટી બોલ્યા ભગવાન, મને વાલું ઘણું નિરમાન; નિરમાની થઈ જન જેહ, નીચી ટેલ કરે ઘણી તેહ.**
**તેને થાઉં પ્રસન્ન હું જેવો, કોટિ નાણાં થકી નહિ તેવો; માટે કીધાં છે મેં આવાં ધામ, તેમાં કરશે આવી રીતે કામ.**
**વળી જ્યાં જ્યાં જગ્યા મારી થાશે, તહાં આ રીતે ભક્તિ કરાશે; દિવ્યરૂપે હું તેહ દેખીશ, તેનું ફળ તેવું તેને આપીશ.''**
**— શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૫૩**

## (૩૧) શ્રીલક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ લાવ્યા

‘‘મૂર્તિઓનું જ્યાં ચાલતું કામ, તહાં જોવા ગયા ઘનશ્યામ;
નારાયણભાઈ સાથે હિરાજી, કરતા હતા મૂર્તિયો તાજી.
છબિઓની છબી જોઈ સારી, બહુ રીઝ્યા રૂદે ગિરિધારી;
ભેટ્યા બે જનને ભીડી બાથ, માવે બેને માથે મુક્યા હાથ.
અક્ષરાનંદ બોલિયા વાણી, સ્નેહે સાંભળો સારંગપાણી;
મૂર્તિ લક્ષ્મીનારાયણ કેરી, નથી મળતી અમે બહુ હેરી.
હસી બોલીયા અંતરજામી, પોતે સર્વજ્ઞ સંતના સ્વામી;
મૂર્તિયો મહા દૈવત વાળી, રમા નાથ રમાની રૂપાળી.
અતિ પાવન છે પુરાતની, મનવૃત્તિ હરે હરિજનની;
તે તો છે વટપત્તન માંય, મોટા સંતને મોકલો ત્યાંય.’’

— શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૧૧



શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલધામ

હે ભક્તો ! વડતાલમાં મૂર્તિઓ બનાવવાનું કામ ભૂજના (જૂનાગઢના) નારાયણજીભાઈ અને અમદાવાદના હીરાભાઈ સલાટ કરી રહ્યા હતા. ત્યાં શ્રીહરિજી પધાર્યા અને મૂર્તિઓ જોઈ બન્ને ભક્ત ઉપર ખૂબ રાજી થઈને ભેટ્યા તેમજ બન્નેના માથા પર હાથ મૂક્યા. એ સમયે અક્ષરાનંદ સ્વામીએ કહ્યું: ‘‘હે મહારાજ ! શ્રીલક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓની તપાસ અમોએ ઘણી જગ્યાએ કરાવી, પરંતુ ક્યાંય મળતી નથી.

હે ભક્તો ! ત્યારે મહારાજ મંદ મંદ હસીને બોલ્યા: ‘‘સ્વામી ! મૂર્તિઓ તો સરસ છે અને તૈયાર જ છે. અતિ પવિત્ર છે અને દૈવતવાળી છે. વર્ષો પહેલાંની પુરાતની છે અને મનને હરી લે એવી છે. તે મૂર્તિઓ હાલ વડોદરા અમીચંદ નામના વણિકને ઘેર છે, માટે તેને લેવા માટે મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને મોકલો.



અમો વન-વિચરણ વખતે અમીચંદને ઘેર ગયા હતા અને તે શ્રીલક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ જોઈ હતી.’’

હે ભક્તો ! પછી મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને બોલાવી વડોદરા જઈ મૂર્તિઓ લાવવા કહ્યું. તેથી બન્ને સંતો વડોદરા ગયા. શરૂઆતમાં તકલીફ પડી અને વણિકે ના કહી, પણ મનોમન શ્રીજી મહારાજને પ્રાર્થના કરી મદદ કરવા જણાવ્યું. તેથી શ્રીજીએ અમીચંદની બુદ્ધિ ફેરવી તેથી બન્ને મૂર્તિઓ સંતોને આપી. પછી બન્ને મૂર્તિઓને જોઈ બન્ને સંતોને ગઢપુર લઈ જવાની ઈચ્છા થઈ, તેથી બળદ-ગાડું ગઢપુરના રસ્તે ચાલતું કર્યું !

હે ભક્તો ! શ્રીહરિજી લક્ષ્મીનારાયણની મૂર્તિઓને જો ગઢડા લઈ જવા દે તો પછી નારાયણે લક્ષ્મીજીને વરદાન આપેલ હતું કે, ‘‘કળિયુગમાં ભગવાન પુરુષોત્તમ પ્રગટ થશે અને તમે તપ કર્યું છે એ સ્થાને આપણી બન્નેની મૂર્તિઓ પધરાવશે.’’ એ વરદાન ખોટું પડી જાય. તેમજ બીજું કારણ એ પણ હતું કે, વડતાલનું મંદિર તો તૈયાર થઈ ગયું હતું. અને ગઢડામાં તો મંદિર કરવાની વાત પણ થઈ ન હતી. આ બન્ને કારણને લીધે શ્રીહરિજીની ઈચ્છા મૂર્તિઓને ગઢપુર લઈ જવા દેવાની ન હતી, તેથી રસ્તામાં જ ઉનાળાના સમયે મુશળધાર વરસાદ વરસવા લાગ્યો અને કીચડ થવાને કારણે ગાડું આગળ ચાલતું અટકી ગયું !



હે ભક્તો ! બન્ને સંતો બળદ-ગાડું લઈને માંડ માંડ બોચાસણ ગામ પહોંચ્યા. પછી ત્યાં આપણા સત્સંગી કાશીદાસભાઈને ત્યાં મૂર્તિઓ મૂકી ત્યાંથી ચાલતા-ચાલતા વડતાલ આવ્યા. વડતાલ આવીને જોયું ત્યાંતો પાણીનું એક ટીપું પણ વરસ્યું ન હતું. પછી શ્રીહરિજી પાસે આવી સર્વે વાત કરી માફી માગી અને થોડા દિવસ પછી બોચાસણ જઈ લક્ષ્મીનારાયણની બન્ને મૂર્તિઓ વડતાલ લઈ આવ્યા.

## (૩૨) પ્રભુએ પૂતળાં નચાવ્યાં

**''તહાં બોલિયા મસ્તક નામી, અક્ષરાનંદ આનંદ સ્વામી;**
**નારાયણ મોલ નીચેનો ભાગ, તહાં ઓરડો ઓપે અથાગ.**
**પુતળાં હીરાભક્તે બનાવ્યાં, તેતો તે ઓરડામાં મુકાવ્યાં;''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫, કડી.૫૦**

હે ભક્તો ! શ્રીહરિજી અને બ્રહ્માનંદ સ્વામી મંદિરનું કામ ચાલતું હતું અને હનુમાનજીની મૂર્તિનું કામ ચાલતું હતું તે જોવા પધાર્યા હતા. ત્યારે આનંદાનંદ સ્વામી અને અક્ષરાનંદ સ્વામીએ કહ્યું: ''મહારાજ ! નારાયણમોલના નીચેના રૂમમાં હીરા ભક્તે બનાવેલાં બધાં પૂતળાં રાખ્યાં છે, માટે આપ જોવાં પધારો.''

હે ભક્તો ! બન્ને સંતોની વિનંતી સાંભળી શ્રીહરિજી ત્યાં ગયા અને પૂતળાં જોયાં. તે જોઈને મહારાજ બોલ્યા : ''અરે, આતો બોલે એવા જણાય છે. આમાં કેવળ જીવ નથી એટલી જ ખામી છે, બાકી બહુ સરસ બન્યા છે.'' આવું સાંભળી શ્રીજી સખા બ્રહ્માનંદ સ્વામી બોલ્યા:



**''આંહિ જો કોઈ ઈશ્વર આવે, તો આ પુતળામાં પ્રાણ લાવે.**
**માંસના પુતળાંને રમાડે, કેમ પથ્થરનાં ન જીવાડે;**
**પણ જો કરુણા ઉર આણે, એવી લીલા દેખાડે આ ટાણે.**
**એવાં સાંભળી મર્મ વચન, મંદ મંદ હસ્યા ભગવાન;**
**હતી નેતરની છડી હાથે, પુતળાંને અડાડી તે નાથે.**
**જીવતાં થઈ નાચવાં લાગ્યાં, વાજાં વિવિધ પ્રકારનાં વાગ્યાં;**
**સુણી જોવા આવ્યા ઘણા જન, થયા નિરખીને મનમાં મગન.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫**



હે ભક્તો ! સ્વામીને નૃત્ય કરતા પૂતળાં જોવાં હતાં, એટલે મર્મના રૂપમાં બોલ્યા: ''પૂતળાં તો સરસ જ છે, પણ ભગવાન વિના એને કોણ જીવતાં કરે ? અહીં ભગવાન તો છે નહિ; જો હોય તો પૂતળામાં પ્રાણ પૂરે. ભગવાન તો માંસનાં પૂતળાંમાં પ્રાણ પૂરે કે પથ્થરનાં પૂતળાંમાં પ્રાણ પૂરે બન્ને સમાન જ ગણાય છે. તેથી અહીંયાં જો પ્રભુ આવે અને તેને દયા આવે તો પૂતળાંને જીવતા કરે ને એની લીલા દેખાડે.''



હે ભક્તો ! બ્રહ્માનંદ સ્વામીના મર્મભર્યા વચનો સાંભળી શ્રીહરિજી મંદ મંદ હસવા લાગ્યા અને હાથમાં નેતરની સોટી હતી તે એક પછી એક પૂતળાંને અડાડવા લાગ્યા. ત્યાંતો ચમત્કાર સર્જાયો. બધાં જ પૂતળાંઓ નૃત્ય કરવાં લાગ્યાં ! જેના હાથમાં જે વાજીંત્રો હતાં તે વગાડવાં લાગ્યાં ! એનો અવાજ સાંભળી મંદિરમાં જે જે સંતો-ભક્તો સેવા કરતા હતા તે બધા ઉતાવળા આવીને આશ્ચર્ય સહિત જોવાં લાગ્યા. પછી પ્રભુએ છડી લઈ લીધી એટલે પૂતળાં નાચતાં બંધ થઈ ગયાં !

હે ભક્તો ! એ દરેક પુતળાંઓ હાલમાં મંદિરની અંદર થાંભલા ઉપર અને ગોળ ઘુંમટની ચારેબાજુ મુકેલા છે અને એને જોઈને સૌ સંતો-ભક્તો ૨૦૦ વર્ષ પહેલાંની લીલા યાદ કરી શ્રીહરિજીનો વિશેષ મહિમા જાણે છે. તથા પૂતળાંને અડાડેલી નેતરની છડી હતી તેના હાલમાં અક્ષરભૂવનમાં દર્શન થાય છે.



## (૩૩) નારાયણનાં આયુધો સવળાં થયાં !

‘‘નિત્યાખ્ય નામે મુનિયે જ આવી, તહાં પ્રભુને વિનંતી સુણાવી;
જે મૂર્તિયો છે પધરાવવાની, જુઓ પ્રભુ દ્રષ્ટિ કરી કૃપાની.
પછી પધાર્યા પ્રભુ તેહ સંગે, જોવા બધી મૂરતિયો ઉમંગે;
ઈશાન કોણે શુભ બૂર્જ જ્યાંય, જોઈ જઈને હરિ મૂર્તિ ત્યાંય.
જ્યાં વસ્ત્ર આછાદિત દૂર કીધું, સ્વરૂપ નારાયણ જોઈ લીધું;
આયુધ હાથે અવળાં હતાં જે, જોતાં જણાયાં સવળાં થયાં તે.
નીચે તણા દક્ષિણ હાથમાંય, ગદા થઈ ચક્ર હતું જ ત્યાંય;
ડાબે કરે જેહ ગદા જણાતી, ત્યાં ચક્ર દીઠું ભલું એ જ ભાતી.’’

– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૨૩, કડી.૬૧-૬૪

હે ભક્તો ! વડોદરાથી શ્રીલક્ષ્મીનારાયણની મૂર્તિઓ લઈને મુક્તાનંદ સ્વામીએ અને નિત્યાનંદ સ્વામીએ બોચાસણ મૂકી હતી. પછી ત્યાંથી વડતાલ લાવ્યા અને શ્રીહરિજીને કહ્યું: ‘‘પ્રભુ ! શ્રીલક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ જોવા પધારો. તે મૂર્તિઓ બુરજ નીચેના ઓરડામાં મૂકી છે.’’

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામીની વાત સાંભળી કૃપાળુ પ્રભુ બુરજ ગયા અને બીજી મૂર્તિઓ જોયા પછી શ્રીલક્ષ્મીનારાયણદેવ પાસે આવ્યા અને તેમને ઓઢાડેલ વસ્ત્ર લીધું, ત્યાંતો નારાયણનાં આયુધો અવળાં હતાં તે સવળાં થઈ ગયાં !! જમણી બાજુના નીચેના હાથમાં ચક્ર હતું ત્યાં ગદા થઈ ગઈ ! અને ડાબી બાજુના નીચેના હાથમાં ગદા હતી તે જગ્યાએ ચક્ર થઈ ગયું !

હે ભક્તો ! પછી શ્રીહરિજીએ નિત્યાનંદ સ્વામીને કહ્યું: ‘‘સ્વામી ! તમે તો કહેતા હતા કે, ‘નારાયણનાં આયુધો અવળાં છે’, પરંતુ આયુધો તો બધાં બરાબર છે.’’ ત્યારે સ્વામી બે હાથ જોડીને બોલ્યા: ‘‘હે મહારાજ ! નારાયણનાં આયુધો તો અવળાં જ હતાં, પરંતુ આપની કૃપાદ્રષ્ટિથી તે સવળાં થઈ ગયાં છે.’’ આવું સાંભળી શ્રીજી મહારાજ મંદ મંદ હસવા લાગ્યા. પછી સ્વામીએ કહ્યું:

‘‘કહે મુનિ મૂર્તિ બીજી નિહાળો, દેખાવ કેવો દરસે રૂપાળો;
તે મૂર્તિયો ત્યાં સઘળી નિહાળી, કહ્યું કૃપાળે બહુ છે રૂપાળી.’’
‘‘હરિવર વરતાલમાં પધારી, નિજ મુરતી નજરે નિહાળી સારી;
જન મન હર સૌમ્ય મૂર્તિ જેહ, મુજ મન માંહિ વસો સદૈવ તેહ.’’

– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૨૩, કડી.૭૧-૭૨



## (૩૪) અઢાર મૂર્તિઓની સ્થાપના

‘‘આવ્યો પછી જ્યાં દિન દ્વાદશીનો, પ્યારો ઘણો તે કમળાપતિનો;
ઉઠી પ્રભાતે કરિ નિત્ય કર્મ, અગ્ન્યાદિ પૂજા કરિ ધર્મવર્મ.
ત્યાં મૂર્તિયોને હરિ આપ હાથે, કર્યો અભિષેક દ્વિજોની સાથે;
પૂજા કરી વેદઋચા ભણાવી, તે મૂર્તિયોને રથમાં ચડાવી.’’

– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૨૮

હે ભક્તો ! બારસને દિવસે સવારે વહેલાં ઊઠીને શ્રીહરિજીએ પોતાનો નિત્યવિધિ કર્યો અને પછી પ્રતિષ્ઠા નિમિત્તે નારાયણમોલ આગળ યજ્ઞ કર્યો હતો ત્યાં પધાર્યા. ત્યાં આવીને મંદિરમાં પધરાવવાની બધી જ મૂર્તિઓનો યજ્ઞમાં બેઠેલા બ્રાહ્મણો સાથે અભિષેક કર્યો. ત્યાર બાદ વૈદિક મંત્રો બ્રાહ્મણો પાસે બોલાવીને મૂર્તિઓને રથમાં બેસાડી વાજીંત્રોવાળાને આગળ ચાલી વગાડવા કહ્યું.

હે ભક્તો ! આગળ વાજીંત્રોવાળા વાજાં વગાડતા ચાલવા લાગ્યા. એની પાછળ વેદઋચા બોલતા બ્રાહ્મણો ચાલવા લાગ્યા અને એની પાછળ રથમાં બેસાડેલી મૂર્તિઓ સાથે શ્રીહરિજી મંદિરની પ્રદક્ષિણા કરીને પૂર્વદ્વારે આવીને ઊભા રહ્યા.

હે ભક્તો ! ત્યાર પછી બધી મૂર્તિઓને મંદિરમાં લઈ જવામાં આવી અને જેનાં જેનાં સ્થાન હતાં, ત્યાં પધરાવવામાં આવી. શ્રીલક્ષ્મીનારાયણ દેવની મૂર્તિને મધ્ય શિખરના વચ્ચેના ખંડમાં પધરાવ્યાં. દક્ષિણ ખંડમાં શ્રીરાધા-કૃષ્ણદેવ સાથે શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યાં અને ઉત્તર ખંડમાં ધર્મદેવ, ભક્તિમાતા અને વાસુદેવ (મહારાજનું બાળ સ્વરૂપ)ની મૂર્તિ પધરાવી.

હે ભક્તો ! બીજાં નાનાં-નાનાં છ શિખરો નીચે નાના-નાના ખંડમાં વરાહ નારાયણ, નૃસિંહ નારાયણ, શ્રીશેષશાયી, શ્રીકૂર્મનારાયણ, સૂર્યનારાયણ અને મત્સ્ય નારાયણની મૂર્તિઓની સ્થાપના કરી.

હે ભક્તો ! દક્ષિણ ખંડ તરફ ‘સુખશૈયા’ની સ્થાપના કરી. તેમજ મંદિરની પૂર્વદિશાના મોટા દરવાજાની બાજુમાં ગણપતિ દાદા તથા હનુમાન દાદાની સ્થાપના કરી. ગણેશજીના ઉપરના ભાગે નાના એવા મહાદેવ અને પાર્વતીજીની પણ સ્થાપના કરી. અર્થાત્ શિવ અને પાર્વતી સાથેની મૂર્તિઓ ગણીએ તો કુલ ૧૮ મૂર્તિઓની શ્રીહરિજી દ્વારા વડતાલમાં સ્થાપના થઈ હતી.







## (૩૫) શ્રીહરિજીએ ૧૧ રૂપો ધારણ કર્યા !



''સંવત અઢાર શતે તથા શુભ સાલ એકાશી તણી,
કાર્તિકી સુદી તિથિ દ્વાદશી ઉત્તમ થકી ઉત્તમ ઘણી;
બુધવાર સૌથી સાર ને નક્ષત્ર નિરમળ તે કહું,
ભલું ભાદ્રપદ જે ઉત્તરા વળિ યોગ હર્ષણ શુભ બહુ.
ધન લગ્નમાં દિન પ્રહર ચડતાં કામ તે ઉત્તમ કર્યું,
આશ્ચર્યકારી એ સમે ત્યાં રૂપ ધર્મ સુતે ધર્યું;
સ્થાપન કરણ થળ જેટલાં હરિ તેટલાં રૂપો ધરી,
સહુ મૂર્તિઓની એક કાળે ત્યાં પ્રતિષ્ઠા તો કરી.''

– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૨૮, કડી.૧૬-૧૭

હે ભક્તો ! સંવત્ ૧૮૮૧ કારતક સુદ બારસ ને બુધવાર (તારીખ ૩/૧૧/૧૮૨૪)ને ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં અને ધન રાશીમાં સવારે પહેલાં પ્રહરમાં (૬ થી ૯ વચ્ચે) સ્વામિનારાયણ ભગવાને એક સાથે ૧૧ સ્વરૂપો ધારણ કરીને અગ્યાર સ્થાનોમાં એક સાથે મૂર્તિ-પ્રતિષ્ઠાની આરતી ઉતારી !

હે ભક્તો ! ત્રણ શિખરના ખંડોમાં ત્રણ રૂપ ધારણ કરી આઠ સ્વરૂપોની આરતી ઉતારી. છ નાના શિખરના ખંડના છ દેવો આગળ છ રૂપો ધારણ કરી આરતી ઉતારી અને ગણપતિ અને હનુમાનજીના બે સ્થાનોમાં બે રૂપો ધારણ કરી ચાર દેવોની આરતી ઉતારી. કારણ કે ગણપતિની મૂર્તિ સાથે જ શિવ-પાર્વતીની મૂર્તિ જોડાયેલી છે.

હે ભક્તો ! શ્રીહરિજી મહારાજ જ્યારે એક સાથે અગ્યાર સ્વરૂપો ધારણ કરી અઢાર દેવોની પ્રતિષ્ઠાની આરતી ઉતારતા હતા, ત્યારે અનેક પ્રકારના વાજીંત્રો વાગવા લાગ્યા હતા. દરબારો અને પાર્ષદો એક સાથે બંદૂકોના ભડાકા કરતા હતા. આકાશમાં દેવો આવી પુષ્પની વૃષ્ટિ કરતા હતા. ગાંધર્વો ગાન કરતા હતા અને સંતો-ભક્તો ઉચ્ચા સ્વરથી આરતી બોલી રહ્યા હતા.

હે ભક્તો ! ત્યારબાદ સંતોએ સર્વે દેવોની સ્તુતિ કરી અને સર્વે દેવોને દંડવત-પ્રણામ કરી જયજયકાર કરવા લાગ્યા.

''શ્રીહરિકૃષ્ણ મહારાજની જય... શ્રીલક્ષ્મીનારાયણદેવની જય... ધર્મ ભક્તિ વાસુદેવની જય....''





## (૩૬) વાસુદેવ અને હરિકૃષ્ણની એકતા

''તે માંહિ મૂર્તિ વળિ વાસુદેવ, તથા હરિકૃષ્ણ તણી અભેવ;
એ બેયમાં ભેદ કશો ન જાણો, પ્રત્યક્ષ મારી મુરતી પ્રમાણો.
તેમાં રહી હું સુખ સર્વ દૈશ, પૂજા કરે તે પણ માનિ લેશ;
એ મૂર્તિ દ્વારે અગણીત કેરું, કલ્યાણ થાશે જગમાં ઘણેરું.
પ્રત્યક્ષ દેખે મુજને ન જેહ, તે મૂર્તિનું ધ્યાન કરે જ તેહ;
જો માનસી પૂજન તેનું થાય, પ્રત્યક્ષ પૂજા સમ છે સદાય.''

– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૩૦



હે ભક્તો ! પ્રતિષ્ઠાની આરતી ઉતારીને પછી શ્રીહરિજી યજ્ઞશાળામાં પધાર્યા. ત્યાં પૂર્ણાહુતિ કરાવી સંતો-ભક્તો સાથે વાજીંત્રો સહિત અવભૃથ સ્નાન (યજ્ઞની પૂર્ણાહુતિનું સ્નાન) કરવા ગોમતીજીએ ગયા. ત્યાં સ્નાન કરી આવીને સભામાં બિરાજમાન થયા અને તાળી વગાડી હાથ ઉચા કરીને સૌ સંતો-ભક્તોને કહેવા લાગ્યા:

હે સંતો-ભક્તો સૌ સાંભળો. મેં પધરાવેલા વાસુદેવ અને હરિકૃષ્ણ આ બન્ને મારાં જ સ્વરૂપ છે, માટે તેમાં ભેદ માનશો નહિ. એ બન્નેએ પ્રત્યક્ષ માનીને જ દર્શન કરજો. તેમાં રહીને અમો સર્વેને અમારી મૂર્તિનું સુખ આપીશું અને જે જે પૂજા કરશે તેને અંગીકાર કરીશું.

હે મારા આશ્રિતો ! આ બન્ને મૂર્તિઓ દ્વારા અમારે અગણિત મુમુક્ષુઓનાં કલ્યાણ કરવાં છે. વળી જ્યારે અમે પ્રત્યક્ષ મનુષ્ય-આકારે ન હોઈએ ત્યારે આ મારાં સ્વરૂપોનું જે ધ્યાન ધરશે અને માનસી-પૂજા કરશે, તેની અમો પ્રત્યક્ષ પૂજાની જેમ જ સ્વીકાર કરીશું, માટે આ મારાં સ્વરૂપોને મૂર્તિ ન માનતાં, પણ પ્રત્યક્ષ જ માનજો.



હે ભક્તો ! વડતાલ મંદિરના ઉત્તર ખંડમાં ધર્મ, ભક્તિ અને વાસુદેવ તેમજ દક્ષિણ ખંડમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીકૃષ્ણ અને રાધાજી આ પ્રકારે ધાતુની કુલ છ મૂર્તિઓ છે. આ છ મૂર્તિઓ વડોદરામાં બનાવવામાં આવેલ છે, એવું 'શ્રીહરિચરિત્રામૃત સાગર' ગ્રંથમાં આધારાનંદ સ્વામીએ લખેલ છે.

એકવાર ગઢપુરમાં શ્રીજી મહારાજે આધારાનંદ સ્વામીને બોલાવીને કહ્યું:''સ્વામી ! તમે વડોદરા જાઓ. ત્યાં ધર્મ ને ભક્તિ તે બન્નેઓની તથા મુરલીધર શ્રીકૃષ્ણની (વૃંદાવન વિહારીની) રાધિકાએ સહિત ધાતુની મૂર્તિઓ કરાવજો.'' પછી આધારાનંદ સ્વામી કેશવાનંદ સ્વામીને સાથે લઈને વડોદરા આવ્યા અને ચાર મૂર્તિઓ વડતાલધામ માટે કરાવી. (– પૂર : ૨૮ / ત. : ૯૬)

હે ભક્તો ! જેમનો મહિમા સ્વયં સ્વામિનારાયણ ભગવાને કહ્યો છે અને પોતાના આશ્રિતોને ઉપાસના કરવા માટે જ શ્રીહરિકૃષ્ણ મહારાજ વડતાલધામમાં પધરાવેલ છે, તે અને વાસુદેવ નારાયણનું સ્વરૂપ આ બન્ને મૂર્તિ પંચધાતુરૂપ સ્વરૂપ વડોદરામાં તૈયાર કરવામાં આવેલ છે. તેની નોંધ પણ શ્રીહરિચરિત્રામૃત સાગરમાં લેવામાં આવેલ છે.

એક વખત ભુજવાળા નારાયણજીભાઈ સુતારને શ્રીહરિએ આજ્ઞા કરેલ કે ''તમે વડોદરા જઈને અમારી બે મૂર્તિઓ બનાવીને લાવો.'' તેથી તેઓ વડોદરા જઈને ત્યાં ધાતુની બે મૂર્તિઓ બનાવીને વડતાલ લાવ્યા. ભક્તોના મનોરથને પૂર્ણ કરનાર એવી એક મૂર્તિનું નામ વાસુદેવ નારાયણ હતું અને બીજી મૂર્તિનું નામ હરિકૃષ્ણ હતું. બન્ને સ્વરૂપ એક સરખા સુશોભિત હતા. – પૂર : ૨૭, તરંગ : ૧૩



## (૩૭) શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રત્યક્ષ છે



**''અમારા હે ઈષ્ટ પ્રગટ હરિકૃષ્ણ પ્રભુ તમે,**
**સદા દો સ્વાભીષ્ટ તવ પદ તણા આશ્રિત અમે;**
**અનેક બ્રહ્માંડ સ્થિતિ લય તણા કારણ અહો,**
**અમારે ચિત્તે આ મુરતી રજની વાસર રહો.''**
**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૨૮**



હે ભક્તો ! પ્રતિષ્ઠા પૂર્ણ થયા પછી સંતો શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્તુતિ કરતા કહે છે કે, ''હે પ્રભુ ! તમે અમારા ઈષ્ટદેવ છો. અમે તમારા ચરણકમળના સેવક છીએ. તમને જે પ્રિય હોય એવું અમોને તમે આપજો. હે મહારાજ ! તમે તો અનંતકોટિ બ્રહ્માંડના ઉત્પતિ કરનારા, પોષણ કરનારા અને સંહાર કરનારા છો, આપની મોટાઈ અમે શું કહી શકીએ ? માટે અમારી એટલી માગણી છે કે, આ તમારી મૂર્તિ અમારા અંતરમાં હંમેશાં રહે અને આ હરિકૃષ્ણ સ્વરૂપનું જ અમારા ચિત્તમાં સદાય ચિંતન થયા કરે.

હે ભક્તો ! એકવાર શ્રીહરિજી મુક્તાનંદ સ્વામીને સાથે લઈને મંદિર ઉપર દર્શન કરવા પધાર્યા. દેવોનાં દર્શન કર્યા બાદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ ઊભા રહીને મહારાજ મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા: ''સ્વામી ! આ મારું સ્વરૂપ હરિકૃષ્ણમાં, તમારી આગળ મનુષ્યરૂપે રહેલા અમારામાં અને અક્ષરધામમાં રહેલી અમારી દિવ્ય મૂર્તિમાં એક રોમનો પણ ભેદ નથી. જે ભેદ માનશે તેના નિશ્ચયમાં ભેદ માનજો અને એના કલ્યાણમાં પણ ભેદ માનજો.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને શ્રીહરિજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા ! ઘણીવારે બહાર ન નીકળ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી ગદ્‌ગદ્‌ સ્વરે સ્તુતિ કરવા લાગ્યા ત્યારે બહાર નીકળ્યા અને બોલ્યા: ''સ્વામી ! અમારા ત્રણેય સ્વરૂપની તમને એકતા બતાવી.'' આવું સાંભળી સ્વામી અતિશય રાજી થયા.

હે ભક્તો ! શ્રીહરિજી મનુષ્ય દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં પધાર્યા. પછી રામપ્રતાપભાઈ અમદાવાદથી પૂનમે કે કાર્તિકી-ચૈત્રી સમૈયે જ્યારે-જ્યારે વડતાલ આવતા ત્યારે મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ આગળ ગળામાં ઢોલક વગાડીને સતત કીર્તનો બોલ્યા કરતા. ત્યારે મૂર્તિમાંથી બહાર નીકળી મહારાજ કહેતા: ''બડેભૈયા ! બહુ કીર્તનો ગાયા, હવે ઉતારો કરો.'' એમ કહીને ભેટતા. ત્યારે મોટાભાઈ ઉતારે જતા. આવા પ્રત્યક્ષ પ્રભુ આપણને મળ્યા છે.

“પ્રગટ મૂર્તિનો મહિમાય...અચરજકારી છે;
સર્વે સુખતણી સીમાય...અચરજકારી છે.
આ મૂર્તિની જે મોટાઈ...અચરજકારી છે;
નાવે નાવે કહ્યામાંઇ...અચરજકારી છે.
આ મૂર્તિ સહુથી ન્યારી...અચરજકારી છે;
શું હું કહું વડાઈ વિસ્તારી...અચરજકારી છે.
આ મૂર્તિ સહુથી નોખી...અચરજકારી છે;
ચોક્કસ વાત કહું છું ચોખ્ખી...અચરજકારી છે.
આ મૂર્તિ નહિ અન્ય જેવી...અચરજકારી છે;
હરિ ધરી ન ધરશે એવી...અચરજકારી છે.
આ મૂર્તિ છે અલૌકી...અચરજકારી છે;
માનો માન મનનું મૂકી...અચરજકારી છે.
આ મૂર્તિ નહિ કોય સરખી...અચરજકારી છે;
જૂવો અંતર ઊંડું નીરખી...અચરજકારી છે.
આ મૂર્તિનો મહિમાય...અચરજકારી છે;
કોટિ કવિયે કેમ કહેવાય...અચરજકારી છે.
એવી મૂર્તિ છે આજની...અચરજકારી છે;
હરિજનના સુખ સાજની...અચરજકારી છે.
સહુને પાર આવ્યા છે પોતે...અચરજકારી છે;
જન સુખિયા થાય સહુ જોતે...અચરજકારી છે.”

– હરિસ્મૃતિ : ચિંતામણી-૭







## (૩૮) શ્રીહરિકૃષ્ણ મહારાજ બોલ્યા

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન જ્યારે મનુષ્યરૂપે હતા, ત્યારે તેઓની સેવામાં મૂળજી બ્રહ્મચારી સાથે જયરામ બ્રહ્મચારી પણ હતા. સમય જતા સંવત્ ૧૮૮૬ માં શ્રીહરિ ધામમાં પધાર્યા. પછી જયરામ બ્રહ્મચારી વડતાલમાં આવી શ્રીહરિકૃષ્ણ મહારાજની સેવા કરવા લાગ્યા. પરંતુ શ્રીહરિજી ધામમાં પધારી ગયા હોવાથી બ્રહ્મચારીને બહુ ઉદ્‌વેગ રહેતો હતો, એના કારણે કાયમ ઉદાસ રહ્યા હતા.

એક વખત ઉદાસ ચહેરે બ્રહ્મચારી પોતાના આસને બેઠા હતા. ત્યારે શ્રીહરિ યાદ આવતા રડવા લાગ્યા. તે સમયે ત્યાં સાક્ષાત્ લક્ષ્મીજી પ્રગટ થયાં અને બોલ્યાં: ‘‘બ્રહ્મચારી ! ચાલો મારી સાથે મંદિર ઉપર.’’ આ પ્રમાણે કહીને લક્ષ્મીજી હરિકૃષ્ણ મહારાજ આગળ બ્રહ્મચારીને લઈ ગયા અને બોલ્યાં: ‘‘તમે શ્રીહરિને ધામમાં જતા રહ્યા માનો છો, પણ એ તો આ હરિકૃષ્ણરૂપે રહીને આખા સંપ્રદાયના આશ્રિતોને કાયમ માટે દર્શન આપી રહ્યા છે. આ મહારાજને તમે શું મૂર્તિ માનો છો ?’’

હે ભક્તો ! લક્ષ્મીજી આવું બોલ્યાં ત્યાંતો હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બોલી: ‘‘જયરામ બ્રહ્મચારી ! લક્ષ્મીજી સાચું બોલે છે. અમે ફક્ત મનુષ્યરૂપે અંતર્ધાન થયા છીએ, પરંતુ હરિકૃષ્ણરૂપે તો વડતાલમાં અખંડ રહીને દર્શન આપીએ છીએ, માટે અમોને પ્રત્યક્ષ માની સેવા કરજો.

આ પ્રમાણે કહીને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બોલતી બંધ થઈ ગઈ. આવી દિવ્ય વાણી સાંભળીને જયરામ બ્રહ્મચારીની આંખોમાં પ્રેમનાં આંસુ વહેવાં લાગ્યાં. એ સમયે જ લક્ષ્મીમાતા હરિકૃષ્ણ મહારાજની આગળ ઊભાં હતાં ત્યાંથી બહારની કોળીમાં ધીરે ધીરે ચાલીને બ્રહ્મચારીના દેખતાં જ વચ્ચેના સિંહાસનમાં પધરાવેલ પોતાની મૂર્તિમાં સમાઈ ગયાં !

હે ભક્તો ! આ પ્રસંગ બન્યા પછી જયરામ બ્રહ્મચારી અતિ આનંદમાં આવી ગયા અને સર્વે દેવો સહિત શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રત્યક્ષ માની સેવા કરવા લાગ્યા અને પોતાને લક્ષ્મીજીએ દર્શન આપી શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહિમા સમજાવ્યો હતો તે વાત સર્વે સંતો-ભક્તોને કહી.

હે ભક્તો ! આપણે પણ જો જયરામ બ્રહ્મચારી જેમ શ્રીહરિને અક્ષરધામમાં જતા રહેલા માનતા હશું તો અંતરમાં આનંદ નહિ મળે, પરંતુ લક્ષ્મીજીની જેમ પ્રગટ ને પ્રત્યક્ષ જ હરિકૃષ્ણ મહારાજને માનીશું તો અંતરમાં અહોઅહોપણું રહ્યા કરશે અને મહારાજનો મહિમા પણ વધતો જશે; માટે મહિમા સહિત અને પ્રત્યક્ષ માનીને જ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવાં એટલે દર્શનમાં વિશેષ આનંદ આવશે અને ક્યારેય કંટાળો પણ નહિ આવે.

## (૩૯) પ્રસાદીના દેવોનો મહિમા

**"આ મંદિરે સ્થાપિત રૂપ જેહ, છે પૂજવા જોગ્ય સમસ્ત તેહ;**
**એ તો સહુ છે અવતાર મારા, અર્ચ્યા થકી વાંછિત આપનારા.**
**આ લક્ષ્મીનારાયણ રૂપ જે છે, શ્રી દ્વારિકાધીશ સ્વરૂપ તે છે;**
**ઈત્યાદિ મારા અવતાર જાણી, પૂજો ધરો ધ્યાન ઉમંગ આણી.**
**મેં મૂર્તિયો સ્થાપિત જેહ સ્થાને, જે તેહને આદરથી ન માને;**
**ન જાણવો આશ્રિત તે અમારો, તે તો મરીને નરકે જનારો.**
**પ્રત્યેક માસે તિથિ પૂર્ણિમાંયે, જો આ સ્થળે નિયમથી અવાયે;**
**આ દેવનાં દર્શન એહ ટાણે, કર્યા થકી સિદ્ધિ અભીષ્ટ માણે."**

**— શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૩૦**

હે ભક્તો ! પ્રતિષ્ઠા કર્યા પછી વિશાળ સભામાં શ્રીહરિજી સર્વે સંતો-ભક્તોને કહેવા લાગ્યા : "અમોએ આ વડતાલ મંદિરમાં અમારાં સ્વરૂપો અને અમારા અવતારોનાં સ્વરૂપો પધરાવ્યાં છે, એ બધાં જ પૂજવા યોગ્ય છે અને માનવા યોગ્ય છે. તેમનું પૂજન કરવાથી મનોકામના પૂર્ણ થશે.

હે મારા સમસ્ત આશ્રિતો ! આ શ્રીલક્ષ્મીનારાયણદેવ એ જ દ્વારિકાધીશ છે, એમ માનજો. આ દેવનું દર્શન-પૂજન કરવાથી દ્વારિકાધીશનાં દર્શન-પૂજનનું પણ ફળ મળશે. આ વૈકુંઠપતિ અને દ્વારિકાપતિ બન્ને છે, તેથી પ્રેમથી આ દેવને તેમજ નાના ડેરાઓમાં પધરાવેલા મારા અવતારોને મહિમાથી માનજો. મેં પધરાવેલ મૂર્તિઓને જે આદર થકી માને નહિ, તેને મારો આશ્રિત જાણવો નહિ, તે તો મરીને નરકમાં જ જશે, માટે મારા અવતારોની ક્યારેય નિંદા કરવી નહિ.

**"પૌર્ણમાસ્યાં પૌર્ણમાસ્યાં યે ચ ગ્રામાન્તરાદપિ;**
**એત્યૈષાં દર્શનં ભક્ત્યા કરિષ્યન્ત્યત્ર માનવાઃ"**

**— સત્સંગિજીવન : ૪/૨૭/૫૮**

હે સંતો-ભક્તો ! આ લોકનાં સુખ માટે જે જે નરનારીઓ દર મહિને પૂનમે-પૂનમે દર્શન કરવા આવશે અને કોઈ પણ માનતા માનશે, તેની ઈચ્છા જરૂર પૂરી થશે. શ્રીહરિકૃષ્ણ મહારાજ એમને મુક્તિ દેશે અને શ્રીલક્ષ્મીનારાયણ દેવ એમને ભુક્તિ દેશે, માટે દર મહિનાની પૂનમે દર્શન કરવા મોક્ષની ઈચ્છા વાળાએ અને ભૌતિક સુખની ઈચ્છાવાળાએ અવશ્ય આવવું."



## (૪૦) લક્ષ્મીજીએ આવીને બ્રહ્મચારીને ઊભા કર્યા !



હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં પધરાવેલાં શ્રીલક્ષ્મીનારાયણદેવ પ્રગટ હાજરા-હજૂર છે. તેનો પ્રસંગ આપને માટે લખી રહ્યો છું, તે સાવધાન થઈને વાંચીને તમોને ખ્યાલ આવશે કે, આપણાં મંદિરમાં પ્રતિષ્ઠિત દેવો કેટલા દયાળું છે અને ચમત્કારી છે.

હે ભક્તો ! શ્રીલક્ષ્મીનારાયણદેવ અને હરિકૃષ્ણ મહારાજના પૂજારી તરીકે મૂળજી બ્રહ્મચારીના શિષ્ય નારાયણાનંદજીએ ઘણાં વર્ષો સુધી સેવા કરી હતી. પછી મોટી ઉંમરને કારણે સેવામાંથી નિવૃત્ત થયા હતા. પરંતુ દર્શન કરવા તો દરરોજ જતા હતા. દરરોજના નિત્ય-નિયમ મુજબ એકવાર તેઓ દર્શન કરવા ગયા. દર્શન કર્યા પછી ધીરે ધીરે ચાલીને ઉતારે આવતા હતા. ઉંમર અને બીમારી બન્નેને કારણે તેમને ચક્કર આવ્યા, તેથી પડી ગયા.

હે ભક્તો ! એ સમયે ત્યાં કોઈ સંત કે ભક્ત ન હતા, તેથી એમનામ ભોંય ઉપર જ સૂઈ રહ્યા. ત્યાંતો કોઈ અજાણી સ્ત્રીએ આવી ઊભા કરવા હાથ પકડ્યો ! તેને કારણે નારાયણાનંદ બ્રહ્મચારીએ એકદમ આંખો ખોલીને તે સ્ત્રી સામું જોયું ત્યાંતો સાક્ષાત્ મહાલક્ષ્મી માતા હતાં ! બ્રહ્મચારી તો સામું જ જોઈ રહ્યા. પછી હાથ છોડાવવા ગયા, ત્યારે લક્ષ્મીજી બોલ્યાં : "બ્રહ્મચારી ! હું તો તમારી માતા કહેવાઉં, મારાં અડવાથી તમને ઉપવાસ નહિ પડે. તમોએ અમારી અને હરિકૃષ્ણ મહારાજની પ્રેમથી અને મહિમાથી ખૂબ સેવા કરી છે, એટલે તમને પડી ગયેલા જાણીને ઊભા કરવા આવી છું. હવે તમારે દૈહિક દુઃખ નહિ ભોગવવું પડે. આવતી કાલે સ્વામિનારાયણ ભગવાન તમને તેડી જશે, માટે તૈયાર રહેજો."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને લક્ષ્મી માતા અંતર્ધાન થઈ ગયાં ! પછી નારાયણાનંદજી આસને ગયા અને વળતે દિવસે શ્રીજી મહારાજ મૂળજી બ્રહ્મચારી વગેરે મુક્તોને લઈ તેડવા આવ્યા. ત્યારે બ્રહ્મચારીએ તેમના શિષ્ય નિષ્કામાનંદ બ્રહ્મચારીને કહ્યું : "મને મહારાજ અને મુક્તો તેડવા પધાર્યા છે, માટે ધૂન બોલો, હું અક્ષરધામમાં જાવ છું."

હે ભક્તો ! તે સમયે બ્રહ્મચારી નિવાસમાં તેજ ફેલાયું અને એમાં શ્રીજી મહારાજ અને મુક્તોનાં દર્શન ઘણા સંતો-ભક્તોને થયાં. જોયુંને ભક્તો ? પ્રસાદીનાં દેવોની સેવા કરવાથી તેમણે મદદ કરી અને મહારાજને પણ બીજે દિવસે જ તેડવા મોકલ્યા. માટે પ્રસાદીના દેવોની સેવા કરવી અને શ્રીહરિજીને રાજી કરી લેવા.

### શ્રી હરિકૃષ્ણ મહારાજે સોનામહોર માંગી !

હે ભક્તો ! મધ્યપ્રદેશના નિમાડ પ્રાંતના ધરગામના ગોવિંદભાઈ પટેલે મનોમન નક્કી કરેલ કે, 'જે દેવની મૂર્તિ બોલીને મારી પાસે સોના-મહોર માગે, તેને પ્રગટ માની એના આશ્રિત બનવું,' પછી અનેક મંદિરોમાં ફરતા ફરતા વડતાલમાં આવી શ્રી હરિકૃષ્ણ મહારાજ આગળ આવી ઊભા રહ્યા, ત્યાં તો મહારાજ બોલ્યા : "ગોવિંદ પટેલ ! સોનામહોર આપો !" પછી તેણે સત્સંગી થઈ આજીવન ભક્તિ કરી.

## (૪૧) સૂર્યનારાયણ વડતાલ પધાર્યા



**‘‘અહો ભાનૂદેવા પ્રગટ તમ જેવા સુર નાહીં,**
**સજે છે સૌ સેવા અધિક સુખ લેવા જન અહીં;**
**રથે રાજો છોજી સુભગ વળિ સપ્તાશ્વ સહિતે,**
**રહ્યા છો શ્રીવિષ્ણુ હિરણમય રૂપે જનહિતે.’’**

**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૨૮**

હે ભક્તો ! જેમ દ્વારિકાથી સચ્ચિદાનંદ સ્વામી સાથે દ્વારિકાધીશ વડતાલ પધાર્યા છે - તેમ વડોદરાથી ગોપાળાનંદ સ્વામી સાથે સૂર્યનારાયણ વડતાલ પધાર્યા છે, એ પ્રસંગ આપની સમક્ષ રજૂ કરું છું.

હે ભક્તો ! મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી વડોદરા અવાર-નવાર જતા અને સત્સંગીઓને દર્શનનું અને કથા-વાર્તાનું સુખ આપી રાજી કરતા. એકવાર સ્વામી ‘ખારીવાવ’ પરામાં પધાર્યા. ત્યાં દશબાર સુરૈયા લવાર સત્સંગી રહેતા હતા, તેમણે સ્વામીની પધરામણી કરાવી. પૂજન કરી ૧૦ શેર પેંડા-બરફી સ્વામી આગળ મૂક્યા. તે પેંડા લઈને સ્વામીએ લાલજીને ધરાવ્યા અને સૂર્યનારાયણનું મંદિર બાજુમાં હતું ત્યાં પેંડાનો થાળ લઈ જઈ સૂર્યનારાયણની મૂર્તિ આગળ મૂકી જમવાનું કહ્યું.

હે ભક્તો ! તુરંત સૂર્યદેવ મૂર્તિમાંથી બહાર નીકળી સ્વામી પાસે આવ્યા ! ત્યારે સ્વામીએ પૂછ્યું : ‘‘આપ પ્રસન્ન છો ?’’ ત્યારે સૂર્યદેવ કહે : ‘‘દક્ષિણી બ્રાહ્મણ સેવા-પૂજા કરે છે, પણ ધર્મ પાળતો નથી અને ક્રિયાશુદ્ધિ રાખતો નથી, તેથી અમે જમતા નથી; પણ તમે પેંડાનું નૈવેદ્ય ધર્યું છે, તેથી જમીશ.’’ આ રીતે કહીને અડધો થાળ જમી ગયા અને બાકીનો સૌને પ્રસાદ તરીકે આપવા કહ્યું.

હે ભક્તો ! પછી સૂર્યનારાયણે ગોપાળાનંદ સ્વામીને કહ્યું : ‘‘શ્રીહરિજી હાલ પૃથ્વી પર અવતાર ધારણ કરીને અનેક જીવોનું કલ્યાણ કરે છે અને પોતાના ભક્તોને દિવ્ય સુખ આપે છે. હું પણ એ સર્વોપરી ભગવાનનો ભક્ત છું, તેથી મારી ઈચ્છા છે કે, હું પણ પ્રભુની સમીપમાં રહી એમનાં દર્શન કરું ને સેવા કરું.’’ ત્યારે સ્વામીએ કહ્યું : ‘‘અમો ચાર દિવસ પછી વડતાલ જવાના છીએ અને ભગવાન શ્રીહરિજી પણ ગઢડાથી વડતાલ સમૈયો કરવા પધારવાના છે, તેથી તમે બ્રાહ્મણના રૂપે અમારી સાથે વડતાલ આવજો.’’

હે ભક્તો ! ચોથા દિવસે સ્વામી ગાડીમાં બેસી સૂર્યદેવના મંદિરે ગયા અને બોલ્યા : ‘‘ચાલો સૂર્યદેવ.’’ તુરંત મૂર્તિમાંથી એક વૃદ્ધ બ્રાહ્મણરૂપે બહાર નીકળી સ્વામી સાથે ગાડીમાં બેસી વડતાલ આવ્યા અને શ્રીહરિજીને પ્રણામ કરી સમીપમાં રાખવાની વિનંતી કરી. મહારાજે હા કહેતા તેઓ મહારાજ સાથે મંદિરમાં ગયા અને તેજરૂપે થઈ સૂર્યનારાયણની મૂર્તિમાં તેજરૂપે સમાઈ ગયા અને કાયમ માટે વડતાલમાં રોકાઈ ગયા !



## (૪૨) દ્વારિકાધીશ વડતાલ પધાર્યા !



**‘‘ભૂત ભવિષ્યની વારતા, સર્વ જાણે છે શ્રીમહારાજ;**
**જાણ્યું આવે છે દ્વારિકાપતી, સાથે તીર્થનો લઈને સમાજ.’’**

**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૪૩**

હે ભક્તો ! ધર્મકુળના ગોપાળજી, નંદરામજી વગેરે સાથે શ્રીહરિજીએ સચ્ચિદાનંદ સ્વામીને દ્વારકા યાત્રા કરવા મોકલેલા. ત્યાં સ્વામીને પૈસા વિના ગોમતીજીમાં નાવા ન દીધા તેમજ છાપો ન દીધી અને બેટ દ્વારકામાં દર્શન કરવા પણ ન દીધા ! તેથી સચ્ચિદાનંદ સ્વામી ધ્યાન કરવા બેસી ગયા તેને કારણે સમાધી થઈ ગઈ ! તેથી ૧૦ દિવસ ભૂખ્યા અને તરસ્યા વ્યતીત થઈ ગયા ! પછી દ્વારિકાધીશે દર્શન આપીને સ્વામીને ભેટી વરદાન માગવા કહ્યું. ત્યારે સ્વામી કહે : ‘‘સ્ત્રી-ધનના ત્યાગી સંતોને અને ગરીબ ભક્તોને તમારાં દર્શન સુખેથી થાય એવી કૃપા કરો. અહીં તો ગુગળી બ્રાહ્મણો પૈસા વિના દર્શન કરવા નથી દેતા.’’

હે ભક્તો ! સચ્ચિદાનંદ સ્વામીની વિનંતી સાંભળી દ્વારિકાધીશ બોલ્યા : ‘‘હું વડતાલ આવીશ અને ત્યાં શ્રીલક્ષ્મીનારાયણદેવની મૂર્તિ છે, તેમાં નિવાસ કરીને દરેક સંતો-ભક્તોને દર્શન આપીશ, તેથી દ્વારિકાની યાત્રા વડતાલમાં નારાયણનાં દર્શન કરવાથી પૂરી થઈ જશે, આ મારાં વચનમાં સંશય કરશો નહિ; કારણ કે હું છું ત્યાંજ દ્વારિકા છે અને દ્વારિકાનાં સર્વે તીર્થો છે. હે સ્વામી ! તમે આજે જ અહીંથી જાઓ, અમો તમારી સાથે આવીએ છીએ.’’

હે ભક્તો ! પછી સ્વામીએ ગઢપુર આવી શ્રીહરિજીને સર્વે વાત કરી. તેથી મહારાજે કહ્યું : ‘‘દ્વારિકાધીશ વડતાલ પધારે છે, માટે ફૂલદોલનો ઉત્સવ વડતાલ જઈને કરીએ.’’ પછી મહારાજ વડતાલ પધાર્યા અને દ્વારિકાધીશ પણ વડતાલ આવી લક્ષ્મીનારાયણની મૂર્તિમાં નિવાસ કરીને કાયમ માટે રહ્યા !

## (૪૩) ગોમતીજી વડતાલ પધાર્યા



''પછી ગોમતી ગાળવા કેરું, કૃષ્ણે કામ ચલાવ્યું ઘણેરું;
મટોડી તણી ટોપલી ભરી, પોતે પાઘ ઉપર ધરે હરી.
દેખી દેવતા વિસ્મિત થાય, એવી ભક્તિ તે કરવા ચહાય;
મચ્યા સંત ને ભક્ત હજારો, કરે જયજયકાર ઉચ્ચારો.
– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૫૩

હે ભક્તો ! દ્વારિકાધીશ વડતાલ પધાર્યા એટલે તેઓની સાથે ગોમતીજી પણ પધાર્યા, તેથી મંદિરથી ઉત્તર દિશામાં ધારુતળાવ હતું, તેને શ્રીહરિજીએ ખોદાવીને મોટું કરાવ્યું અને ઊંડું કરાવ્યું. આ તળાવ ગામના આગેવાન સત્સંગીઓએ સંવત્ ૧૮૭૫માં શ્રીજી મહારાજને ભેટ આપ્યું હતું. અર્થાત્ મંદિરને ભેટ આપ્યું હતું.

હે ભક્તો ! તીર્થને વિશેષ તીર્થત્વ આપવા સ્વયં શ્રીહરિજી ગોમતી ઊંડી ગળાવતા ત્યારે જાતે માટીના ટોપલા માથે ઉપાડીને સેવા કરતા હતા. પ્રભુની આવી સેવા જોઈને દેવતાઓ પણ આશ્ચર્ય પામતા હતા. ગોમતી ગાળવા માટે સેંકડો સંતો-ભક્તો સેવામાં જોડાઈ ગયા હતા, તેથી થોડા દિવસોમાં જ ગોમતી ગાળવાનું કામ પૂર્ણ થયું.

હે ભક્તો ! સંવત્ ૧૮૮૨ના ફાગણ વદ પડવા (ધુળેટી)ના દિવસે શ્રીહરિજી મંદિરમાંથી હજારો સત્સંગીઓ અને સંતોને લઈ વાજતે-ગાજતે ગોમતીજી પધાર્યા અને જ્યાં કૂવા જેટલું ઊંડું ખોદેલ હતું. ત્યાં હાલમાં પૂર્વ દિશામાં સંતોના ઘાટે તે જ સ્થાને પથ્થરથી બાંધેલ ગોળાકાર કૂવો છે. ત્યાં તરીને જઈ શકાય છે. ત્યાં શ્રીજી મહારાજ ઊભા રહ્યા અને પાર્ષદ ભીમભાઈને કહેવા લાગ્યા:

''તમે ખણો આ સ્થળ એક વાર, થશે તહાંથી જળ કેરી ધાર;
આજ્ઞા પ્રમાણે કર્યું એમ જ્યારે, જોરેથી છૂટી જળધાર ત્યારે.
દેખાઈ ત્યાં ગોમતી મૂર્તિમાન, અત્યંત તે તેજ તણું નિધાન;
ગોપાળજી ને વળી નંદરામ, મળી કર્યું પૂજન તેહ ઠામ.
– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૪૪

હે ભક્તો ! શ્રીહરિજીના કહ્યા મુજબ ભીમભાઈએ ત્રીકમનો એક ઘા કર્યો ત્યાંતો ધરતીમાંથી જોરદાર જળની ધારાઓ ઉપર ઉછળવા લાગી ! અને સૌને ગોમતીજી મૂર્તિમાન દેખાયાં ! તેજોમય દેખાયાં. પછી બ્રાહ્મણોએ વેદોક્ત મંત્રો વડે ગોપાળજી અને નંદરામ પાસે ગોમતીજીનું પૂજન કરાવ્યું.



## (૪૪) શ્રીહરિજીએ ગોમતીજીનો મહિમા કહ્યો




''શ્રીજી બિરાજ્યા સર કેરી પાળે, સિંહાસને વેદિ વિષે વિશાળે;
બેઠા સમીપે સહુ આવી દાસ, બોલ્યા પ્રભુ તે જન સર્વ પાસ.
આવ્યા જુઓ ગોમતી એહ ઠામ, તો ગોમતી આ સર કેરું નામ;
જે આવિને આ સરમાં નહાશે, તો ગોમતી તીર્થનું પુણ્ય થાશે.
સંતો તથા બ્રાહ્મણને જમાડે, તે પૂર્વનાં પાપ બધાં મટાડે;
પુત્રાદિ પામે ધન ધાન્ય પામે, અંતે વસે અક્ષરનામ ધામે.''
– શ્રીહરિલીલામૃત ક.૮. વિ.૪૪

હે ભક્તો ! ગોમતીજીના પૂજન બાદ શ્રીહરિજી તેના કિનારે સભાને સંબોધીને કહેવા લાગ્યા: ''સંતો-ભક્તો ! સૌ સાંભળો. આ ધારુ તળાવમાં દ્વારિકાથી ગોમતીજી પધાર્યા છે, તેથી આ તળાવનું નામ અમે 'ગોમતી સરોવર' પાડીએ છીએ. જે લોકો આ ગોમતીજીમાં આવીને સ્નાન કરશે તે ગોમતી તીર્થમાં જઈને સ્નાન કરશે, એટલું પુણ્ય થશે. આ તીર્થમાં જે સંતો અને બ્રાહ્મણોને જમાડશે, તેનાં પૂર્વજન્મનાં કરેલાં પાપ નાશ પામી જશે. પુત્રની ઈચ્છાવાળા પુત્ર પામશે અને ધનની ઈચ્છાવાળા ધન પામશે; માટે ગોમતીમાં જરૂર સ્નાન કરવું.

હે ભક્તો ! 'શ્રીહરિલીલા કલ્પતરુ' ગ્રંથમાં પણ ગોમતીજીનો ખૂબજ મહિમા કહેવામાં આવેલ છે, તે ટૂંકમાં સંભળાવું છું: ''આ ગોમતીજીના જળમાં સ્નાન કરવાથી જે જનોમાં ભૂતોએ પ્રવેશ કર્યો હતો તે સર્વજનો ભૂતના આવેશથી મુક્ત થઈ ગયા છે. આ ગોમતીજીમાં દ્વારિકાથી સર્વે તીર્થો આવીને રહ્યા છે એમ તમે નિશ્ચય જાણો, માટે જે લોકો આ ગોમતીજીમાં સ્નાન કરશે તેનાં સર્વે પાપ નષ્ટ થઈ જશે અને સર્વ તીર્થનાં સ્નાનનું ફળ પણ તેઓ પામશે. પિતૃતર્પણ કરનારાઓના પિત્રીઓ તૃપ્તિ પામી સદ્ગતિ પામશે.

જે જનો આ ગોમતીજીમાં કાર્તિક માસમાં તથા માઘમાસમાં (માઘ સ્નાન વખતે પોષ સુદ-૧૫ થી મહા સુદ-૧૫ સુધી) સ્નાન કરશે, તેના મહાન પાતકો તત્કાળ નાશ પામશે. રવિવાર, અમાસ, પૂનમ, સર્વ એકાદશીઓ, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રી, અધિક માસ અને ગ્રહણ સમયે ગોમતીજીમાં સ્નાન કરે છે, તે લોકોની સર્વ મનોકામના પૂર્ણ થાય છે.'' – શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૩૨/૩૩

હે ભક્તો ! આ ગોમતીજીના ત્રણ બાજુના પથ્થરના ઘાટ શ્રીજી આચાર્ય વિહારીલાલજી મહારાજે બંધાવેલ છે.

# (૪૫) તપ્તમુદ્રા મહિમા






‘‘વૃતાલ દ્વારામતિથી વિશેષ, છે લક્ષ્મીનારાયણ દ્વારિકેશ;
આ ગોમતી ઉત્તમ તીર્થદેવી, આંહી જ શંખાદિક છાપ લેવી.
જે તપ્તમુદ્રા અહિં આવિ લેશે, દૂરે ડરીને જમડા રહેશે;
તેને જ સત્સંગિ ગણીશ મારો, માટે તમે સૌ જન છાપ ધારો.
જ્યાં દ્વારિકા ગોમતી તીર્થ જ્યાં છે, છાપો તણો તો અધિકાર ત્યાં છે;
જે મારી આજ્ઞા જ વિષે રહેશે, તે આવીને છાપ અહીં જ લેશે.
તેને જ હું ભક્ત ગણીશ મારો, એ રીતે બોલ્યા વૃષનો દુલારો;’’
— શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૪૪

હે ભક્તો ! શ્રીહરિજી સભામાં બેસીને સૌ આશ્રિતોને કહે છે : ‘‘વડતાલ તીર્થ દ્વારિકાથી પણ મોટું ધામ છે; કારણ કે વૈકુંઠપતિ નારાયણ તો અહીં હતા જ અને વિશેષમાં તે સ્વરૂપમાં દ્વારિકાધીશ પ્રવેશ કરીને રહ્યા છે, માટે આ તીર્થ સર્વોપરી છે. તેમજ દ્વારિકાધીશની સાથે ગોમતીજી પણ પધાર્યા છે, માટે આ વડતાલધામમાં જ શંખ-ચક્ર-ગદા અને પદ્મની છાપો લેવી. જે અહીં આવી આ ‘તપ્તમુદ્રા’ (ગરમ કરેલી છાપો) લેશે, તેનાથી ડરીને યમદૂત પણ દૂર રહેશે. જે છાપો લેશે તેને જ અમો સત્સંગી માનીશું. છાપો બીજે ક્યાંય ન લેવી, એવી અમારી આજ્ઞા છે, કારણ કે જ્યાં દ્વારિકાધીશ અને ગોમતીજી છે ત્યાંજ છાપો લેવાનો અધિકાર છે તેથી આ પ્રમાણે જે છાપો લેશે તેને જ હું મારો ભક્ત માનીશ.’’

હે ભક્તો ! હિન્દુ ધર્મના અન્ય ગ્રંથોમાં પણ છાપો લેવાનો ખૂબ મહિમા લખેલ છે. જેમકે, ઋગ્વેદ સંહિતામાં, સામવેદના બીજા પ્રપાઠકમાં, અથર્વવેદમાં, બ્રહ્મપુરાણમાં, પ્રપન્નામૃતમાં અને દ્વારિકા માહાત્મ્યમાં વિસ્તારપૂર્વક તપ્તમુદ્રા ધારણ કરવાનું કહેવામાં આવેલ છે.

જે જનો મહાફળને આપનારી એવી શંખ, ચક્ર, ગદા અને પદ્મ આ ચાર તપ્તમુદ્રાઓ ધારણ કરશે તે પરમપદને પામશે. જે જનો દ્વારિકાધીશની આ શંખ, ચક્ર, ગદા અને પદ્મની લોખંડની છાપો અગ્નિથી તપાવીને પોતાના હાથના મૂળમાં અર્થાત્ ખભા પાસે લેશે તો તે સંસાર સાગર તરી જશે. આ વ્રતપુરીમાં જે ભક્ત છાપો લે છે, તેનાં પાપ, સૂર્યના ઉદયથી જેમ અંધકાર નાશ પામે - તેમ નાશ પામી જાય છે.



# (૪૬) પ્રસાદીના હનુમાનજી - ગણપતિજી



રૂપ ચોકી ઉગમણિ વિશાળ, તેથિ ઉત્તરમાં એક કાળ;
હરિભક્ત હીરાજી શલાટ, ઘડે હનુમાન મૂર્તિનો ઘાટ.
જોવા આવ્યા ત્યાં ધર્મદુલારો, કહ્યું ઘાટ ઘડ્યો ઘણો સારો;
પ્રભુ થૈને પ્રસન્ન અપાર, આપ્યો પુષ્પ પ્રસાદીનો હાર.
વળી તે મુરતીના હૃદયમાં, ચાંપ્યા ચરણ બે તેહ સમયમાં;
— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫, કડી.૪૭-૪૯



હે ભક્તો ! હનુમાનજી મહારાજ એટલે રામભક્ત. હનુમાનજી એટલે ધર્મકુળના કુળદેવ. હનુમાનજી એટલે પતિવ્રતાનાં અંગવાળા. હનુમાનજી એટલે દરેક અવતારોની સેવા પોતાના ઈષ્ટદેવ શ્રીરામ જાણીને કરનારા. હનુમાનજી એટલે આદર્શ સેવક કેવા હોવા જોઈએ એનો પ્રત્યક્ષ પુરાવો અને હનુમાનજી એટલે સામ, દામ, ભેદ અને દંડને યથાયોગ્ય જાણનારા ‘બુદ્ધિમતાં વરિષ્ઠમ્’

હે ભક્તો ! મંદિરની પૂર્વ દિશાની એક રૂપચોકીની ઉત્તર દિશામાં હીરાભાઈ સલાટ હનુમાનજીની મૂર્તિ બનાવતા હતા. તે મૂર્તિને જોવા માટે શ્રીહરિજી પધાર્યા. આવીને જોયું તો હનુમાનજીની મૂર્તિનું કામ ચાલતું હતું. તેને જોઈ શ્રીહરિજી ખૂબ જ રાજી થયા અને પોતે પહેરેલ પ્રસાદીનો હાર હીરાજી કડીયાને આપી હનુમાનજીની મૂર્તિની છાતીમાં પોતાનાં બન્ને ચરણ આપ્યાં. ત્યારબાદ મૂર્તિઓ તૈયાર થઈ ગઈ એટલે મંદિરની પૂર્વ દિશામાં તેમની અને ગણપતિની પ્રતિષ્ઠા કરી.

‘‘મંદિરેથી તે પૂર્વ દિશાની, હતી બારી જવા આવવાની;
તહા મારગ મોટો મુકાયો, કૃષ્ણે તહાં દરવાજો કરાવ્યો.
ગણનાથ તથા હનુમાન, નિજ હાથે થાપ્યા એહ સ્થાન;
— શ્રીહરિલીલામૃત ક.૧ વિ.૧૬

હે ભક્તો ! હાલમાં પૂર્વ દરવાજે હનુમાનજી - ગણપતિજી છે. ત્યાં અગાઉ આવવા-જવાની એક બારી જ હતી. તેથી તે બારીને કઢાવી શ્રીહરિજીએ ત્યાં મોટો દરવાજો કરાવેલ છે. બન્ને દેવોની પ્રભુએ પોતે પ્રતિષ્ઠાની આરતી ઉતારેલ છે, માટે પ્રસાદીના બન્ને દાદાઓનાં દર્શન કરવા જજો. હનુમાનજી મહારાજનું નામ હરિજીએ ભીડભંજન રાખેલ છે.

## (૪૭) નારાયણમોલ



**'ધ્યાને ધરવાને આત્મ સ્વરૂપ, અમે જગ્યા કરાવી અનૂપ;**
**નામ રાખ્યું નારાયણ મહોલ, જાણી એકાંત રૂડો રચેલ.**
**આપ્યો રામપ્રતાપને એહ, ધ્યાન ધરવાને કારણ તેહ.**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૪**

હે ભક્તો ! મંદિરના પૂર્વ દિશાનાં પગથિયાં ઉતરીએ એટલે ગરુડજીના સ્તંભની બાજુનું મકાન એટલે નારાયણમોલ. આ મકાન શ્રીહરિજીએ ધ્યાન કરવા માટે પસંદ કરેલ હતું. પરંતુ ધર્મકુળ આવ્યું એટલે તે મકાન મહારાજના મોટાભાઈ રામપ્રતાપભાઈને રહેવા માટે અને ધ્યાન કરવા માટે આપી દીધું હતું, તેના કારણે તેને રામપ્રતાપભાઈનો બંગલો પણ કહેવાય છે.

હે ભક્તો ! આ નારાયણમોલના નીચેના ઓરડામાં રાસમંડળનાં પૂતળાં મૂક્યાં હતાં, તેને શ્રીહરિજીએ છડી અડાડીને નૃત્ય કરતાં કર્યાં હતાં. અહીં માળ ઉપર ઊભા રહીને મહારાજે રંગોત્સવ કર્યો હતો:

**''નારાયણ મોલમાં ઊભા રહી, રંગ ઉડાડ્યો શ્રીજીએ તહીં;**
**તેથી સંત ને સતસંગી તણાં, તન ને મન રંગાયા ઘણાં.''**
**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૫૩**

હે ભક્તો ! આ સ્થાન વડતાલના પાટીદાર દલાભાઈનું હતું. તેઓ સ્વામિનારાયણ ભગવાનના પ્રેમીભક્ત હતા. તેઓ મહારાજનો ખૂબ મહિમા સમજતા હતા. તેમણે આ મકાન મહારાજને ભેટ આપ્યું હતું. પછી તેમાં શ્રીજી મહારાજે પોતાની રીતે સુધારા-વધારા કરાવ્યા હતા.

**''કૃપાનાથે કૃપા કરી ત્યાંય, કર્યો આરંભ કાર્તિકમાંય;**
**નારાયણ મો'લ માંહિ પ્રભાતે, લખે પત્રિ પ્રભુ ભલિ ભાતે.''**
**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૪૮**

હે ભક્તો ! નારાયણમોલમાં કારતક મહિનાથી શિક્ષાપત્રીનું કાચું લખાણ શરૂ કર્યું હતું તે વસંતપંચમી સુધી અર્થાત્ ત્રણ મહિના સુધી શિક્ષાપત્રી વિષે લખ્યું. પછી તે બધાં લખેલાં પાનાં લઈ હરિમંડપમાં પધાર્યા અને લખાણમાંથી સંશોધન (રિસર્ચ) કરી ૨૧૨ શ્લોકમાં આવી રહે એટલું લખાણ અલગથી લખ્યું અને બાકીનું બિન જરૂરી જાણી છોડી દીધું. અર્થાત્ નારાયણ મહોલમાં કાચું લખાણ કર્યું હતું.



## (૪૮) શ્રીહરિમંડપ



**''હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય;**
**પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિયે કરાવ્યો.**
**મોટા સંત તથા હરિ ભક્ત, ધરે ધ્યાન વિષયથી વિરક્ત;**
**બીજા અક્ષરધામના મુક્ત, આવી ધ્યાન ધરે પ્રીતિયુક્ત.**
**અમે તેઓને પુછિયું જ્યારે, બોલ્યા મુક્ત મગન થઈ ત્યારે;**
**અતિ ઉત્તમ એહ જગ્યા છે, એને અક્ષરને એકતા છે.**
**આંહિ રૂપ તમારું છે જેહ, દિસે ત્યાં પણ તેહનું તેહ;**
**આવી આ સ્થળે એટલા સારુ, ધ્યાન તો અમે ધરિયે તમારું.''**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫, કડી.૧૪**

હે ભક્તો ! હાલમાં હરિમંડપ જ્યાં છે, ત્યાં શ્રીહરિજીના સમયમાં એક કોઠો હતો. તે કોઠો પ્રભુએ પડાવી નાખ્યો અને એના સ્થાને હાલમાં હરિમંડપ છે તે બનાવ્યો છે. આ હરિમંડપમાં મોટા મોટા સંતો ને હરિભક્તો વિષયોથી વૈરાગ્ય પામીને ધ્યાન કરતા હતા; કારણ કે એકાંતમાં બેસીને ધ્યાન કરવાની અનુકૂળતાવાળું આ સ્થાન છે.

હે ભક્તો ! શ્રીહરિજી કહે છે કે, ''અક્ષરધામના મુક્તો હરિમંડપમાં બેસીને ધ્યાન કરે છે, તેથી અમે એનું કારણ પૂછ્યું કે, ''તમો અક્ષરધામ છોડીને અહીં કેમ ધ્યાન કરવા આવો છો ? ત્યારે અમોને મુક્તોએ કહ્યું: 'મહારાજ ! અક્ષરધામને અને આ હરિમંડપને એકતા છે. તમારું અહીં મનુષ્ય સ્વરૂપ છે. એ જ સ્વરૂપ અમો અક્ષરધામમાં પણ દેખીએ છીએ, એટલા માટે અમો અહીં હરિમંડપમાં ધ્યાન કરવા આવીએ છીએ.''

હે ભક્તો ! શ્રીહરિજીએ હરિમંડપ કરાવ્યાં પછી તેઓ જ્યારે જ્યારે વડતાલમાં આવતા, ત્યારે ત્યારે હરિમંડપમાં જ ઉતરતા હતા. ગઢપુરની જેમ જ અહીં શુકાનંદ સ્વામી પાસે પત્ર લખાવતા હતા ત્યારે દીવો બુઝાઈ જવાથી પ્રભુએ પોતાના જમણા ચરણના અંગુઠામાંથી તેજ પ્રગટાવીને પત્ર પૂરો કરાવ્યો હતો.

હે ભક્તો ! હરિમંડપની સૌથી વિશેષ વિશેષતા એ છે કે, સ્વામિનારાયણ સંપ્રદાયની આચારસંહિતા 'શિક્ષાપત્રી' ગ્રંથનું સંશોધન-લેખન આ સ્થળે થયેલ છે, માટે સંપ્રદાયમાં હરિમંડપનું સ્થાન વિશેષ છે. યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પણ લખે છે કે, 'અક્ષરે ધામ્ની સદૃક્ષે સ્થિતં ચ હરિમંડપે' અર્થાત્ 'અક્ષરધામ સમાન આ હરિમંડપ છે.' હાલમાં અહીં ઘનશ્યામ મહારાજ છે અને પ્રસાદીની વસ્તુઓ પણ છે. હાલમાં હરિમંડપને એ જ સ્થિતિમાં રાખીને વડતાલ સંસ્થાન દ્વારા પૂર્ણ જીર્ણોધ્ધાર આ. કો. ડો. સંતવલ્લભ સ્વામીની દેખરેખ નીચે કરવામાં આવેલ છે.

## (૪૯) શિક્ષાપત્રી-લેખન

**"ઘણા જીવનાં કલ્યાણ કાજે, વિચાર્યું મનમાં મહારાજે;**
**શિક્ષાપત્રી રચ્યું એક સારી, સર્વ શાસ્ત્રનો સાર ઉદ્ધારી.**
**જેમ પાર પમાડવા હેતુ, રચે સાગર ઉપર સેતુ;**
**શિક્ષાપત્રી પ્રમાણે જો ચાલે, ભવપાર પામે કળિકાળે."**
**– શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૪૮**

હે ભક્તો ! સંવત્ ૧૮૮૨ના મહા સુદ વસંતપંચમી (તા. ૧૨/૨/૧૮૨૬) અને સોમવારના દિવસે શ્રીહરિજીએ 'હરિમંડપ'માં બેસીને શિક્ષાપત્રી લખેલ છે. ૨૧૨ શ્લોકની આ શિક્ષાપત્રી બધાં જ શાસ્ત્રોનો સાર છે. પોતાની દિવ્ય શક્તિથી શ્રીહરિજીએ સાગરને ગાગરમાં સમાવી દીધો છે. સર્વજીવહિતાવહ આ પત્રીનો રોજ પાઠ કરવા આદેશ આપેલ છે. 'મારી વાણી એ મારું સ્વરૂપ સમજજો અને એ પ્રમાણે વર્તજો.' આ રીતે સ્પષ્ટ આજ્ઞા કરી છે.



**"શિક્ષાપત્રી લખવાનું કારણ"**

અધ્યાત્મ માર્ગના ગહન વિષયોની સરળ છણાવટ માટે...
ધર્મ, અર્થ, કામ અને આત્યંતિકી મુક્તિ માટે...
આધ્યાત્મિક, આર્થિક, શારીરિક ઉપરાંત કૌટુંબિક ક્ષેત્રે માર્ગદર્શન આપવા માટે...
સામાજિક જીવન પણ શાંતિમય અને સુખમય બને તે માટે...
માણસમાંથી માણસાઈનું ઝરણું સૂકાઈ જતું હતું, તેને સજીવન રાખવા માટે...
વ્યસનો અને અંધશ્રદ્ધા સંપ્રદાયમાં દાખલ થાય નહિ તે માટે...
અંતરમાં ઊંડાં ઊંડાં અંતઃશત્રુઓ છુપાયેલા છે, તેને નાબુદ કરવા માટે...
પ્રાતઃકાળથી સાંજ સુધી પોતાના આશ્રિતોને નિત્યક્રમ શીખવવા માટે...

હે ભક્તો ! અત્યારે મોટા ભાગના માણસો આચાર, વિચાર, વ્યવહાર અને આધ્યાત્મિકતા વગેરે અનેક માર્ગોમાં ભૂલા પડેલા છે, ત્યારે સ્વામિનારાયણ ભગવાને આપેલી શિક્ષાપત્રી અરીસા સાથેના હોકાયંત્રની જેમ સાચી માર્ગદર્શિકા બતાવે છે.

જેમ માતા પોતાના બાળકને દૂધ પાઈને એનું પોષણ કરે છે, તેમ શિક્ષાપત્રી આપણા આધ્યાત્મિક દેહનું પોષણ કરે છે. આ શિક્ષાપત્રીમાં ક્યાં થૂંકવું અને ક્યાં ન થૂંકવું એ જેવી તદ્દન સામાન્ય બાબતોથી માંડીને બ્રહ્મરૂપે થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી આ જેવા આધ્યાત્મિકતાના સર્વોચ્ચ શિખર સુધી પહોંચવાની વાત કરવામાં આવી છે; માટે આ શિક્ષાપત્રીનું દરરોજ વાંચન કરી જીવનમાં ઉતારવી અને શ્રીહરિજીને રાજી કરી લેવા.

**"છેલી વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રે'જો રે;**
**શિક્ષાપત્રી માંહિ અમે રે'શું રે, રહી એમાં સહુને સુખ દેશું રે."**
**– પુ.પ્રકાશ : પ્રકાર : ૪૮**



## (૫૦) વડતાલમાં વીશ વચનામૃત



**"દરવાજાથી ઉત્તર માંય, લીલો લીમડો છે એક ત્યાંય;**
**સજી શ્યામે સભા ઘણીવાર, તહાં આપ્યા છે પરચા અપાર.**
**તહાં વાતો કરી વળી જેહ, વચનામૃત માંહિ છે તેહ;"**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૬**

હે ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનાં કલ્યાણ માટે આ પૃથ્વી ઉપર પધાર્યા અને અનેક લોકોને સર્વે શાસ્ત્રોના સારરૂપ ઉપદેશ આપ્યા. એ ઉપદેશને ચાર સદ્‌ગુરુઓએ સંપાદન કરી સત્સંગ સમાજને અર્પણ કર્યો એ ગ્રંથનું નામ વચનામૃત.

હે ભક્તો ! વચનામૃત આ પુરુષોત્તમ નારાયણની પરાવાણી છે. આ ગ્રંથમાં શ્રીજી મહારાજે સર્વ શાસ્ત્રોના સિદ્ધાંતરૂપે તત્ત્વજ્ઞાન સર્વેને સમજાય જાય તે રીતે સમજાવેલ છે.

હે ભક્તો ! યાદ રાખજો : વચનામૃત સિવાય બીજામાં વધારે માલ મનાય જાય એને મોહ કહેવાય છે, માટે ગમે તેવું મહાન શાસ્ત્ર કહેવાતું હોય, પણ વચનામૃત સાથે એને ક્યારેય પણ ન સરખાવવું જોઈએ. શ્રીજી મહારાજ ગઢડા મધ્યના ૨૮માં વચનામૃતમાં કહે છે : "......આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે, તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે."

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સૌ સંતો-ભક્તો આ ગ્રંથનું નિયમિત વાંચન, શ્રવણ કે અભ્યાસ કરતા હોય છે. સૌ કોઈ એમાંથી પોતાને જીવન-ઉપયોગી પ્રેરણા મેળવીને શ્રીહરિજીએ ચીંધેલ રાહ પર ચાલવા પોતાની શ્રદ્ધા મુજબ યથાશક્તિ પ્રયત્ન કરતા હોય છે.

હે ભક્તો ! આપણે જાણીએ છીએ કે વચનામૃત ગ્રંથ જુદાં જુદાં સ્થાને અને જુદાં જુદાં સમયે અપાયેલ ઉપદેશોનો સંગ્રહ છે. જુદા જુદા મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાન અને સાધના વિશે જુદા જુદા દૃષ્ટિકોણથી પુછાયેલા પ્રશ્નોના ઉત્તરરૂપે અથવા તો તેમના હિતાર્થે એમની કક્ષા અનુસાર જરૂરિયાત પ્રમાણે શ્રીજી મહારાજે જુદાં જુદાં સ્થાને ઉપદેશ આપેલ છે, એ માહિલું એક સ્થાન એટલે વડતાલધામ.

હે ભક્તો ! વડતાલધામનાં કુલ ૨૦ વચનામૃત છે. તેમાં લીમડાના વૃક્ષ નીચેનાં સાત છે અને એક હવેલીનું છે. ત્રણ વચનામૃત ગોમતીજીના કાંઠે આંબાવાડિયાનાં છે. ચાર વચનામૃત મંદિર આગળ મંચ ઉપરનાં છે. બે વચનામૃત મંદિરની અંદરનાં છે. એક વચનામૃત મંદિરના મંડપનું છે. એક મંદિરની ઉગમણી કોરની રૂપચોકીનું છે અને એક વચનામૃત મંદિર આગળનું છે.

## (૫૧) આચાર્ય-સ્થાપના



''હરિયે દત્તપુત્રોને જ્યારે, બેય આચારજો કર્યા ત્યારે;
સ્થાપ્યા દક્ષિણે શ્રીરઘુવીર, સામા અવધપ્રસાદજી ધીર.
વેદ મંત્ર કરી અભિષેક, વેંચી આપીયા દેશ પ્રત્યેક;
પોતપોતાના દેશના જન, કરે આચાર્ય કેરું પૂજન.''
— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫

હે ભક્તો ! શ્રીહરિજી સંવત્ ૧૮૮૨માં કાર્તિકી સમૈયો કરવા વડતાલ પધાર્યા હતા અને એકાદશીએ સત્સંગી બહેનો-ભાઈઓની વિશાળ સભા થઈ હતી. તેમાં મોટા મોટા સદ્‌ગુરુ સંતો અને ધર્મકુળ પણ બેઠું હતું. તે સમયે ઊંચા સિંહાસન ઉપર બેસી શ્રીહરિજી બોલ્યાઃ ''ધર્મનું રક્ષણ કરવા માટે મને રામાનંદ સ્વામીએ ધર્મની ગાદી સોંપી હતી, તેથી મેં અત્યાર સુધી ધર્મનું રક્ષણ કરી આપણા સંપ્રદાયનો પ્રચાર કર્યો છે. હવે અમો નિવૃત્ત થઈ ભક્તિ કરવા ઈચ્છીએ છીએ, માટે સ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મધુરા (ગાદી) અમો અમારા ભત્રીજા રઘુવીરજી અને અયોધ્યાપ્રસાદજીને આજે આપીએ છીએ. આજથી અમો તેને અમારા દત્તપુત્રો તરીકે સ્વીકારીએ છીએ.

હે ભક્તો ! આ પ્રમાણે કહીને શ્રીહરિજી મંદિરની પાછળના ભાગમાં બે પાટો ઢળાવી તેના ઉપર રઘુવીરજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ બન્નેને બેસાર્યા અને વેદોક્ત વિધિ વડે બન્નેનું પૂજન કર્યું અને કરાવ્યું. તેમાં રઘુવીરજી મહારાજને વડતાલ દેશના (દક્ષિણ દેશના) અને અયોધ્યાપ્રસાદજી મહારાજને અમદાવાદ દેશના (ઉત્તર દેશના) આચાર્ય તરીકે નિમણૂક કરી. આ તિથિ હતી સં.૧૮૮૨ની કારતક સુદ-૧૧ તા.૨૧/૧૧/૧૮૨૫.

હે ભક્તો ! પછી શ્રીહરિજીએ વડતાલ દેશના સત્સંગીઓ પાસે રઘુવીરજી મહારાજનું પૂજન કરાવ્યું અને અમદાવાદના હરિભક્તો પાસે અયોધ્યાપ્રસાદજી મહારાજનું પૂજન કરાવ્યું. તેમજ બહેનોની સભામાં પણ બન્નેનાં ધર્મપત્ની એટલે કે ગાદીવાળાને બન્ને દેશની સ્ત્રીઓનાં ગુરુપદે સ્થાપી બન્ને દેશની સત્સંગી બહેનો પાસે પૂજન કરાવ્યું. ત્યારબાદ શ્રીજી મહારાજ આચાર્યોનો મહિમા કહેવા લાગ્યાઃ

''ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે;
અતિ ધર્મવાળા જોઈ જન રે, રેવા માની ગયું મારું મન રે.
માટે એને પુજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે;
એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારું કર્યું છે નિદાન રે.''
— પુરુષોત્તમપ્રકાશ : ૪૦



## (૫૨) સંતોની - ધર્મશાળા

''કોઠા પૂરવ પશ્ચિમ કેરા, બેય શોભિત સરસ ઘણેરા;
ધર્મશાળા બે વચ્ચે ચણાવી, ભાળી ભક્તજનો મન ભાવી.
તહાં સંતની પંક્તિયો થાય, પ્રભુ પોતે પીરસવા જાય;
ધન્ય ધન્ય તે ધર્મશાળાને, વા'લો વિચર્યા બહુ એહ સ્થાને.
ચારસેંય અને છન્નું વાર, ફર્યા ત્યાં પ્રભુ પંક્તિ મોઝાર;
— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૬



હે ભક્તો ! હાલમાં કોઠારીશ્રીની ઓફિસ આવેલ છે, તેના પાછળના ભાગમાં અર્થાત્ મંદિરની ઉત્તર બાજુ આ વિશાળ ધર્મશાળા આવેલ છે. આ સંતોની ધર્મશાળા એટલા માટે કહેવાય છે કે, ત્યાં શ્રીજી મહારાજના સમયમાં ૫૦૦ ઉપરાંત સંતો બન્ને માળમાં રહેતા હતા. આ ધર્મશાળા શ્રીજી મહારાજે બનાવડાવી હતી.

હે ભક્તો ! જ્યારે જ્યારે હરિભક્તો રસોઈ આપતા, ત્યારે ત્યારે શ્રીહરિજી સ્વયં સંતોને પીરસવા આવતા અને પાંચ પાંચ વખત પંક્તિમાં મીઠાઈ પીરસીને સંતો પ્રત્યે પોતાનું હેત બતાવતા. આ રીતે પ્રગટ પ્રભુએ ૪૯૬ વાર આ સંતોની ધર્મશાળામાં સંતોને પીરસી પોતાનો રાજીપો દર્શાવ્યો છે.

હે ભક્તો ! આ ધર્મશાળામાં ઘણાં વર્ષો સુધી ગોપાળાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી રહેલા છે. હાલમાં ત્યાં આ સદ્‌ગુરુઓનાં આસનો આવેલાં છે. અને ત્યાં દરરોજ દર્શન કરવા માટે ઘણા સંતો અને ભક્તો જાય છે.

હે ભક્તો ! ગોપાળાનંદ સ્વામીના આસને સ્વામી પોતે દરરોજ વચનામૃતની કથા કરતા અને વચનામૃતોનાં રહસ્ય સમજાવતા. આ સ્થાને ગોપાળાનંદ સ્વામીએ સુરતના પારસીનો બાળક મુંગો હતો, એટલે પ્રસાદીનું કેળું ખવડાવી બોલતો કર્યો હતો. હાલમાં આ સ્થાને દરરોજ મહાપૂજા થાય છે અને સંતો-ભક્તો સ્વામીને આસને બેસી ભજન-ભક્તિ કરે છે તેમજ ગોપાળાનંદ સ્વામીનું પ્રકરણ પણ દરરોજ બોલે છે. આવી પવિત્ર સંતોની ધર્મશાળામાં અને સ્વામીના આસને દર્શન કરવા જરૂર જવું જોઈએ. આ ત્રણેય આસનોએ શ્રીહરિજીની પ્રસાદીની ઘણી વસ્તુઓ પણ દર્શનાર્થે રાખવામાં આવી છે, માટે એનાં પણ મહિમાથી દર્શન કરવા.

## (૫૩) અક્ષર-ભૂવન








**‘‘દેવાલય થકી દક્ષિણ ભાગ, જોઈ શ્રીહરિયે સારી જાગ્ય;**
**બોલ્યા શ્રીમુખે શ્રીહરિ ત્યાંઈ, થાશે અક્ષરભુવન આંઈ.**
**મારિ પ્રસાદી વસ્તુ અપાર, સ્થપાશે એહ ભુવન મોઝાર;**
**નર નારીયો દરશન કરશે, મારી મૂર્તિને અંતર ધરશે.**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫**

હે ભક્તો ! એકવાર શ્રીહરિજી મંદિરમાંથી દર્શન કરીને દક્ષિણ તરફના દરવાજે ઊભા રહીને સાથે રહેલ સંતો-ભક્તોને કહેવા લાગ્યા: ‘‘આ દક્ષિણ બાજુની જગ્યા છે, ત્યાં મારી પ્રસાદીનું મોટું ભવન બનશે. તેમાં મારી અનેક પ્રકારની પ્રસાદીની વસ્તુઓનું સંગ્રહસ્થાન બનશે અને અપાર નરનારીઓ એનાં દર્શન કરી મારી મૂર્તિનું સુખ લેશે.

હે ભક્તો ! આપણા ત્રીજા આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની આજ્ઞાથી આ અક્ષરભુવન બનાવવામાં આવેલ છે. તેઓના સમયમાં તેમણે પ્રસાદીની વસ્તુઓ ભેગી કરવા માટે સત્સંગનાં ગામડાંઓમાં ખૂબ જ વિચરણ કરીને હરિભક્તોનાં ઘેર ઘેર જઈ શ્રીહરિજીની પ્રસાદીની વસ્તુઓ પ્રેમથી માગીને ભેગી કરી હતી અને નિ:સ્વાર્થભાવે એ બધી જ પ્રસાદીની વસ્તુઓ અક્ષરભુવનમાં ગોઠવાવી હતી એના આજે આપણે પ્રત્યક્ષ દર્શન કરીએ છીએ.

હે ભક્તો ! આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજનો કાર્યકાળ સંવત્ ૧૯૩૫ થી ૧૯૫૫ સુધી રહ્યો હતો. ૨૦ વર્ષ તેઓ વડતાલની ગાદીએ આચાર્યપદે રહ્યા હતા. તેમના સમયમાં ગોમતીજીના ઘાટ પથ્થરથી બંધાયા હતા. તેમજ અક્ષરભુવનમાં અને હરિમંડપમાં રહેલ ત્રણેય ઘનશ્યામ મહારાજની પ્રાણ:પ્રતિષ્ઠા પણ તેઓએ જ કરી હતી.

હે ભક્તો ! અક્ષરભુવનના પહેલાં માળે જે ઘનશ્યામ મહારાજ છે, તે પ્રસાદીના છે; પરંતુ પ્રતિષ્ઠા વિનાના હતા. સંતો દર્શન માટે રાખતા હતા. તેના મસ્તકની પાછળ ચોટલીની જગ્યાએ અંદર શ્રીજી મહારાજના પ્રસાદીના વાળ છે, પણ બહાર દેખાતા નથી. પરંતુ જાહેર જનતાને દર્શન કરવા માટે વિહારીલાલજી મહારાજે તેમને પ્રથમ માળે પધરાવી પ્રતિષ્ઠા કરેલ છે.

## (૫૪) રણછોડરાયની પ્રતિષ્ઠા



**''પાંડે ગોપાળજી મહારાજ, રણછોડજીની છબી કાજ;**
**ગયા હતા ડુંગરપુર જેહ, છબિ લૈ આવ્યા વરતાલ તેહ.**
**પ્રતિમા મૂકી વરતાલમાંય, ગયા પોતે હતા હરિ ત્યાંય;**
**દાદાખાચરને દરબાર, સભામાં હતા જગ કરતાર.**
**— શ્રીહરિલીલામૃત ક.૯, વિ.૧૨**

હે ભક્તો ! રણછોડરાય વડતાલમાં પધરાવવાનું કારણ હરિલીલામૃતના આઠમાં કળશના ૪૫માં વિશ્રામમાં જણાવવામાં આવેલ છે, તે હું આપની આગળ રજૂ કરું છું. બનેલું એવું કે દ્વારિકાધીશ દ્વારિકાથી વડતાલ આવ્યા અને નારાયણમાં તેની સ્થાપના શ્રીજી મહારાજે કરી, તેથી ઈચ્છારામભાઈના પુત્ર ગોપાળજીને મનમાં સંકલ્પ થયો કે, ''દ્વારિકામાં તો શ્રીકૃષ્ણની મૂર્તિ શ્યામ છે અને વડતાલમાં તો નારાયણની મૂર્તિ શ્વેત છે અને એનું નામ પણ રણછોડરાય નથી, પણ લક્ષ્મીનારાયણ છે, તેથી દર્શન કરવા આવનારાઓને આ નારાયણ, રણછોડરાય કેમ મનાશે ? માટે શ્રીહરિજી રણછોડરાયની શ્યામ મૂર્તિ વડતાલમાં પધરાવે તો સારું.''

હે ભક્તો ! ગોપાળજીનો સંકલ્પ અંતર્યામી શ્રીહરિજી જાણી ગયા અને બોલ્યા: ''કૃષ્ણ છે તે નારાયણ જાણો, નારાયણ એ જ કૃષ્ણ પ્રમાણો; એમાં ભેદ નથી કાંઈ ભાઈ, તોય શંકા જે તમને જણાઈ ? તમારો સંકલ્પ અમે જાણી ગયા છીએ, તેથી તમારી ઈચ્છા અમો પૂરી કરીશું.''

હે ભક્તો ! પછી શ્રીહરિજીની આજ્ઞાથી ગોપાળજી રાજસ્થાનના ડુંગરપુર ગામથી રણછોડરાયની મૂર્તિ કરાવીને લાવ્યા અને પ્રભુને વડતાલ આવી પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી. પરંતુ મહારાજ બીમાર હોવાથી તેમણે યુવાચાર્ય રઘુવીરજી મહારાજને કહ્યુ: ''તમો મારા વતી વડતાલ જઈને રણછોડરાયની પ્રતિષ્ઠા કરો અને ચૈત્રી સમૈયો કરો.''

હે ભક્તો ! પછી બન્ને આચાર્ય વડતાલ પધાર્યા. એ સમયે ચૈત્રી સમૈયામાં હજારો હરિભક્ત આવ્યા હતા અને સેંકડો સંતો પણ આવ્યા હતા. તે સમૈયાના દિવસોમાં શ્રીલક્ષ્મીનારાયણદેવની બાજુમાં સંવત્ ૧૮૮૬ ચૈત્ર વદ સાતમ (ઈ.સ. ૧૮૩૦) ના દિવસે શ્યામ વર્ણવાળા શ્રીરણછોડરાયની સ્થાપના કરી. આચાર્ય રઘુવીરજી મહારાજે પ્રતિષ્ઠાની આરતી ઉતારી દેવને દંડવત પ્રણામ કર્યા. એ સમયે સંતો-ભક્તો જયજયકાર કરવા લાગ્યા.'' શ્રીરણછોડરાયની જય... શ્રીદ્વારિકાધીશની જય...''



## (૫૫) પ્રસાદીનો લીમડો



**''દરવાજા ઉત્તરમાંય, લીલો લીંબડો છે એક ત્યાંય;**
**સજી શ્યામે સભા ઘણીવાર, તહાં આપ્યા છે પરચા અપાર.''**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૬**

હે ભક્તો ! આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ મંદિરની સામે જ ઉત્તર દિશામાં હવેલીમાં રહેતા. એ સિવાય ધર્મકુળના મહેમાનો આવ્યા હોય તેઓ તેમજ ગાદીવાળા એ હવેલીમાં રહેતા. ત્યાં એક લીમડો હતો. જે મંદિરની પૂર્વ દિશામાં દરવાજાની અંદરના ભાગમાં હતો. ત્યાં અત્યારે છત્રી બનાવેલી છે. હાલમાં ત્યાં ફૂલ વેચનારા માળીઓ બેસીને ફૂલ વેચે છે.

હે ભક્તો ! શ્રીહરિજીના સમયમાં ત્યાં એક મોટો લીમડો હતો. તેની નીચે અનેકવાર પ્રભુએ સભાઓ કરી વચનામૃતનાં પાન કરાવેલ છે. તે લીમડા નીચેનાં કુલ સાત વચનામૃત છે. વરતાલનું ૧૦મું, ૧૧ મું, ૧૨મું, ૧૩મું, ૧૫મું, ૧૬મું અને ૨૦મું; આટલાં વચનામૃત ત્યાંનાં છે.

હે ભક્તો ! તે લીંબતરુ નીચે એકવાર શ્રીહરિજી સભા કરીને બેઠા હતા. ત્યારે પ્રભુને પકડવા માટે વડોદરાથી દક્ષિણી બાપુભાઈ ગાર્દિ સૈનિકો લઈને આવ્યા. તેઓ સયાજીરાવના ઉપસેનાપતિ હતા. આવીને તે બોલ્યા: ''ચલો સ્વામિનારાયણ મૈં તુમકું પકડનેકે લિયે આયા હું. દેખો એ મેરા કટશસ્ત્ર, નહિ આવોંગે તો એ છોડુંગા.''

હે ભક્તો ! આ પ્રમાણે કહી બાપુભાઈ બરછીને ગોળ ગોળ ફેરવવા લાગ્યા. ત્યારે શ્રીહરિજી હાથમાં માળા લઈને સુદર્શન ચક્રની જેમ ગોળ ગોળ ફેરવવા લાગ્યા ને બોલ્યા :''બાપુભાઈ ! દેખો યે મેંરા બ્રહ્મશસ્ત્ર હૈ !'' આ પ્રમાણે બોલ્યા ત્યાંતો માળામાંથી અપાર તેજ નીકળવા લાગ્યું અને માળાની અંદરથી સ્વામિનારાયણ નામનો ધ્વની સંભળાવા લાગ્યો. એ સમયે બાપુભાઈને શ્રીહરિજી ચતુર્ભુજરૂપે દેખાવા લાગ્યા ! તુરંત દંડવત કરવા લાગ્યા અને સત્સંગી થઈને ઘેર ગયા અને આખી જિંદગી મહારાજનું ભજન કર્યું. એ સિવાય આ સ્થાને વડોદરાના શાસ્ત્રીને પણ ચતુર્ભુજરૂપે દર્શન આપેલાં છે.

હે ભક્તો ! જ્યારે માળામાંથી તેજ નીકળીને લીમડા ઉપર તે તેજ ગયું, તુરંત તે લીમડાની મોટી ડાળ કડવી મટીને મીઠી થઈ ગઈ ! જ્યાં સુધી લીમડો રહ્યો, ત્યાં સુધી તે ડાળનાં પાંદડાં કડવાં રહ્યાં ન હતાં, માટે એ સ્થાને છત્રી છે તેનાં દર્શન મહિમાથી કરવા.

## (૫૬) પ્રસાદીનો બુરજ



**''પૂર્વ કોઠા માંહિ મુક્તાનંદ, રહેતા ઉર ધારી આનંદ;**
**ઘણીવાર તહાં ઘનશ્યામ, પોતે વિચર્યા છે પૂરણકામ.''**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૬**

હે ભક્તો ! શરુઆતમાં તો મંદિરની ચારે ખુણે ચાર બુરજ હતા. પછી જેમ જેમ બાંધકામ થતું ગયું, તેમ તેમ બુરજ પાડતા ગયા. અત્યારે જે બુરજ છે તે સંતોની ધર્મશાળાની પૂર્વ તરફની લાંબી ઓસરી પૂરી થાય ત્યાંથી બરાબર ઉપરના ભાગે છે અને ત્રણ દરવાજાની બહાર ઊભા રહીએ એટલે તેનાં દર્શન થાય છે.

હે ભક્તો ! જ્યારે હરિભક્તોની ભીડ રહેતી ત્યારે શ્રીજી મહારાજ તે બુરજ ઉપર બેસીને કે ઊભા રહીને હજારો હરિભક્તોને સમૈયામાં દર્શન આપતા અને કથા-વાર્તા પણ કરતા.

હે ભક્તો ! શ્રીલક્ષ્મીનારાયણદેવની મૂર્તિ જ્યારે વડોદરાથી બોચાસણ અને ત્યાંથી વડતાલ લાવવામાં આવી ત્યારે બુરજના ઓરડામાં રાખવામાં આવી હતી. તેના ઉપર કપડું ઢાંકીને નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે ગયા અને બોલ્યા: ''મહારાજ ! નારાયણનાં આયુધો અવળાં છે, માટે આપ જોવાં પધારો.'' ત્યારે શ્રીહરિજી તે ઓરડામાં પધાર્યા ને લક્ષ્મીનારાયણની મૂર્તિ ઉપરથી કપડું દૂર કર્યું ત્યાંતો આયુધો સવળાં થઈ ગયાં હતાં ! એ પરચો આ બુરજની નીચેના ઓરડાનો છે અને એ ઓરડામાં મારા આદિ ગુરુ મહામુનિ મુક્તાનંદ સ્વામી રહેતા હતા.



હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા પછી એમના શિષ્ય આધારાનંદ સ્વામી એ ઓરડામાં રહેતા હતા અને તે ઓરડામાં જ સ્વામીએ હિન્દુ ધર્મનો સૌથી વિશાળ ગ્રંથ કહી શકાય એવો, મહાભારત ગ્રંથ જેવડો હિન્દી ભાષામાં તે ઓરડામાં રહીને લખેલ છે. આ ગ્રંથમાં ૯૮,૧૪૫ છંદ-ચોપાઈ-દુહા-સોરઠા વગેરે છે. માટે આવા પ્રસાદીના ઓરડાના અને બુરજનાં દર્શન કરવા જરૂર જવું જોઈએ.



## (૫૭) પ્રદક્ષિણાની છત્રી



**''હવે સ્થાન બીજા તણી વાત, કહું તે તમે સાંભળો ભ્રાત;**
**મંદિરે છે પ્રદક્ષિણા જેહ, જાણો પ્રભુપદ અંકિત એહ.**
**એક માસ સુધી રૂડી રીતે, ફર્યા સો સો પ્રદક્ષિણા નિત્યે;**
**નિજદાસને શિક્ષણ કામ, કરે એવી ક્રિયા ઘનશ્યામ.''**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૫**

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન સ્વયં પુરુષોત્તમ નારાયણ હતા. તેઓને ભજન-ભક્તિ કરવાની ન હોય, પરંતુ તેઓ મનુષ્યરૂપે થયા છે, એટલે આપણને શીખવવા માટે તેઓ બધું જ કરતા હતા. તેઓ એક આદર્શ ભક્તની જેમ જ કરતા હતા. સવારે ઊઠીને દરરોજ પૂજા કરતા હતા અને પૂજામાં દંડવત પણ કરતા હતા. ગઢપુરમાં ગોપીનાથજી મહારાજના કે વડતાલ આવે ત્યારે શ્રીલક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવા દરરોજ જતા અને દેવને દંડવત પણ કરતા હતા.

હે ભક્તો ! ચાતુર્માસ આવે ત્યારે સંતો-ભક્તો નિયમ લેતા હોય છે. શ્રાવણ મહિનો આવે ત્યારે સંતો-ભક્તો વિશેષ નિયમ લેતા હોય છે. એ જ રીતે સ્વામિનારાયણ ભગવાને પણ વડતાલ હતા ત્યારે નિયમ રાખેલ કે, 'એક મહિના સુધી દરરોજ શ્રીલક્ષ્મીનારાયણદેવને ૧૦૦ પ્રદક્ષિણા કરવી.'

હે ભક્તો ! વડતાલ મંદિરની ૧૦૦ પ્રદક્ષિણા કરતા કેટલીવાર લાગે અને કેટલો થાક લાગે એ તો જેણે કરી હોય તેને ખબર પડે. તો સામાન્ય મનુષ્યની જેમ શ્રીજી મહારાજ સો પ્રદક્ષિણા કરીને થાકી જતા ત્યારે મંદિર પાછળ હાલમાં છત્રી બનાવવામાં આવી છે, તે સ્થાને થાક ખાવા-આરામ કરવા બેસી જતા. આ પ્રસંગની નોંધ હરિલીલામૃતમાં અને હરિસ્મૃતિમાં લેવામાં આવેલ છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે,

**''વળી હરિ મંદિરને ફરતા દ્રગે દીઠા છે. સો સો પ્રદક્ષિણા કરતા દ્રગે દીઠા છે.**
**જોતા મૂર્તિ સુંદર સારી દ્રગે દીઠા છે. ધાતુ પાષાણની પટ પ્યારી દ્રગે દીઠા છે.**
**તેને દંડવત જો કરતા દ્રગે દીઠા છે. વળી સામું જોઈ બહુ રહેતા દ્રગે દીઠા છે.**
**— હરિસ્મૃતિ : ચિંતામણિ-૪**

હે ભક્તો ! આવી પરમ પવિત્ર પ્રદક્ષિણાની છત્રીએ મસ્તક નમાવી દર્શન કરવા અને ક્યારેક ક્યારેક સો પ્રદક્ષિણા કરીને મહારાજની સ્મૃતિ યાદ કરી મહારાજને રાજી કરી લેવા.

## (૫૮) પ્રસાદીનો ગાદીવાળો મેડો



હે ભક્તો ! શ્રીજી મહારાજ ગઢપુરમાં રહેતા હતા, ત્યારે આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અને તેમનો પરિવાર પણ ગઢડા રહેતો હતો. શ્રીજી મહારાજ અક્ષરધામમાં પધાર્યા પછી રઘુવીરજી મહારાજ પરિવાર સહિત વડતાલ પધાર્યા અને મંદિરની ઉપર બાજુ સામે જે હવેલી છે, ત્યાં કાયમી નિવાસ બનાવ્યો હતો. હાલમાં ગાદીવાળા મેડાની નીચે મુખ્ય કાર્યાલયની ઓફિસ છે.

હે ભક્તો ! એ હવેલીના પશ્ચિમ બાજુના એક ભાગને અત્યારે ગાદીવાળો મેડો કહેવાય છે; કારણ કે, ત્યાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે મોટી ગાદી કરાવીને તેના ઉપર પ્રથમ શ્રીહરિજીને બેસાડ્યા હતા અને પૂજન કરી આરતી ઉતારી હતી અને પ્રસાદી તરીકે ત્યાં રાખી દરરોજ દર્શન કરતા હતા.

હે ભક્તો ! ત્યાર પછી જ્યારે મંદિરના પાછળના ભાગમાં પાટ ઢળાવીને બન્ને આચાર્યોની સ્થાપના કરેલી અને વિધિ પૂરો થયો ત્યારે શ્રીજી મહારાજ બન્ને આચાર્યોને લઈ ગાદીવાળા મેડે આવેલા અને મોટી ગાદી હાલમાં છે તેના ઉપર બન્નેને બેસાડી પૂજન કરી આરતી ઉતારી હતી.

હે ભક્તો ! ત્યાર પછી એ ગાદીએ દરરોજ બેસવાની શ્રીહરિજીએ રઘુવીરજી મહારાજને આજ્ઞા કરી હતી. એટલે તેઓ કામકાજથી પરવારતા એટલે ત્યાં બેસતા અને ભજન ભક્તિ અને વાંચન કરતા.

હે ભક્તો ! બીજા અર્થમાં જોઈએ તો આચાર્ય મહારાજ ગૃહસ્થ હોવાથી તેઓનાં જે ધર્મપત્ની હોય તેમને ગાદીવાળા કહેવાય છે. તેઓ પણ ત્યાંજ મહારાજશ્રી સાથે રહેતા હતા એને કારણે પણ તે સ્થાનને ગાદીવાળો મેડો કહેવાય છે.

હે ભક્તો ! હાલમાં તે સ્થાનમાં પ્રસાદીની મૂર્તિઓ, પ્રસાદીની વસ્તુઓ અને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની ચિત્ર-પ્રતિમા રાખવામાં આવેલ છે. તેમજ પ્રસાદીની ગાદી પણ રાખવામાં આવી છે; માટે ગાદીવાળા મેડે જઈને ભાવથી અને મહિમાથી દર્શન કરવા ને શ્રીહરિકૃષ્ણ મહારાજને રાજી કરી લેવા.



## (૫૯) વિશાળ સભામંડપ

**''અભેસિંહ સુણો ધરી પ્યાર, સભા મંડપ છે જેહ ઠાર;**
**તહાં તો એક ખેતર હતું, સંઘને ત્યાં ઉતરવાનું થતું.**
**જૂનાગઢના ને વડોદરા કેરા, ઊતર્યા હતા ભક્ત ઘણેરા;**
**તેહ જગ્યા વિષે બહુ વાર, જમ્યા છે જઈ ધર્મકુમાર.**
**તેથી પૃથ્વિ પ્રસાદીની થૈ છે, ધ્યાનીના ધ્યાનમાં રહી ગૈં છે;**
**– શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૬**



હે ભક્તો ! હાલમાં જે મંદિર પાછળ બે માળનો વિશાળ સભામંડપ આવેલ છે, તે પ્રસાદીનો નથી, પરંતુ તે જગ્યા પ્રસાદીની અવશ્ય છે; કારણ કે શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં ત્યાં ખેતર હતું અને ઉત્સવ-સમૈયામાં ગામડાંઓમાંથી સત્સંગીઓના સંઘ આવતા ત્યારે આ ખેતરમાં ઉતરતા અને તંબુ તાણીને તેમાં રહેતા. વિશેષ કરી જૂનાગઢ સોરઠના હરિભક્તો અને વડોદરા વાકળ-કાનમના હરિભક્તો આ ખેતરમાં ઉતરતા હતા.

હે ભક્તો ! સમૈયામાં આ સ્થાનમાં સત્સંગીઓ ઉતરતા ત્યારે શ્રીહરિજીમાં હેતવાળાં સત્સંગી બહેનો પ્રગટ પ્રભુને પોતાને ત્યાં જમવા આવવાનું આગ્રહભર્યું આમંત્રણ આપતાં હતાં, તેથી તેના પ્રેમને વશ થઈ શ્રીહરિજી ત્યાં અનેકવાર જમવા પધાર્યા છે, તેથી એ જમીનનો ભાગ પ્રસાદીનો છે, માટે ત્યાં દર્શન કરવા જવું.

હે ભક્તો ! આ વિશાળ સભામંડપ સદ્‌ગુરુ બ્રહ્મચારી પવિત્રાનંદ સ્વામીએ બંધાવેલ છે. સંવત્ ૧૯૨૫માં આ સભામંડપ તૈયાર થયો ત્યારે તત્કાલીન બીજા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજના વરદ હસ્તે એનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. એ સમયમાં ઈ.સ. ૧૮૭૯માં આ સભામંડપ ૮૦ થી ૮૧ હજાર રૂપિયામાં તૈયાર થયો હતો.

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન (સં. ૧૮૮૬ - ઈ.સ. ૧૮૩૦માં) ધામમાં ગયા પછી આ સભામંડપ ૪૯ ઓગણપચાસ વર્ષે ઉદ્‌ઘાટીત થયો હતો. આ સભામંડપની પહોળાઈ પૂર્વ-પશ્ચિમ ૫૮ ફૂટ તથા લંબાઈ ઉત્તર-દક્ષિણ ૧૪૩ ફૂટ છે.

## (૬૦) પ્રસાદીનો નારાયણ બાગ અને કૂવો



**‘‘મંદિરેથી જે ઉત્તર ભાગ, બન્યો જ્યાં છે નારાયણ બાગ;**
**જુઓ જગ્યા તહાં સુધી જે છે, હરિચરણથી અંકિત એ છે.**
**ગામ પટેલ આદિકે જ્યારે, આપી તે બાગની ભૂમિ ત્યારે;**
**શ્રીજીયે કહ્યું દાદાગુરુને, કરિ બાગ શોભાવો આ ભૂને.**
**પ્રભુતાનંદજી સંત જેહ, કહેવાતા દાદાગુરુ તેહ;**
**કુવો ખોદાવ્યો શ્રીજીયે ત્યાંય, નાહ્યા તે જળથી હરિરાય.**
**સ્નાનનું જળ તે બધું રાખ્યું, દાદાગુરુયે તે કૂવામાં નાંખ્યું;**
**તહાં બાગ બનાવિયો સારો, દેખી બોલિયા ધર્મદુલારો.**
**આનું નામ નારાયણ બાગ, નારાયણ કૂપ જાણો આ જાગ;**
**બાગ તે સ્થળમાં મન ભાવ્યો, પ્રભુયે પાસે રહિને કરાવ્યો.’’**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૯**

હે ભક્તો ! મંદિરની ઉત્તર બાજુ ગોમતીજીના કિનારે ભવ્ય ગૌશાળા આવેલી છે, તેનું નામ નારાયણ બાગ હતું. કારણ કે, વડતાલના પાટીદારોએ જ્યારે એ જમીન ભેટ આપેલી, ત્યારે શ્રીહરિજીએ પ્રભુતાનંદ સ્વામીને બોલાવીને કહેલું ‘‘સ્વામી ! આ જમીનમાં સરસ બગીચો બનાવો. ત્યાંના છોડને અને વૃક્ષોને પાણી પાવા માટે અમો કૂવો ખોદાવીશું.’’

હે ભક્તો ! પછી શ્રીહરિજીએ પોતાની દેખરેખ નીચે એક કૂવો ગળાવ્યો. તેમાં પાણી આવ્યું એટલે તે પાણી બહાર કાઢીને દાદાગુરુ પ્રભુતાનંદજીએ શ્રીહરિજીને સ્નાન કરાવ્યું અને એ પાણી તે કૂવામાં નાખી કૂવાને પ્રસાદીનો કર્યો હતો.

હે ભક્તો ! પાણી આવ્યું એટલે દાદાગુરુએ જમીનમાં અનેક પ્રકારનાં ફૂલછોડ વાવ્યા અને અનેક પ્રકારનાં ફળછોડ વાવ્યા હતા. સમય જતા એ વૃક્ષો થયાં અને તેને ફળ આવ્યાં ત્યારે એ ફળને શ્રીહરિજી જમ્યા હતા.



હે ભક્તો ! તે નારાયણ બાગમાં એક નાની ઓરડી હતી. તેમાં દાદાગુરુ રહેતા હતા. ત્યાં નારાયણજીભાઈ સુથારે રૂમની દીવાલમાં શ્રીહરિની મૂર્તિ પેઈન્ટિંગ કરી હતી. એ ‘ભીત ચિત્ર’ પણ હાલમાં છે અને મહારાજ જ્યાં જમ્યા હતા ત્યાં ઓટો છે. તથા બાગ હતો. ત્યાં હાલમાં મંદિરની વિશાળ ગૌશાળા છે, તેમાં ૨૫૦ ગાયો રાખવામાં આવેલ છે. તે બધી જ ગીર ગાયો છે. હાલમાં ગૌશાળા તેમજ મંદિરની ખેતીવાડી મારા ગુરુભાઈ મુનિવલ્લભ સ્વામી સંભાળી રહ્યા છે. તો આ સ્થાન પણ પ્રસાદીનું છે અને એ પ્રસાદીનો કૂવો પણ ગૌશાળાની બહાર છે, માટે દર્શન કરવા જવું.



## (૬૧) શમી-પૂજન

**‘‘આવ્યો દસરા તણો દિન જ્યારે, શમી પૂજવા નીસર્યા ત્યારે.**
**ભલું ધારુ તળાવ જે ઠામ, આજ છે જેનું ગોમતી નામ;**
**હાલ છત્રી કરાવી છે જ્યાંય, શ્રીજી ને સંત જૈ બેઠા ત્યાંય.**
**ખૂબ કાઠીયે ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડા;**
**જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં એમ દેખાય.**
**હતો ખીજડો ઉત્તર માંય, પૂજવાને પ્રભુ ગયા ત્યાંય;**
**ગોર ડાયા મેતા વનમાળી, તેણે પૂજા કરાવી રૂપાળી.**
**— શ્રીહરિલીલામૃત ક.૭, વિ.૪૮**



હે ભક્તો ! આસો સુદ દશેરા એટલે ‘વિજયાદશમી’. આ દિવસે શ્રીરામભગવાને રાવણને માર્યો હતો. તેમજ પાંડવોએ વિરાટ નગરીમાં એક વર્ષ ગુપ્ત રહેવા માટે સ્મશાનમાં જઈ ખીઝડા ઉપર પોતાનાં શસ્ત્રો રાખ્યાં હતાં અને એક વર્ષ પુરું થયું એટલે વિજયાદશમીના દિવસે જ ખીઝડા પરથી પોતાનાં શસ્ત્રો ઉતારી થેંક્યુંના રૂપમાં ખીઝડાનું પૂજન કર્યું હતું અને પોતાનાં શસ્ત્રોનું પણ પૂજન કર્યું હતું.

હે ભક્તો ! ક્ષત્રિયોમાં શસ્ત્ર પૂજન અને ઘોડા દોડાવવાની પરંપરા પાંચ હજાર વર્ષથી ચાલી આવે છે, એટલે કાઠીઓને રાજી રાખવા માટે અને શસ્ત્ર પૂજનની પરંપરાને જીવંત રાખવા માટે શ્રીહરિજી મહારાજ દર વર્ષે ખીઝડા પૂજન કરવા જતા હતા.

હે ભક્તો ! વડતાલમાં પણ શ્રીહરિજી જ્યારે જ્યારે દશેરા ઉપર હતા, ત્યારે ત્યારે શમી (ખીઝડા) પૂજન કરવા ગોમતી કિનારે આવતા હતા. એ નિયમ મુજબ મહારાજ મંદિરમાંથી ઢોલ-ત્રાસા વગેરે વાજીંત્રો સાથે શોભાયાત્રા કાઢીને ગોમતી કિનારે પધાર્યા અને ત્યાં ખીઝડો હતો તેનું વેદોક્ત વિધિથી બ્રાહ્મણોએ પૂજન કરાવ્યું અને મહારાજે પૂજન કર્યું. એ સમયે કાઠી ભક્તોએ ખૂબ ઘોડાં ખેલાવ્યાં અને મહારાજને રાજી કર્યા. આ સ્થળે હાલમાં છત્રી કરેલ છે, માટે ત્યાં જઈ મહારાજની સ્મૃતિ સાથે દર્શન કરવા.

## (૬૨) ગોમતીજી વચ્ચે છત્રી



**''મધ્ય ભાગ તલાવનો જ્યાંય, ઝાડ કોઠી તણું હતું ત્યાંય;**
**તહાં જે બેસતા ઘનશ્યામ, જોતા ખોદ્યાનું ચાલે તે કામ.**
**તેહ જગ્યાનું માહાત્મ્ય જાણી, અતિ અંતરમાં મુદ આણી;**
**ભગવત્પ્રસાદે ભલી રીતે, એક ઓટો કરાવ્યો છે પ્રીતે.**
**— શ્રીહરિલીલામૃત ક.૧, વિ.૧૯**

હે ભક્તો ! આજે ગોમતીજીની વચ્ચે જે મોટી છત્રી છે, ત્યાં નીલકંઠવર્ણીની મૂર્તિ દર્શન માટે મૂકેલી છે. હાલમાં ત્યાં સુધી ચાલીને જવાય છે. એ સગવડ તો હમણા થોડાં વર્ષો પહેલાં જ કરવામાં આવી છે, પણ એ પહેલાં ત્યાં એક ચોરસ ઓટો હતો અને તરવૈયા સંતો-ભક્તો તરીને ત્યાં વચ્ચે જઈને બેસતા. એ ઓટાનો ઈતિહાસ જણાવું છું.

હે ભક્તો ! ગોમતીજીને ખોદવાનું કામ જ્યારે ચાલતું હતું ત્યારે સ્વયં સ્વામિનારાયણ ભગવાન ગોમતીજી વચ્ચે જતા અને ત્યાં બેસીને જે જે સંતો-ભક્તો, બહેનો-ભાઈઓ ગોમતીજીમાં સેવા કરતા તેને જોતા અને રાજી થતા.

હે ભક્તો ! એ જગ્યાએ એટલે કે ગોમતીજીની વચ્ચે કોઠીનું એક મોટું ઝાડ હતું. તેની છાયામાં બેસી શ્રીજી મહારાજ ગોમતીજીની ચારેતરફ નિરીક્ષણ કરીને જે જે સુચનો કરવાના હોય તે તે કરતા.

હે ભક્તો ! ગોમતી તળાવ ગાળવા માટે રાત્રે દેવતાઓ પણ આવતા અને દિવસે સંતો અને સત્સંગીઓ સેવા કરતા, એને કારણે ધારુ તળાવ હતું એ વિશાળ ગોમતી સરોવરમાં પરિવર્તન થઈ ગયું અને આજે એમાં ઉત્સવ-સમૈયા વખતે હજારો નરનારીઓ સ્નાન કરી રાજી થાય છે.

હે ભક્તો ! હાલમાં જે ગોમતીજી વચ્ચે છત્રી છે, તે અતિ પ્રસાદીની છે. તેનો મહિમા જાણીને બીજા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ત્યાં ઓટો કરાવ્યો હતો. અને થોડાં વર્ષો પહેલાં વડતાલ મંદિરના તત્કાલીન ચેરમેન સ.ગુ. શા. ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - લોયાધામ મારા ગુરુશ્રી તથા તે સમયના મુખ્ય કોઠારી સ.ગુ. શા. નીલકંઠચરણદાસજી સ્વામીની પ્રેરણાથી તેઓના શિષ્ય આ.કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામીએ ગોમતીજીને વધારે ઊંડાં કરી, તે ઓટાની જગ્યાએ મોટી છત્રી કરી છે. અને ત્યાં જઈ શકાય એ માટેનો રસ્તો પણ કરેલ છે. અત્યારે ત્યાં દર્શન કરવા માટે ઘણાં નરનારીઓ ચાલતા-ચાલતા જાય છે, માટે ત્યાં પણ દર્શન કરવા જવું.



## (૬૩) ગોમતીજી કિનારેનાં વચનામૃતો



હે ભક્તો ! વચનામૃત એ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના કરુણાસભર સંકલ્પથી પ્રવાહિત થયેલું ઝરણું છે. સમુદ્રમંથનના સારરૂપે પ્રાપ્ત થયેલા અમૃત સમાન સર્વ શાસ્ત્રોના દોહનરૂપે પ્રાપ્ત થયેલું નવનીત (માખણ) છે. સર્વ શાસ્ત્રોનાં સારરૂપ વચનામૃતો કદી ન કરમાય એવા મઘમઘતાં ફૂલો છે.

હે ભક્તો ! ગુરુ શિષ્યોની નિર્દોષ અને નિખાલસ સંવાદ સેતુથી સર્જાયેલી ઔપનિષદી પ્રશ્નોત્તર શૈલી એ વચનામૃતની આગવી વિશિષ્ટતા છે. આ ગ્રંથમાં મુમુક્ષુની યોગ્યતા અને પાત્રતા અનુસાર કામ, ક્રોધ, લોભાદિક અંતઃશત્રુના નિવારણના સુંદર, સરળ અને સચોટ ઉપાયો બતાવી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપી મંગલ ચતુષ્ટયની સિદ્ધિના ઉપાયો પણ બતાવ્યા છે.

હે ભક્તો ! મુમુક્ષુઓને અધ્યાત્મ પથ પર આવતા તમામ પ્રશ્નોના સમાધાનની જડીબુટ્ટી એટલે વચનામૃત. મુમુક્ષુ દશામાંથી મુક્તભાવની પ્રાપ્તિ કરાવનાર અનુપમ અને અણમોલ આ વચનામૃત ગ્રંથ પતિતને પાવન, સાધકને સિદ્ધ, મુમુક્ષુને મુક્ત અને જીવને બ્રહ્મ બનાવનારો ગ્રંથ છે, માટે આ ગ્રંથનો અવશ્ય અભ્યાસ કરવો અને સમજણ દૃઢ કરી મહારાજની સ્વરૂપ નિષ્ઠા પાકી જાણવી.

હે ભક્તો ! વરતાલનાં ૨૦ વચનામૃતમાં ગોમતીજી કિનારે આવેલાં આંબાવાડિયાંનાં ત્રણ વચનામૃત છે. પહેલું વચનામૃત ત્યાંનું છે. આ વચનામૃત નિર્વિકલ્પ સમાધિનું છે. તેના મુખ્ય મુદ્દા (૧) અષ્ટાંગયોગની સમાધિ કરતાં પણ નિર્વિકલ્પ નિશ્ચયરૂપી સમાધિ શ્રેષ્ઠ છે. (૨) ભગવાનના ભક્તે મન સાથે જરૂર વેર બાંધવું, તેમાં તેનું જરૂર સારું થશે.

હે ભક્તો ! વડતાલનું બીજું વચનામૃત પણ આંબાવાડિયાંનું છે. આ વચનામૃત ચાર શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યાનું છે. તેમજ વરતાલનું પાંચમું વચનામૃત પણ આંબાવાડિયાંનું છે. આ વચનામૃત ભગવાનમાં માયા ન સમજવાનું તથા ભગવાન અને તેના પવિત્ર સંતો-ભક્તોની સરખી સેવા કરવાનું છે.

હે ભક્તો ! આવાં સુંદર વચનામૃતો આ આંબાવાડિયામાં મહારાજે સમજાવેલાં છે. તે જગ્યાએ પણ સુંદર કલાત્મક મોટી છત્રી બનાવવામાં આવેલ છે; માટે ત્યાં જઈને તે સ્થાનનાં દર્શન કરી ત્યાં કહેલાં વચનામૃતો વાંચવા અથવા તેની સ્મૃતિ કરવી.

## (૬૪) કેદારેશ્વર મહાદેવજી



હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને મહાદેવનાં દર્શન અનેક સ્થાનોમાં કરેલાં છે. શ્રીહરિજી સત્સંગ વિચરણ દરમ્યાન જેટલાં સ્થાનોમાં પધાર્યા હતા. અને ત્યાં ત્યાં સ્થાનોમાં દર્શન કરેલાં હતાં. તેની ગણના કરવામાં આવે તો સૌથી વધારે દેવોમાં અને દેવીઓમાં જો કોઈ વધારે પ્રસાદીના દેવ હોય તો તે મહાદેવ છે. અનેક તીર્થોમાં અને ગામડાંઓમાં સૌથી વધારે વાર દર્શન કરવા શ્રીજી મહારાજ મહાદેવનાં મંદિરોમાં ગયેલા છે. એનું કારણ સમજાવતા પ્રભુ લોયાના પહેલાં જ વચનામૃતમાં કહે છે કે, '' .....શિવજી તો ત્યાગી છે ને યોગી છે ને ભગવાનના મોટા ભક્ત છે, માટે શિવને માનીએ છીએ.''

હે ભક્તો ! આવા કારણોને લીધે શ્રીહરિજી મહારાજ જ્યારે વડતાલમાં પધારેલા ત્યારે જ્ઞાનબાગની સામે, તળાવને કિનારે કેદારેશ્વર મહાદેવનું મંદિર છે, ત્યાં પધાર્યા હતાં. ત્યાં મહાપ્રભુ શ્રીહરિજીએ મહાદેવનું પૂજન કરેલ છે, તેથી તે મહાદેવ પ્રસાદીના કહેવાય છે, માટે તે મહાદેવનાં દર્શન કરવા જરૂર જવું; કારણ કે આ મહાદેવનાં દર્શન કરનારાઓને હિમાલયમાં આવેલ કેદારનાથનાં દર્શન કર્યા તૂલ્ય ફળ મળે છે.



## (૬૫) ગોમતીજીના સામે કિનારેની છત્રી



હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને વન-વિચરણ દરમ્યાન એવી કોઈ નદી બાકી નહિ રાખી હોય કે, જેમાં તેઓએ સ્નાન ન કર્યું હોય ! ગુજરાતમાં આવીને સ્થાયી થયા પછીય પણ સત્સંગ વિચરણમાં જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં જો નદી, સરોવર કે તળાવ, વાવ-કૂવા કે તલાવડી જુએ એટલે સવારી રોકી દેતા અને સંતો-ભક્તો સાથે સ્નાન કરી લેતા. વધારે સમય હોય તો સામાન્ય મનુષ્યની જેમ જ ડૂબકી દાવ અને પાટુડી દાવ જેવી પાણીની રમતો રમતા હતા.

હે ભક્તો ! શ્રીહરિજીએ અનેકાનેક સ્થળે સ્નાન કર્યું એની પાછળ અધ્યાત્મ છૂપાયેલું છે. મહારાજ સ્નાન કરીને તે નદી વગેરેને તીર્થ બનાવતા. પછી એ પ્રસાદીના જળમાં સ્નાન કરનારાઓનાં જીવન પણ અધ્યાત્મલક્ષી બની જતા.



હે ભક્તો ! ગોમતીજીના સામે કાંઠે કદંબનું મોટું વૃક્ષ હતું. તેની ઉપર ચડીને શ્રીહરિજી ગોમતીજીમાં બહુ ધુબકા મારીને જળક્રીડા કરતા હતા. વડતાલધામમાં આવેલ ગોમતીજીને વિશેષ તીર્થત્વ આપવા માટે અને સંતો-ભક્તોને રાજી રાખવા માટે શ્રીહરિજીએ અનેકવાર ગોમતીજીમાં સ્નાન કરેલ છે અને બહુ સમય સુધી જળક્રીડાઓ પણ કરેલ છે. ગોમતજીમાં જળક્રીડા કર્યા પછી શ્રીહરિજી જે સ્થાને વિસામો લેતા એ સ્થાને પ્રસાદીની નકશીકામની છત્રી કરેલ છે અને ત્યાં ચરણારવિંદ પધરાવેલ છે. માટે ગોમતીજીએ જવાનું થાય ત્યારે તે સ્થાને દર્શન કરવા જવું.

## (૬૬) ગોમતીજી કિનારે ઓટો



હે ભક્તો ! ગોમતીજીના ઉત્તર કિનારે પાણીની ટાંકી પાસે એક મોટું આંબાનું ઝાડ હતું. ત્યાં શ્રીહરિજી ઘણીવાર સભા કરીને બેસતા હતા. ગોમતીજી ગાળવાનું કામ જ્યારે ચાલતું ત્યારે આ આંબા નીચે શ્રીહરિજી સેવા કરનારાઓ સંતો અને હરિભક્તોને ભેટતા હતા અને પ્રસાદ આપતા હતા.

હે ભક્તો ! તે આંબાની નીચે બેસીને શ્રીજી મહારાજ ઘણીવાર જમેલા છે અને સેવા કરનારાઓને પોતાના થાળની પ્રસાદી આપેલ છે. આ આંબાની બાજુમાં એક કૂવો હતો. તેના જળથી શ્રીહરિજીએ ઘણીવાર સ્નાન કરેલ છે. તેમજ સંતો-ભક્તો સાથે પ્રશ્નોત્તરી પણ કરેલ છે. આ સ્થળની સ્મૃતિ કાયમ માટે જળવાઈ રહે એ માટે આ જગ્યાએ ઓટો બનાવી શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવવામાં આવેલ છે, માટે એનાં દર્શન કરવાં જરૂર જવું જોઈએ.



## (૬૭) રઘુવીર બાગ - (વાડી)




હે ભક્તો ! ગોમતીના પશ્ચિમ કિનારે રઘુવીરબાગ આવેલ છે. તે અત્યારે ‘રઘુવીર વાડી’ તરીકે ઓળખાય છે. તે જગ્યાએ જોબનપગી વગેરેના ખેતરો હતાં. તે બધાં જ ખેતરો શ્રીહરિજીએ ફરીને પ્રસાદીનાં કરેલ છે. બગીચાથી આથમણી બાજુ એક કૂવો છે, ત્યાંથી પૂર્વ દિશામાં એક મોટો આંબો હતો. ત્યાં વરીયાળી બાઈએ હિન્દુસ્તાની રસોઈ બનાવી શ્રીહરિજીને જમાડ્યા હતા.

હે ભક્તો ! રઘુવીર બાગમાં એક આમળીનું ઝાડ હતું. અહીં જેતલપુરનાં ગંગામાએ થાળ બનાવીને શ્રીજી મહારાજને અનેકવાર જમાડ્યા છે. તેમજ તેની નીચે બેસીને શ્રીહરિજીએ જ્ઞાન સંબંધી વાતો કરેલ છે. આ પવિત્ર સ્થાનમાં પ્રસાદીનો ઓટો કરવામાં આવેલ છે, માટે દર્શન કરવાં જરૂર જવું જોઈએ.

## (૬૮) વાંદરાઓ પાસે માળા ફેરવાવી



**‘‘ના’વા ધારુ સરે જવા કાજે, ઉર ઈચ્છા કરી મહારાજે;**
**અતિ સારી સજી અસવારી, ચાલ્યા ધારુ સરે ગિરધારી.**
**કરી સ્નાન દીધાં બહુ દાન, સભા પાળે સજી ભગવાન;**
**જહાં બેઠક છે ભલી આજ, બિરાજ્યા તહાં શ્રીમહારાજ.**
**આવ્યો વાંદરો એક એ ટાણે, ઠેકી ઝાડે ચડ્યો તે ઠેકાણે;**
**કાઠિયો તેનું જોઈ વદન, બોલવા લાગ્યા મર્મ વચન.**
**રામચંદ્ર પાસે હનુમાન, નળ નીલ હશે આ સમાન;**
**પણ રાક્ષસ સાથે તે વાર, લડ્યા હાથે ધરી હથિયાર.’’**
**— શ્રીહરિલીલામૃત ક.૮, વિ.૫**

હે ભક્તો ! ગોમતીજી દ્વારિકાથી વડતાલ પધાર્યા ન હતા ત્યારનો આ પ્રસંગ છે. ત્યારે એનું નામ ધારુ તળાવ હતું. એક દિવસ સંતો અને ભક્તો સાથે શ્રીહરિજી ધારુ તળાવ સ્નાન કરવા પધાર્યા. નાહીને મહારાજે ગરીબોને દાન આપ્યાં અને તળાવની કાંઠે ઝાડ નીચે સભા કરી જ્ઞાન-વાર્તા કરવા લાગ્યા. એ સમયે એક વાંદરો ત્યાં આવ્યો અને છલાંગ લગાવી ઝાડ પર ચડી ગયો. ત્યારે એને જોઈ કાઠીઓ મર્મમાં કહેવા લાગ્યા: ‘‘શ્રીરામ સાથે લંકામાં યુદ્ધ કરવા ગયેલા વાંદરાઓ આવડા હશે ? હનુમાનજી, નળ, નીલ અને સુગ્રીવ વગેરે, મોટા મોટા રાક્ષસો સાથે લડ્યા હતા, એનું કેમ સમજવું ?’’

હે ભક્તો ! કાઠીઓએ પછી આ વાત શ્રીહરિજીને પૂછી. ત્યારે મહારાજ કહે: ‘‘એ સમયના વાંદરાઓ તો જાતિએ કરીને આવા વાંદરા જેવા જ હતા, પણ એમનામાં જે યુદ્ધ કરવાની તાકાત આવી તે તો ભગવાનની ઈચ્છાથી જ આવી હતી.’’ ત્યારે કાઠીઓ કહે: ‘‘મહારાજ ! આ વાંદરાને બોલાવો અને એની પાસે કાંઈ વિશેષ કરાવો તો અમને ખાત્રી થઈ જાય.’’

હે ભક્તો ! તે સમયે શ્રીહરિજીએ હાથની આંગળી ઉંચી કરી વાંદરાને ઈશારો કરી બોલાવ્યો. તુરંત તે મહારાજ પાસે આવ્યો. તેથી પ્રભુએ તેને માળા આપી.

**‘‘માળા આપી તેને કૃપાનાથે, લઈ ફેરવવા લાગ્યો હાથે;**
**વળી રામ કથાની ચોપાઈ, બોલવા લાગ્યો તે ગાઈ ગાઈ.’’**

હે ભક્તો ! પછી કાઠીઓના કહેવાથી શ્રીહરિજીએ વાંદરા સામું જોયું, તુરંત તેનું શરીર મોટા પર્વત જેવડું થઈ ગયું ! અને હાથમાં મોટો પર્વત ઉપાડીને તે આકાશમાં અદૃશ્ય થઈ ગયો. આ સ્થાને હાલ પ્રસાદીની મોટી છત્રી કરવામાં આવેલ છે, માટે દર્શન કરવા જવું.



## (૬૯) પ્રસાદીની બ્રાહ્મી વનસ્પતિ



હે ભક્તો ! યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ જેમ સારંગપુરમાં હનુમાનજી મહારાજ પધરાવ્યા છે તેમ વડતાલધામમાં પણ સ્વામીએ રઘુવીર વાડીમાં બ્રાહ્મી નામની વનસ્પતિ વાવી આપી હતી. કોઈપણ વ્યક્તિને મગજની બીમારી હોય અને તે વડતાલ મંદિરે આવી યથાશક્તિ દક્ષિણાની પહોંચ લઈ રઘુવીર વાડીએ જઈ બ્રાહ્મી લઈ મગજના રોગીને ખવડાવતા તો સ્વામીના આશીર્વાદથી તેને સારું થઈ જતું ! આવો પ્રતાપ સ્વામીએ તે બ્રાહ્મીમાં મૂકેલ હતો. પરંતુ ખેદ સાથે લખવું પડે છે કે હાલમાં ત્યાં બ્રાહ્મી નથી.

## (૭૦) આચાર્યશ્રી સ્મૃતિ મંદિર

હે ભક્તો ! હાલમાં ગૌશાળા સામે આચાર્યશ્રી સ્મૃતિ મંદિર આવેલ છે. ત્યાં પ્રથમ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર કર્યો હતો. તેની સ્મૃતિ માટે ત્યાં મંદિર જેવું સ્મારક બનાવવામાં આવેલ છે. આ સ્થાને દરેક આચાર્યશ્રીઓનો અગ્નિસંસ્કાર કરવામાં આવે છે.



## (૭૧) ઉપસંહાર

**''હરિવર વરતાલમાં વસીને, નિજજનના મનમાં બહુ ઠસીને;**
**અદભૂત સુખ સર્વનેય આપ્યાં, અજ હર આદિ થકી ન જાય માપ્યાં.**
**પરમ પુનિત પૃથ્વી પૃથ્વિપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ;**
**પુનિત સુપુરી સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય.**
**ગઢપુર વરતાલ ધામ કેવાં, શરીર વિષે શુભ નેત્ર જોડ જેવાં;**
**નજર કરી જુવો વિરાટ માંહિ, અવર ન એહ સમાન ધામ ક્યાંહી.**
**પ્રભુપદ પરચ્યા વિનાનું ક્યાંઈ, નથી ઘર તો વરતાલ ગામમાંઈ;**
**પણ ઘર અતિ મુખ્ય તે ગણાવ્યાં, સ્મૃતિ અનુસાર સનેહથી સુણાવ્યાં.''**

**– શ્રીહરિલીલામૃત**

હે વહાલા સંતો-ભક્તો ! વડતાલધામનો મહિમા અને ઈતિહાસ યથાર્થ કોઈ લખી શકે તેમ નથી, તો પછી હું શું લખી શકું ? મેં મારી મતિ પ્રમાણે જેવું આવડ્યું અને જેવું મને સમજાયું તે પ્રમાણે મહારાજના ગુણલા ગાયા છે અને લખ્યું છે, માટે આ પુસ્તક વાંચીને સૌ સંતો-ભક્તો મારા ઉપર રાજી રહેજો. અંતમાં એટલું કહીને વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણદેવને આ મારી શબ્દોરૂપી વાણી સમર્પિત કરી લેખનકાર્યને વિરામ આપું છું.

**લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ : કંડારી ગુરુકુળ - હાલ : વડતાલધામ**

**ગુરુવર્ય : સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

**'કોઠારી શ્રી વડતાલ સંસ્થાન'**

લેખન શરૂઆત : વિ.સં. ૨૦૭૫ શ્રાવણ સુદ-પાંચમ

લેખન સમાપ્ત : વિ.સં. ૨૦૭૫ શ્રાવણ સુદ-એકાદશી

તારીખ : ૫-૮-૨૦૧૯ થી તારીખ ૧૧-૮-૨૦૧૯



## સંદર્ભ ગ્રંથસૂચિ


| | | |
|---|---|---|
| ૧. | વચનામૃત..... | શ્રીજી મહારાજની પરાવાણી |
| ૨. | ભક્ત ચિંતામણિ..... | સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી |
| ૩. | સત્સંગિજીવન..... | સદ્‌ગુરુ શતાનંદ સ્વામી |
| ૪. | નિષ્કુળાનંદ કાવ્ય..... | સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી |
| ૫. | અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો..... | સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદ સ્વામી |
| ૬. | શ્રીહરિલીલાકલ્પતરુ..... | સદ્‌ગુરુ અચિંત્યાનંદ બ્રહ્મચારીજી |
| ૭. | શ્રીહરિલીલામૃત..... | આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ |
| ૮. | ભક્ત-આખ્યાન..... | સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામી |
| ૯. | વડતાલ માહાત્મ્ય..... | શાસ્ત્રી કેશવપ્રસાદદાસજી સ્વામી |
| ૧૦. | વડતાલધામ સંદર્ભ..... | પ્રોફેસર હરેન્દ્ર ભટ્ટ |

# બ્રહ્મસ્વરૂપ સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | | ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ | (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ | (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ | (૧૩) | આત્મ બોધ | ઈ.સ. ૨૦૧૨ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ | (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૫) | જીવન-યાત્રા | ઈ.સ. ૨૦૦૪ | (૧૫) | કૃપા-મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ | (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ | (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ | (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ | (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ | (૨૦) | આપણું વડતાલધામ | ઈ.સ. ૨૦૧૯ |



## શ્રીજી મહારાજના પ્રસાદીના દર્શનીય સ્થળ મંદિર પરિસર


મુખ્ય મંદિર


હરિમંડપ (શિક્ષાપત્રી ભૂવન)


રામપ્રતાપભાઈનો બંગલો


નંદસંતોની ધર્મશાળા


આચાર્ય સ્થાપન છત્રી


ગાદીવાળો મેડો


વચનામૃત પ્રબોધન છત્રી


સભામંડપ


અક્ષરભૂવન


શ્રી ગણપતિજી શ્રી હનુમાનજી


જ્ઞાનકુપ


બુરજ

## વડતાલ ફરતા શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો


જ્ઞાનબાગ


ગોમતી તળાવ


સભાની છત્રી (ગોમતીજી)


સમી પૂજનની છત્રી (ગોમતીજી)


નારાયણ કુપ નારાયણ બાગ


ગંગામાનો ઓરડો (ગૌશાળા પાસે)


આંબાનો ઓટો (ગોમતીજી)


ગંગાજળીયો કુવો


વડેઉ માતાજી


જોબનપગીની મેડી


ઘેલા હનુમાનજી


કેદારેશ્વર મહાદેવ


સોનાર કુઈ


ગોપી તળાવડી


ખોડીયાર માતાજી


ટાડણ તળાવ


ધના તળાવ


સુંદરપગીનો કુવો



-: પ્રકાશક :-


વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

પીન. - ૩૮૭૩૭૫.



(0268) 2589728, 2589776

vadtaldhamvikas@gmail.com

www.vadtalmandir.org



ISBN 978-81-940549-4-8